ICE®

# MIRACLES

EXCLUSIVE FOR GPSC


(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 11 | 16 to 30 Sept - 2020




PAGE 27

## RAISE - 2020




PAGE 32

## VAIBHAV સમિટ




PAGE 32

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

INDEX


## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1

- રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ, 2020...1
- સંસદ સભ્યોના પગાર, ભથ્થાં અને પેન્શન (સુધારા) બિલ, 2020 લોકસભામાં પસાર...1
- આવશ્યક ચીજવસ્તુ (સુધારા) બિલ, 2020ને મંજૂરી...2
- વિમાન (સુધારા) બિલ, 2020 સંસદમાં પસાર...2
- આયુર્વેદ અધ્યાપન અને સંશોધન સંસ્થા બિલ, 2020...2
- હરીવંશ નારાયણસિંહ ફરી એકવાર રાજ્યસભાના ઉપાધ્યક્ષ...3
- વીજળી (ગ્રાહકોના હક) નિયમ, 2020 પર ડ્રાફ્ટ...3
- બ્લુ ફ્લેગ પ્રોગ્રામ...3
- વિદેશી યોગદાન (નિયમન) સુધારણા બિલ, 2020...4
- ધ્વનિ મત અને અવિશ્વાસ પ્રસ્તાવ...4
- ગૃહમાંથી સાંસદો સસ્પેન્ડ...5
- પ્રવર સમિતિની ભૂમિકા અને મર્યાદા...5
- નેટ ન્યુટ્રાલિટી...6
- રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)...6
- રાષ્ટ્રીય તબીબી આયોગ(NMC)...6
- રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)...7

## 2. અર્થતંત્ર...8

- RBI દ્વારા રૂપિયાના વ્યાજ દર ડેરિવેટિવ્ઝ પર ડ્રાફ્ટ...8
- બેંકિંગ નિયમન (સુધારા) બિલ, 2020...8
- લોકસભામાં કૃષિ બિલ પસાર...8
- રૂલ્સ ઓફ ઓરીજન...10
- નવ હાઇવે પ્રોજેક્ટની શરૂઆત...11
- ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020...11
- બેસલ-III સુસંગત બોન્ડસ(BASEL 3 Compliant Bonds)...12
- CAROTAR-2020 નિયમો...12
- IFSCA સમિતિનો રીપોર્ટ...12
- રવી પાક માટે MSPમાં વધારો...13
- સરકારી જામીનગીરી...14
- ઈંફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેંટ ટ્રસ્ટ...14
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય...15
- વિશ્વ સમુદ્રી દિવસ...15
- MSME ક્ષેત્રને પુન:જીવિત કરવા પાંચ ટાસ્ક ફોર્સનુ ગઠન...15
- ફેસલેસ આવકવેરા અપીલ...16
- રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)...16
- નવી સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020 (DAP, 2020)...16
- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ દ્વારા બેંકો માટે ધિરાણની મર્યાદામાં વધારો...17
- ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો માટે પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન યોજના...17
- ભાગેડુ આર્થિક ગુનેગાર (FEO-Fugitive Economic Offenders)...18
- વોડાફોન કર વિવાદ...18

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ...20

- ઈઝરાયેલ - સંયુક્ત આરબ અમીરાત (UAE) - બહેરીન અને અબ્રાહમ એકોડ...20
- જીબુતી આચારસંહિતા...20
- સિંધુ જળ સંધિ(IWT)...21
- બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક...21
- ભારત-માલદીવ વચ્ચે પ્રત્યક્ષ કાર્ગો ફેરી સર્વિસ...22
- સાર્ક વિદેશ મંત્રીઓની ઔપચારીક બેઠક અને


INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારત.............................................22
- JIMEX-2020......................................23
- નાગોર્નો-કારાબાખ પ્રદેશ..........................23
- CICA અને સાર્ક બેઠક............................23
- ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ (GCTC) ............................................23
- ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ.........................24

## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....26

- બાયોટેક-એગ્રિકલ્ચરલ ઇનોવેશન સાયન્સ એપ્લિકેશન નેટવર્ક...............................26
- 'અભ્યાસ'(ABHYAS)...........................26
- તબીબી ઉપકરણ પાર્ક..............................26
- બ્રુસેલા એબોર્ટસ S19 પ્રતિ રસી...................26
- RAISE-2020.........................................27
- નેનોજેટ.............................................27
- નાસાનો આર્ટેમિસ કાર્યક્રમ.........................28
- હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનો માટે નવા મુલ્યાંકન ધોરણ...........................................28
- હિમાલયન ચંદ્ર ટેલિસ્કોપ...........................28

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........29

- પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY)...........................................29
- AICTE વિશ્વેશ્વરૈયા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-2020.........................................29
- IMPACT, 2020...................................29
- સ્ટાર્ટઅપ સંબંધિત અહેવાલ.........................30
- અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના........30
- એકિકૃત કાપડ પાર્ક યોજના.......................31
- સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ..............31
- સમર્થ યોજના......................................31
- VAIBHAV સમિટ.................................32
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના.................32
- યુવા(YuWaah): યુવા કૌશલ્ય પહેલ..........32
- સરકારી શાળાઓમાં શૌચાલય પર CAGનો રીપોર્ટ.............................................32
- વર્લ્ડ રિસ્ક ઇન્ડેક્સ(WRI), 2020..............33
- જ્ઞાનપીઠ એવોર્ડ-2019............................34
- FAME INDIA યોજના..........................34
- દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના(DDU-GKY)...............................35
- ઉમંગ એપ્લિકેશન પર નવી સેવાઓ............35
- માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય ભાગીદારી(PMNCH)...........................35
- મહિલા અને અનુસુચિત જાતિ વિરુદ્ધ ગુનાઓમાં વધારો.................................36

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ...........................38

- પ્રમાણિત સાપ મેનેજર..............................38
- 25મું સોલર ચક્ર...................................38
- જમીનનું ધોવાણ ઘટાડવા માટે વૈશ્વિક પહેલ...38
- પશ્ચિમી ઘાટમાં કલિંગ ફ્રોગ........................39
- બીચ એન્વાયર્નમેન્ટ એન્ડ એસ્થેટિક્સ મેનેજમેન્ટ સર્વિસીસ(BEAMS) પ્રોગ્રામ.....................39
- આર્સેનિક પ્રભાવિત વસ્તીમાં વધારો............40
- પર્યાવરણીય પ્રદૂષણ(નિવારણ અને નિયંત્રણ) ઓથોરિટી.........................................40
- પ્લાસ્ટિક પાર્ક.....................................41
- ન્યુ ગિની : વિશ્વનું સૌથી ઊંચુ વનસ્પતિ વિવિધતા હોટસ્પોટ.........................................41
- લુસર પરિતંત્રના વિનાશનો ભય.................41
- હાઇડ્રોજન-સમૃદ્ધ કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (HCNG)............................................42

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......43

- હાઇફા દિવસ.......................................43
- ભગતસિંહ..........................................43
- હડપ્પન સંસ્કૃતિની શોધની શતાબ્દી નિમિત્તે વ્યાખ્યાન શ્રેણી........................................43



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..............................44


- એન્ટિ સેટેલાઇટ મિસાઇલ (A-SAT) પર પોસ્ટેજ સ્ટેમ્પ..............................................44
- હરિકેન સૈલી......................................44
- હરિયાણા ઓર્બીટલ રેલ કોરિડોર પ્રોજેક્ટ.....44
- આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ...................44
- વિશ્વ ઓઝોન દિવસ...............................45
- ક્રમિક અંતરાલ અને કોવિડ-19................45
- કોસી રેલ મહાસેત.................................45
- 'ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકોના વિકાસ' પર વેબિનાર........................................45
- કપિલા વાત્સ્યાયન................................46
- રાજેશ ખુલ્લર.......................................46
- એર બબલ...........................................46
- વિશ્વ દર્દી સલામતી દિવસ......................46
- વિશ્વ વાંસ દિવસ.................................47
- વિશ્વ દર્દી સલામતી દિવસ......................47
- આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ.......................47
- અનિલ ઘસ્માના રાષ્ટ્રીય તકનીકી સંશોધન સંસ્થાના વડા તરીકે નિયુક્ત....................47
- સાયનોબેક્ટેરિયાથી બોત્સ્વાનામાં 330 હાથીનાં મોત...............................................47
- ડેસ્ટિનેશન નોર્થ-ઈસ્ટ, 2020....................48
- વિશ્વ ગેંડા દિવસ ................................48
- શિવાંગીસિંહ........................................48
- રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ......................48
- એસ.પી. બાલાસુબ્રમણ્યમ.........................49
- 'ફ્રાઈડેસ ફોર ફ્યુચર' દ્વારા વિરોધ પ્રદર્શન.....49
- આંતરાષ્ટ્રીય પરમાણુ શસ્ત્ર સંપૂર્ણ નાબુદી દિવસ..............................................49
- બિન-સંક્રમિત રોગોના નિયંત્રણમાં કેરળને UNIATF એવોર્ડ..................................50
- મીઠાઈ ઉત્પાદનો પર 'બેસ્ટ બિફોર ડેટ' દર્શાવવી આવશ્યક..........................................50
- વિશ્વ પર્યટન દિવસ.................................50
- શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ....................51
- રેડિયો શાળા.......................................51
- હાઈયાંગ-2C........................................51
- ટાઇમ મેગેઝિન: 100 પ્રભાવશાળી લોકોની યાદી................................................51
- કેટ કયુ વાયરસ....................................51
- ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન પ્લેયર ઓફ ધ યર.................................................52
- ડો.પી.ડી.વાઘેલા.................................52
- મહારાષ્ટ્રના વન અધિકાર કાયદામાં સુધારો...52
- શેખર કપૂર.........................................53
- વિશ્વ હૃદય દિવસ.................................53
- વિશ્વ હડકવા દિવસ...............................53


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ, 2020

➤ સંસદના વર્તમાન સત્રમાં આ ખરડો રજૂ કરવાની દરખાસ્ત છે. તેનો હેતુ દિલ્હી સરકાર અને ઉપરાજયપાલની સત્તાઓ અને કાર્યોને લગતા 69માં બંધારણીય સુધારણા અધિનિયમ, 1991માં સુધારો કરવાનો છે.

### રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારો) બિલ, 2020ની મુખ્ય બાબતો

➤ આ બિલમાં મંત્રીપરિષદ અને ઉપરાજયપાલના કાર્યોને સ્પષ્ટ કરવા, ઉપરાજયપાલને વધુ વિવેકપૂર્ણ સત્તા આપવાની જોગવાઈ છે.

➤ જોગવાઈ મુજબ, ઉપરાજયપાલ, દિલ્હી વિધાનસભાની સત્તાની મર્યાદાની બહાર, અખિલ ભારતીય (નાગરિક) સેવા અને ભ્રષ્ટાચાર વિરોધી શાખાને લગતી કોઈપણ બાબતમાં તેમના વિવેકબુદ્ધિથી કાર્યવાહી કરી શકે છે.

➤ આ બિલ ઉપરાજયપાલને વધુ સત્તા આપે છે, જે અંતર્ગત વિવેકાનુસાર લીધેલ કોઈપણ નિર્ણયની માન્યતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવશે નહીં.

### દિલ્હીમાં હાલના વહીવટી તંત્ર અંતર્ગતની વ્યવસ્થા વિશે

➤ વર્ષ 1991માં 69માં બંધારણીય સુધારણા અધિનિયમ, 1991 દ્વારા બંધારણમાં અનુચ્છેદ–239AAનો ઉમેરો કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત એક વિધાનસભા સહિત દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશની રચના કરવામાં આવી હતી.

➤ આ મુજબ, કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ કહેવાશે અને અનુચ્છેદ–239 હેઠળ નિયુક્ત વહીવટકર્તાને ઉપરાજયપાલ(લેફ્ટનન્ટ ગવર્નર) તરીકે નિયુક્ત કરવામાં આવશે.

➤ હાલના કાયદા મુજબ, દિલ્હી વિધાનસભાને જાહેર હુકમ, પોલીસ અને જમીન સિવાય તમામ બાબતોમાં રાજ્ય યાદી અંતર્ગત કાયદાઓ બનાવવાની સત્તા છે.

### સંબંધિત વિવાદ

➤ અનુચ્છેદ–239 અને 239AAના સહ અસ્તિત્વને કારણે, દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર અને તેના પ્રતિનિધિ, ઉપરાજયપાલ વચ્ચે અધિકારક્ષેત્ર સંબંધિ વિવાદ થતો રહે છે.

➤ કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ, કેન્દ્રશાસિત પ્રદેશ હોવાને કારણે અનુચ્છેદ–239 ઉપરાજ્યપાલને તેમની મંત્રી પરિષદથી સ્વતંત્ર રીતે કાર્ય કરવાની શક્તિ આપે છે.

➤ જો કે, દિલ્હી રાજ્ય સરકારનું કહેવું છે કે બંધારણની અનુચ્છેદ–239AA, દિલ્હીને તેની કાયદાકીય રીતે ચૂંટાયેલી સરકાર તરીકે વિશેષ દરજ્જો આપે છે.

➤ આ બાબત રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ઉપરાજ્યપાલ અને રાજ્ય સરકારની વહીવટી સત્તા ઉપર વિવાદ ઊભો કરે છે.

### વિવાદ સંબંધે સુપ્રીમ કોર્ટનો નિર્ણય

➤ વર્ષ 2018માં સુપ્રીમ કોર્ટે સર્વાનુમતે ચુકાદો આપ્યો કે ઉપરાજયપાલ, દિલ્હી સરકારની 'સહાયતા અને સલાહ' દ્વારા બંધાયેલા છે અને બંનેએ એક બીજા સાથે સુમેળથી કામ કરવું જોઈએ.

### સુપ્રીમ કોર્ટના નિર્ણયમાં અસ્પષ્ટતા

**1) ઓવરલેપિંગ ક્ષેત્રો :-**

➤ સર્વોચ્ચ અદાલતે નક્કી કર્યું છે કે ઉપરાજયપાલ 'જમીન', 'જાહેર હુકમ' અને 'પોલીસ' સિવાય અન્ય વિષયો પર કેબિનેટની સહાયતા અને સલાહ પર પગલા લેવા માટે બંધાયેલા છે. જો કે, જાહેર હુકમનો ખૂબ વ્યાપક અર્થ છે, જે કાર્યકારી સત્તાઓને ઓવરલેપ કરે છે.

**2) અનુચ્છેદ-239AA પર સ્પષ્ટતાનો અભાવ :-**

➤ રાજ્ય સરકાર અને ઉપરાજયપાલ વચ્ચે કોઈ મતભેદ હોવાના કિસ્સામાં કોર્ટે પોતાના નિર્ણયમાં રાષ્ટ્રપતિને આ બાબતનો સંદર્ભ આપવાનો વિષય સ્પષ્ટ રીતે વર્ણવ્યો નથી.

**3) પરિભાષાઓની અસ્પષ્ટતા :-**

➤ રાષ્ટ્રપતિને કોઈ કેસ સંદર્ભિત કરવાની સ્થિતિમાં કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઉપરાજયપાલે સહકારી સંઘવાદ, બંધારણીય સંતુલન અને બંધારણીય શાસનના સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. જો કે, આ શબ્દો ખૂબ વ્યાપક અને ખુલ્લા છે. અને તેનુ અલગ–અલગ અર્થઘટન કરી શકાય છે.

## સંસદ સભ્યોના પગાર, ભથ્થાં અને પેન્શન (સુધારા) બિલ, 2020 લોકસભામાં પસાર

➤ સંસદ સભ્યોના પગાર, ભથ્થાં અને પેન્શન (સુધારા) બિલ, 2020માં નીચેના સુધારાઓ સૂચવવામાં આવ્યા છેઃ

1. સંસદ સભ્યોના પગાર, ભથ્થાં અને પેન્શન અધિનિયમ, 1954માં સુધારો કરીને સંસદના સભ્યોના નિર્ધારિત પગારમાં 30%નો ઘટાડો કરવો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

2. મંત્રીઓના પગાર અને ભથ્થા અધિનિયમ, 1952માં સુધારો કરીને મંત્રીઓના પૂરક ભથ્થામાં 30% ઘટાડો કરવો.
3. વર્ષ 1954માં અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા નિયમોમાં સુધારો કરીને સાંસદોના મતદાર ક્ષેત્ર ભથ્થા અને કાર્યાલયના ભથ્થા સહિતના કેટલાક ભથ્થાં ઘટાડવા.
4. આ ફેરફારો એક વર્ષના સમયગાળા માટે કરવામાં આવ્યા છે, અને તે 1 એપ્રિલ, 2020થી લાગુ થશે.

## આવશ્યક ચીજવસ્તુ (સુધારા) બિલ, 2020ને મંજૂરી

➤ તાજેતરમાં, લોકસભા અંતર્ગત ધ્વની મત દ્વારા આવશ્યક ચીજવસ્તુઓ (સુધારા) બિલ, 2020 પસાર કરવામાં આવ્યું હતું.
➤ આ બિલ COVID-19 લોકડાઉનને ધ્યાનમાં રાખીને જૂન મહિનામાં જાહેર કરાયેલા વટહુકમને અમલી બનાવે છે.

### આવશ્યક ચીજવસ્તુઓ (સુધારા) બિલ, 2020ની મુખ્ય જોગવાઈઓ

➤ આ બિલ દ્વારા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955માં સુધારો કરવામાં આવ્યો છે.
➤ આ બિલમાં અનાજ, ખાદ્યતેલ, તેલીબિયાં, કઠોળ, ડુંગળી, બટાકા સહિતના કૃષિ ખોરાકના ઉત્પાદન, સંગ્રહ, પ્રસારણ અને વેચાણ સિવાયના અસાધારણ સંજોગો સિવાય નિયંત્રણમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત છે.
➤ ખરડા મુજબ અસાધારણ સંજોગો અંતર્ગત (i) યુદ્ધ, (ii) દુકાળ, (iii) કિંમતોમાં અત્યાધિક વધારો, (iv) ગંભીર પ્રકૃતિની કુદરતી આફતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે .
➤ વટહુકમ મુજબ, કૃષિ પેદાશો માટે સંગ્રહની મર્યાદા ઉપજના ભાવ વધારાના આધારે હોવી જોઈએ.
➤ સંગ્રહ મર્યાદા માત્ર (i) બાગાયતી પેદાશોના છૂટક ભાવમાં 100% વધારો થવા પર (ii) અખાદ્ય કૃષિ ખોરાકના છૂટક ભાવમાં 50%નો વધારો થવા પર લગાવી શકાશે.
➤ વટહુકમ મુજબ, કિંમતોમાં વધારાની ગણતરી છેલ્લા બાર મહિનાના ભાવ અથવા છેલ્લા પાંચ વર્ષના સરેરાશ છૂટક ભાવમાંથી જે ઓછી હશે તેના આધારે કરવામાં આવશે.

### આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955 હેઠળ કેન્દ્ર સરકારની સત્તા

➤ કેન્દ્ર સરકાર કેટલીક ચીજોને આવશ્યક ચીજવસ્તુ તરીકે જાહેર કરી શકે છે.
➤ કેન્દ્ર સરકાર આ આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા, વિતરણ, વેપાર અને વાણિજ્યને નિયંત્રિત અથવા પ્રતિબંધિત કરી શકે છે.

## વિમાન (સુધારા) બિલ, 2020 સંસદમાં પસાર

➤ આ અધિનિયમ નાગરિક વિમાનના ઉત્પાદન, માલિકી, ઉપયોગ, કામગીરી, વેચાણ, આયાત અને નિકાસ અને એરપોર્ટના લાઈસન્સને નિયંત્રિત કરે છે.

### વિમાન (સુધારા) બિલ, 2020 બિલની મુખ્ય લાક્ષણિકતાઓ

➤ બિલમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(DGCA), બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી(BCAS) અને વિમાન અકસ્માત તપાસ બ્યુરો(AAIB) જેવી નિયમનકારી સંસ્થાઓને કાયદેસરનો દરજ્જો આપવામાં આવ્યો છે.
➤ DGCA બિલ અંતર્ગત આવરી લેવામાં આવતી બાબતોના સંદર્ભમાં દેખરેખ અને નિયમનકારી જવાબદારીઓને પૂર્ણ કરશે.
➤ BCAS એ નાગરિક ઉડ્ડયન સુરક્ષાને લગતી નિયમનકારી દેખરેખની જવાબદારી પૂરી કરશે.
➤ AAIB એ વિમાન અકસ્માત અને એરોનોટિકલ ઘટનાઓ સંબંધિત તપાસ કરશે.
➤ નવા નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સખત દંડ તરીકે દંડની રકમ 10 લાખથી વધારીને 1 કરોડ કરવાની જોગવાઈ પણ બિલમાં ઉમેરવામાં આવી છે.
➤ કોઈ પણ વ્યક્તિ કાયદાની કોઈપણ જોગવાઈનો ભંગ કરે તો, કેન્દ્ર સરકાર આ અધિનિયમ હેઠળ વ્યક્તિને અપાયેલ લાઈસન્સ, પ્રમાણપત્ર અથવા મંજૂરીને રદ કરી શકે છે.
➤ એરક્રાફ્ટ એક્ટ, 1934માં નેવી, આર્મી અને એરફોર્સ સાથે જોડાયેલા વિમાનોને એક્ટના કાર્યક્ષેત્રની બહાર રાખવાની પણ જોગવાઈ છે. જેની ગણતરી અપવાદ તરીકે કરવામાં આવશે.
➤ આ અધિનિયમમાં આ છુટને લશ્કરની ત્રણેય પાંખ સિવાય અન્ય સશસ્ત્ર દળો માટે વિસ્તારીત કરવામાં આવી છે.

## આયુર્વેદ અધ્યાપન અને સંશોધન સંસ્થા બિલ, 2020

➤ આયુર્વેદના ક્ષેત્રમાં સંશોધન અને સંશોધનને પ્રોત્સાહન આપવા અને હાલની અડચણોને દૂર કરવાના દ્રષ્ટિકોણથી, રાજ્યસભાએ તાજેતરમાં આયુર્વેદ અધ્યાપન અને સંશોધન સંસ્થા બિલ, 2020 પસાર કર્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આયુર્વેદ અધ્યાપન અને સંશોધન સંસ્થા બિલ, 2020 વિશે

- આ બિલમાં ગુજરાતના જામનગર સ્થિત આયુર્વેદની ત્રણ સંસ્થાઓને એક જ સંસ્થામાં વિલય(Merge) કરવા, આયુર્વેદ અધ્યાપન અને સંશોધન સંસ્થાની સ્થાપના કરવા અને આ નવી સંસ્થાને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ છે.
- આ સંસ્થાઓમાં આયુર્વેદ અધ્યાપન અને સંશોધન અનુસ્નાતક સંસ્થા, શ્રી ગુલાબ કુંવરબા આયુર્વેદ કોલેજ અને ભારતીય આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ ઈન્સ્ટિટ્યૂટનો સમાવેશ થાય છે.
- આ પ્રસંગે ગૃહને સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી ડો.હર્ષ વર્ધન એ કહ્યું કે 'કેન્દ્ર સરકાર આયુર્વેદ સહિતની તમામ પ્રાચીન દવાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. તેને ધ્યાનમાં રાખીને આયુષ મંત્રાલયે દેશભરની તમામ રાષ્ટ્રીય સંસ્થાઓને માન્ય યુનિવર્સિટીનો દરજ્જો આપવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.'

## હરીવંશ નારાયણસિંહ ફરી એકવાર રાજ્યસભાના ઉપાધ્યક્ષ

- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના(NDA) ઉમેદવાર હરિવંશ નારાયણ સિંહ ફરી એકવાર રાજ્યસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા છે, આ તેમનો બીજો કાર્યકાળ હશે.

### Back to Basics : રાજ્યસભાના ઉપસભાપતિ વિશે

- ભારતીય બંધારણના અનુચ્છેદ 89(2) મુજબ રાજ્યસભાના સભ્યો જ પોતાનામાંથી કોઈ એક સભ્યને ઉપસભાપતિ તરીકે પસંદ કરે છે.
- જ્યારે રાજ્યસભામાં સભાપતિનું પદ કોઈ કારણોસર ખાલી હોય કે સભાપતિ ગેરહાજર હોય તેવા સંજોગોમાં ઉપસભાપતિ રાજ્યસભાનું સંચાલન કરે છે.
- જ્યારે સભાપતિ રાજ્યસભાનું સંચાલન કરતા હોય ત્યારે ઉપસભાપતિ રાજ્યસભાના સામાન્ય સભ્ય ગણાય છે તેમજ ચર્ચામાં ભાગ લે છે અને મત પણ આપે છે.
- ઉપસભાપતિ જ્યારે ગૃહનું સંચાલન કરતા હોય ત્યારે કોઈપણ નિર્ણયમાં પ્રથમ વખતમાં મતદાન કરી શકે નહિ પરંતુ જો બરાબર મતો પડે તો નિર્ણાયક મત આપે છે.
- રાજ્યસભાના સભ્યો ઉપસભાપતીને પદ પરથી દુર કરી શકે છે, પરંતુ દુર કરવાનો આવો પ્રસ્તાવ રાજ્યસભામાં ઓછામાં ઓછા 14 દિવસ અગાઉ નોટીસ આપીને વાસ્તવિક બહુ મતીથી પસાર કરવો જરૂરી છે.

## વીજળી (ગ્રાહકોના હક) નિયમ, 2020 પર ડ્રાફ્ટ

- તાજેતરમાં કેન્દ્રીય વિદ્યુત મંત્રાલય દ્વારા પહેલીવાર વીજ ગ્રાહકોના હક માટેના નિયમો તૈયાર કરવામાં આવ્યા છે.

### વીજળી (ગ્રાહકોના હક) નિયમ, 2020ની મુખ્ય લાક્ષણિકતાઓ

**1) સેવાની વિશ્વસનીયતા:-**

- ડિસ્કોમ(Discom) માટે દર વર્ષે ગ્રાહક દીઠ સરેરાશ વીજ કાપની સંખ્યા અને સમયગાળો નક્કી કરવા 'રાજ્ય વીજ નિયમનકારી આયોગ'ની રચના.

**2) જોડાણ માટેની સમયસર અને સરળ પ્રક્રિયા:-**

- 10KW લોડ સુધીના ઈલેક્ટ્રિકલ જોડાણ માટે ફક્ત બે દસ્તાવેજો અને 150KW સુધીના લોડ માટે કનેકશનને ઝડપી બનાવવા માટે કોઈ અંદાજિત માંગ શુલ્ક રાખવામાં આવ્યો નથી.

**3) નવા જોડાણ પ્રદાન કરવા માટેનો સમયગાળો:-**

- નવા જોડાણ લગાવવા અને હાલના જોડાણોમાં ફેરફાર કરવા મેટ્રો શહેરોમાં મહત્તમ 7 દિવસ, મહાનગરપાલિકાના વિસ્તારોમાં 15 દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં 30 દિવસનો સમયગાળો.
- 60 દિવસ અથવા તેનાથી વધુ વિલંબ સાથે બિલ આપવામાં આવે તો 2 થી 5%ની છુટ.

**4) ઓનલાઇન ચુકવણી પર ભાર:-**

- રોકડ, ચેક, ડેબિટ કાર્ડ, નેટ બેન્કિંગ વગેરેમાં બિલ ચૂકવવાનો વિકલ્પ પરંતુ 1000 રૂપિયા અથવા તેથી વધુના બિલની ચુકવણી ઓનલાઈન કરવા પર વધુ ભાર આપવો.

**5) પ્રોફેશનલ્સ:-**

- ગ્રાહકોની ઉભરતી કેટેગરીને 'પ્રોફેશનલ્સ' તરીકે માન્યતા આપવી. તેમને સ્વ–વપરાશ માટે વીજળી ઉત્પાદન કરવાનો અધિકાર હશે.
- ગ્રાહક ફરિયાદ નિવારણ સરળ બનાવવા માટે પેટા વિભાગથી લઈને વિવિધ સ્તરે ગ્રાહકોના 2 થી 3 પ્રતિનિધિઓ સાથે 'ગ્રાહક ફરિયાદ નિવારણ મંચ'.
- વીજળી વિતરણ કંપનીઓ–ડિસ્કોમ્સ દ્વારા સેવામાં વિલંબ માટે વળતર અથવા દંડની જોગવાઈ.

## બ્લુ ફ્લેગ પ્રોગ્રામ

- આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસની પૂર્વસંધ્યાએ પ્રથમ વખત, ભારતના આઠ દરિયાકિનારાની પ્રતિષ્ઠિત

'આંતરરાષ્ટ્રીય ઈકો લેબલ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' માટે ભલામણ કરવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસ વિશે

➤ દર વર્ષે સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

➤ તે સાગર સ્વાસ્થ્ય માટેની વોશિંગ્ટન સ્થિત સંસ્થા 'ઓશન કન્સર્વેન્સી'ની પહેલ છે.

➤ 'આંતરરાષ્ટ્રીય ઈકો લેબલ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' માટે ભલામણ કરાયેલ આઠ સમુદ્રતટો વિશે:

1. શિવરાજપુર બીચ, દમણ
2. ઘોઘલા બીચ, દીવ
3. કાસરગોડ બીચ
4. પદુબિરદી બીચ, કર્ણાટક
5. કપ્પડ બીચ, કેરળ
6. રૂષીકોંડા બીચ, આંધ્રપ્રદેશ
7. ગોલ્ડન બીચ, ઓડિશા
8. રાધનગર બીચ, અંદમાન અને નિકોબાર.

### Back to Basics : બ્લુ ફ્લેગ પ્રોગ્રામ વિશે

➤ આંતરરાષ્ટ્રીય, બિન–સરકારી, બિન–લાભકારી સંસ્થા 'ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન'(FEE) દ્વારા દરિયાકિનારા અને મરીના માટે 'બ્લુ ફ્લેગ પ્રોગ્રામ' લાગુ કરવામાં આવી રહ્યો છે.

➤ આ કાર્યક્રમ વર્ષ 1985માં ફ્રાન્સમાં શરૂ કરવામાં આવ્યો હતો અને વર્ષ 1987થી યુરોપમાં લાગુ કરવામાં આવ્યો હતો.

➤ વર્ષ 2001થી, દક્ષિણ આફ્રિકા આ કાર્યક્રમમાં સામેલ થયું અને તેમાં ભાગ લેનાર યુરોપ બહારનો પ્રથમ દેશ છે.

### ભારતમાં 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ માટે પસંદ કરવામાં આવેલા દરિયાકિનારા

➤ 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ માટે 13 પ્રમુખ સમુદ્ર કિનારાની ભારતમાં ઓળખ કરવામાં આવી છે.

➤ ઓડિશાના કોણાર્ક તટ પર 'ચંદ્રભાગા સાગર બીચ બ્લુ ફ્લેગ' સર્ટિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરનાર ભારતનું પ્રથમ શહેર છે.

## વિદેશી યોગદાન (નિયમન) સુધારણા બિલ, 2020

➤ વિદેશી યોગદાન (નિયમન) સુધારણા બિલ (FCRA- Foreign Contribution(Regulation) Amendment Bill), 2020 તાજેતરમાં લોકસભામાં રજૂ કરવામાં આવ્યું છે. તેનો હેતુ 'વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ'માં નોંધપાત્ર ફેરફાર કરવાનો છે.

### વિદેશી યોગદાન (નિયમન) સુધારણા બિલ, 2020માં સૂચિત સુધારા

➤ આ બિલ 'જાહેર સેવકોને' કોઈપણ વિદેશી નાણાં સ્વીકારવા માટે પ્રતિબંધિત કરે છે.

➤ બિલ અંતર્ગત બિન–સરકારી સંસ્થાઓ(NGO) દ્વારા વહીવટ સંબંધિત ખર્ચ માટે વિદેશી ભંડોળનો ઉપયોગ વર્તમાન 50% થી ઘટાડીને 20% કરવાની દરખાસ્ત છે.

➤ બિલમાં કોઈપણ રીતે, કોઈપણ સંસ્થા/વ્યક્તિને વિદેશી યોગદાન સ્થાનાંતરણ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત છે.

➤ બિલમાં, તમામ દાતાઓ, ડિરેક્ટર અને બિન–સરકારી સંસ્થાઓ અથવા અન્ય પદાધિકારીઓ માટે વિદેશી અનુદાન મેળવવા માટે આધાર કાર્ડને ફરજિયાત ઓળખ દસ્તાવેજ બનાવવાનો પ્રસ્તાવ છે.

### વિદેશી યોગદાન (નિયમન) સુધારણા બિલ, 2020માં વિવાદાસ્પદ જોગવાઈ

➤ FCRA દ્વારા મંજૂર કરવામાં આવેલી સંસ્થાઓ માટે 'બિનઉપયોગી વિદેશી ગ્રાન્ટના નાણાંનો ઉપયોગ કરવા અથવા બાકીની વિદેશી ગ્રાન્ટ મેળવતા રોકવા માટે' કેન્દ્ર સરકારને અનિશ્ચિત તપાસ કરવાની મંજૂરી આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

➤ વહીવટી હેતુઓ માટે વિદેશી ભંડોળના ઉપયોગને મર્યાદિત રાખવાની જોગવાઈ પર પણ વિવાદ છે. આ જોગવાઈ હિમાયત સંસ્થાઓના સંશોધન અને વહીવટી કાર્યોના ખર્ચને અસર કરશે.

### શા માટે કાયદામાં સુધારાની જરૂરીયાત છે ?

➤ છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન, ઘણાં સંગઠનો દ્વારા 'ભંડોળ નો દુરૂપયોગ કરવાના અથવા ખોટી રીતે અનુદાન મેળવાના કારણે' સરકાર દ્વારા આવી 19,000 સંસ્થાઓની નોંધણી રદ કરી છે. આવી પ્રવૃત્તિઓને અટકાવવા કાયદાને મજબૂત બનાવવાની જરૂર છે.

➤ વર્ષ 2010 અને 2019ની વચ્ચે વિદેશી અનુદાનનો વાર્ષિક પ્રવાહ લગભગ બમણો થયો છે, પરંતુ આ રકમનો ઉપયોગ ઘણા વિદેશી અનુદાન પ્રાપ્તકર્તાઓ દ્વારા નિર્ધારિત હેતુ માટે કરવામાં આવ્યો નથી.

## ધ્વનિ મત અને અવિશ્વાસ પ્રસ્તાવ

### શા માટે ચર્ચામાં ?

➤ કૃષિ ક્ષેત્રને ઉદારીકરણના હેતુસર રજૂ કરાયેલા ત્રણ કૃષિ બીલોમાંથી બે રાજ્યસભામાં 20 સપ્ટેમ્બરના રોજ ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યા હતા.

➤ 'ખેડુત વેપાર અને વાણિજ્ય (પ્રમોશન અને સરળીકરણ) બિલ, 2020' અને 'ભાવોની ખાતરી અને કૃષિ સેવાપરના

ખેડૂત(સશક્તિકરણ અને રક્ષણ) બિલ, 2020'ને લોકસભા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

- 12 વિપક્ષી પાર્ટીઓ રાજ્યસભાના ઉપાધ્યક્ષને હટાવવા માટે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવા ભેગી થઈ હતી. વિપક્ષની દરખાસ્તને નકારી કાઢવાના ડેપ્યુટી સ્પીકરના નિર્ણયને લઈને ગૃહમાં હોબાળો થયો હતો.
- તેના જવાબમાં રાજ્યસભાના અધ્યક્ષ દ્વારા નિયમ–256 હેઠળ 8 વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### રાજ્યસભાના ઉપસભાપતિ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ વિશે

- વિપક્ષ દ્વારા ઉપસભાપતિ વિરુદ્ધ લાવવામાં આવેલ અવિશ્વાસ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે ઉપસભાપતિ દ્વારા કાયદાના તમામ નિયમો, સંસદીય કાર્યવાહી, પરંપરાઓ અને નિષ્પક્ષ ભુમિકાનું ઉલ્લંઘન કરવામાં આવ્યુ છે.
- ઉપસભાપતિ દ્વારા કૃષિ બિલનો વિરોધ કરતા વિવિધ રાજકીય પક્ષોના રાજ્યસભાના સભ્યોને તેમના મંતવ્યો રજૂ કરવાની પણ મંજૂરી આપવામાં આવી ન હતી.
- વિપક્ષ પાર્ટીના સાંસદો મુજબ તેઓને ઉપસભાપતિ ઉપર 'વિશ્વાસ નથી'.
- નિયમ મુજબ રાજ્યસભાના ઉપસભાપતિને રાજ્યસભાની વાસ્તવિક બહુમતી દ્વારા ઠરાવ પસાર કરીને તેમના પદ પરથી હટાવી શકાય છે, પરંતુ 14 દિવસની પૂર્વ સૂચના પછી જ આ પ્રસ્તાવ આગળ ધપાવી શકાય છે.(વાસ્તવિક બહુમતી જે તે ગૃહની કુલ સંખ્યા – મૃત્યુ, રાજીનામા કે અન્ય કોઈ કારણોસર ખાલી પડેલી જગ્યા)
- અનુચ્છેદ–90માં ઉપસભાપતિની ખાલી પડેલ જગ્યા, રાજીનામું અને પદ પરથી હટાવવાની બાબતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### ધ્વનિ મત વિશે

- રાજ્યસભાની કામગીરી સાથે સંબંધિત નિયમ–252 થી 254 સુધીમાં, 'મતના વિભાજન'ની ચાર જુદી જુદી પદ્ધતિઓ પૂરી પાડવામાં આવી છે. બે પ્રક્રિયાઓમાં, સાંસદોના મતોની નોંધ લેવામાં આવતી નથી, જ્યારે બાકીની બે પદ્ધતિઓમાં, સાંસદોના મતો કાયમી ધોરણે રાજ્યસભાના રેકોર્ડમાં નોંધાય છે.
- આ પદ્ધતિઓમાં ધ્વનિ મત, ગણતરી, ઓટોમેટિક વોટ રેકોર્ડરની મદદથી મત વિભાજન અને લોબીમાં જઈને પક્ષ/વિપક્ષને ટેકો આપવા ઉભા રહેવાનો સમાવેશ થાય છે.
- ધ્વનિ મતમાં ગૃહના અધ્યક્ષ/સભાપતિ દ્વારા ગૃહ સમક્ષ પ્રશ્નો ઉભા કરીને 'હા' અને 'ના'ના રૂપમાં પોતાનો અભિપ્રાય આપવાનું કહેવામાં આવે છે.
- ધ્વનિના આધાર પર બહુમતનો નિર્ણય કરતા અધ્યક્ષ/સભાપતિ નક્કી કરે છે કે ઠરાવ પસાર થયો કે નહીં.

## ગૃહમાંથી સાંસદો સસ્પેન્ડ

- 21 સપ્ટેમ્બર, 2020ના રોજ ગૃહમાં અનિયંત્રિત વર્તન કરવાના કારણે રાજ્યસભાના આઠ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા આ સાંસદોને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે એક ઠરાવ કરવામાં આવ્યો હતો અને તેને ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યો હતો.

### રાજ્યસભાના સાંસદોને સસ્પેન્ડ કરવાની સત્તા વિશે

- રાજ્યસભાના અધ્યક્ષ નિયમ નંબર–255 અંતર્ગત, 'પોતાના મતે કોઈ પણ સભ્યનુ વર્તન નિયમ વિરુદ્ધ હોય તેવું જણાય તો સાંસદને તાત્કાલિક ગૃહની બહાર નીકળવાનો નિર્દેશ આપી શકે છે.'
- જો કે, લોકસભાના અધ્યક્ષની જેમ, રાજ્યસભાના અધ્યક્ષ પાસે સભ્યને સસ્પેન્ડ કરવાની શક્તિ હોતી નથી. ગૃહ, અન્ય ઠરાવ દ્વારા સભ્યનું નિલંબન સમાપ્ત કરી શકે છે.
- ગૃહ સદસ્ય માટે વર્તમાન સત્રની મહત્તમ સમયગાળાને સ્થગિત કરતો ઠરાવ પસાર કરી શકે છે.
- ગૃહની સુવ્યવસ્થિત કામગીરી માટે ગૃહમાં વ્યવસ્થા જાળવવાની જવાબદારી અને ભૂમિકા ગૃહના પ્રિઝાઈડિંગ અધિકારી લોકસભામાં અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિની હોય છે.

## પ્રવર સમિતિની ભૂમિકા અને મર્યાદા

- તાજેતરમાં રાજ્યસભામાં બે મહત્ત્વપૂર્ણ કૃષિ બિલ સરકારની વિપક્ષની માંગને નકારી કાઢતાં રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યા હતા. વિપક્ષ માંગ કરી રહ્યુ હતુ કે કૃષિ બિલને રાજ્યસભાની પ્રવર સમિતિમાં મોકલવામાં આવે.

### પ્રવર સમિતિ વિશે

- કોઈ ચોક્કસ બિલની તપાસ માટે પ્રવર સમિતિની રચના કરવામાં આવે છે અને ફક્ત સંબંધિત ગૃહના સાંસદો જ પ્રવર સમિતિના સભ્યો હોઈ શકે છે.
- પ્રવર કમિટીની અધ્યક્ષતા શાસક પક્ષના સાંસદ કરે છે.
- પ્રવર સમિતિઓ કોઈ વિશિષ્ટ હેતુ માટે રચાયેલી હોવાથી તેમના અહેવાલ પછી તેનુ વિસર્જન કરવામાં આવે છે.

### સમિતિ દ્વારા બિલની તપાસ ક્યારે કરવામાં આવે છે ?

- બિલના પરીક્ષણ માટે તેને સ્વચાલિત રૂપે સમિતિઓની પાસે મોકલવામાં આવતા નથી.
- કોઈ બિલને ત્રણ પદ્ધતિ મુજબ સમિતિને સૂચવી શકાય છે. આ પદ્ધતિઓ નીચે મુજબ છે:

1. જ્યારે બિલને રજૂ કરનારા મંત્રી દ્વારા ગૃહને સલાહ આપવામાં આવે છે કે આ બિલની તપાસ પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત સમિતિ દ્વારા થવી જોઈએ.
2. જો મંત્રી દ્વારા આવી કોઈ દરખાસ્ત કરવામાં આવે નહીં, તો તે ગૃહના પ્રિઝાઈડિંગ ઓફિસર પર રહેશે કે તે બિલને સંબંધિત સ્થાયી સમિતિને મોકલવુ કે નહીં.
3. આ ઉપરાંત, એક ગૃહ દ્વારા પસાર કરાયેલ બિલને અન્ય ગૃહ દ્વારા તેની પ્રવર સમિતિને મોકલી શકાય છે.

## નેટ ન્યુટ્રાલિટી

- તાજેતરમાં TRAI દ્વારા 'બહુ–હિસ્સેદાર સંસ્થા'ની(MSB-Multi Stack Holder Body) રચનાની ભલામણ કરવામાં આવી છે. તેનો હેતુ દેશમાં ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ દ્વારા નેટ ન્યુટ્રાલિટીના સિદ્ધાંતોનું પાલન કરવાની ખાતરી આપવાનો છે.

### બહુ-હિસ્સેદાર સંસ્થા (MSB) વિશે

- MSB એ એક એવુ ફોરમ હોવું જોઈએ જેમાં તમામ ટેલિકમ્યુનિકેશન્સ અને ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ, સામગ્રી પ્રદાતાઓ, શૈક્ષણિક અને તકનીકી સમુદાયના સંશોધકો, તેમજ સરકારના પ્રતિનિધિઓ અને અન્ય હોદ્દેદારોનો સમાવેશ કરવામાં આવશે.

### MSB નું કાર્ય

- ડેટા ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમો માટે અપનાવવામાં આવતી શ્રેષ્ઠ પદ્ધતિઓ માટે તકનીકી ધોરણો અને પદ્ધતિની દેખરેખમાં ટેલિકમ્યુનિકેશન્સ વિભાગને સહાય કરવી.
- નેટ ન્યુટ્રાલિટી પર શ્રેષ્ઠ પ્રયાસોનું અમલીકરણ અને ફરિયાદોને નિયંત્રિત કરવામાં ટેલિકમ્યુનિકેશન વિભાગને મદદ કરશે.

### Back to basics : નેટ ન્યુટ્રાલિટી વિશે

- નેટ ન્યુટ્રાલિટી એટલે સરકાર અને ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ ઈન્ટરનેટ પર તમામ ડેટા માટે એક સમાન રીતે વર્તે છે અને આ સિવાય કોઈ સેવા કે વેબસાઈટ માટે ટ્રાફિકને બ્લોક કે ઓછું કરી શકાય નહીં.
- નેટ ન્યુટ્રાલિટી હેઠળ, બધા ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ(Internet Serivice Providers -ISPs) સમગ્ર ટ્રાફિક માટે સમાન સ્તરના ડેટા પહોંચ અને ગતિ પ્રદાન કરે છે.

### ભારતમાં નેટ ન્યુટ્રાલિટીનું નિયમન

- ટેલિકોમ અને રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા(TRAI) દ્વારા 'પ્રોહિબિશન ઓફ ડિસ્ક્રીમિનેટરી ટેરિફ્સ ફોર ડેટ સર્વિસ રેગ્યુલેશન, 2016' બનાવવામાં આવેલ છે.
- આ નિયમો હેઠળ, ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સને ઓનલાઈન સેવાઓની પહોંચ આપવા માટે ગ્રાહકો પાસેથી વિવિધ ફી વસૂલવા પર પ્રતિબંધ છે.

## રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)

- તાજેતરમાં સરકાર દ્વારા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને 'નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ'(NDPS) એક્ટ હેઠળ ગુનાઓની તપાસ કરવાની સત્તા આપવામાં આવી છે.
- તેનો ઉદ્દેશ્ય આતંકવાદ વિરોધી કામગીરી દરમિયાન ઉદ્‌ભવતા ડ્રગના વેપાર સંબંધોને પ્રકાશિત કરવા માટે સ્થાનિક પોલીસ પર એજન્સીની નિર્ભરતાને સમાપ્ત કરવાનો છે.

### Back to basics : રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA) વિશે

- રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA) ની સ્થાપના 'રાષ્ટ્રીય તપાસ એજન્સી અધિનિયમ, 2008' હેઠળ કરવામાં આવી છે.
- તે ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- NIA નીચે મુજબના કેસોમાં ગુનાઓની તપાસ અને કાયદેસરની કાર્યવાહી કરવા માટેની એક કેન્દ્રીય એજન્સી છે.

1. ભારતની સાર્વભૌમત્વ, સુરક્ષા અને અખંડિતતા, રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધોને અસર કરતા ગુનાઓ.
2. અણુ અને પરમાણુ સ્થાપનો સામેના ગુના.
3. ઉચ્ચ ગુણવત્તાની નકલી ભારતીય ચલણની દાણચોરી.
4. આ ઉપરાંત NIA એ 'સેન્ટ્રલ કાઉન્ટર ટેરરિઝમ લો એન્ફોર્સમેન્ટ એજન્સી' તરીકે પણ કામ કરે છે.

- NIAને રાજ્યોની વિશેષ પરવાનગી વિના રાજ્યોમાં આતંકવાદ સંબંધિત ગુનાઓ સાથે વ્યવહાર કરવાની સત્તા આપવામાં આવી છે.

## રાષ્ટ્રીય તબીબી આયોગ(NMC)

- આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ સૂચના અનુસાર 'રાષ્ટ્રીય તબીબી આયોગ'(NMC-

National Medical Council) દેશના તબીબી શિક્ષણ અને વ્યવસાયના ટોચનાં નિયમનકાર તરીકે અસ્તિત્વમાં આવ્યું છે.

### રાષ્ટ્રીય તબીબી આયોગ(NMC) વિશે

- તબીબી શિક્ષણ ક્ષેત્રમાં સુધારા લાવવા માટે 'રાષ્ટ્રીય તબીબી પંચ'ની સ્થાપના કરવામાં આવી છે. અગાઉ સરકારે ભ્રષ્ટાચારના આરોપોને કારણે 'મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા'ને(MCI) નાબૂદ કરવાનો નિર્ણય લીધો હતો.

### રાષ્ટ્રીય તબીબી આયોગનું માળખું

- રાષ્ટ્રીય તબીબી આયોગમાં કુલ 33 સભ્યોનો સમાવેશ થશે. જેની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ સમિતિની ભલામણોના આધાર પર કરવામાં આવશે.
- આ સભ્યોમાં એક અધ્યક્ષ અને 10 પદેન અધિકારી અને 22 અંશકાલીન સભ્યો શામેલ હશે.
- આયોગમાં અંશકાલીન સભ્યોના રૂપે સંચાલન, કાયદો, તબીબી નૈતિકતા વગેરે ક્ષેત્રોમાં અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી નિયુક્ત વિશેષજ્ઞોનો સમાવેશ કરવામાં આવશે.

### રાષ્ટ્રીય તબીબી આયોગના કાર્યો

- રાષ્ટ્રીય તબીબી આયોગનું મુખ્ય કાર્ય તબીબી ક્ષેત્રના નિયમનકારી શાસનને સુવ્યવસ્થિત કરવાનું, સંસ્થાઓનું મૂલ્યાંકન કરવું અને સંશોધન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનુ છે.
- આ સિવાય NMC એમબીબીએસ પછી અંતિમ વર્ષની પરીક્ષાની(રાષ્ટ્રીય એક્ઝિટ ટેસ્ટ–NEXT) પદ્ધતિ પર, ખાનગી તબીબી શાળાઓની ફી માળખાનું નિયમન અને સમુદાય આરોગ્ય કર્મચારીઓ દ્વારા પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટેના ધોરણ નક્કી કરવા સંબંધિત કામ પણ કરશે.

### NMCના ચાર અલગ સ્વાયત્ત બોર્ડ

1. **ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન બોર્ડ(UGMEB):**
   - આ સંસ્થા તબીબી લાયકાત, અભ્યાસક્રમ, તબીબી શિક્ષણ માટેની માર્ગદર્શિકા અને સ્નાતક કક્ષાએ તબીબી લાયકાતની માન્યતા તૈયાર કરવાનું કામ કરશે.
2. **અનુસ્નાતક તબીબી શિક્ષણ બોર્ડ(PGMEB):**
   - આ સંસ્થા તબીબી લાયકાત, અભ્યાસક્રમ, તબીબી શિક્ષણ માટેની માર્ગદર્શિકા અને અનુસ્નાતક કક્ષાએ તબીબી લાયકાતોને માન્યતા આપવા માટે કાર્ય કરશે.
3. **તબીબી મૂલ્યાંકન અને રેટિંગ બોર્ડ:**
   - આ બોર્ડ તે સંસ્થાઓ પર નાણાકીય દંડ લાદવાની શક્તિ ધરાવશે જે UGMEB અને PGMEB દ્વારા નિર્ધારિત લઘુતમ ધોરણોને જાળવવામાં નિષ્ફળ જશે. બોર્ડ નવી મેડિકલ કોલેજોની સ્થાપના, અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા અને મેડિકલ કોલેજમાં બેઠકોની સંખ્યામાં વધારો કરવાની મંજૂરી પણ આપશે.

### નૈતિક અને મેડિકલ રજિસ્ટ્રેશન બોર્ડ

- આ બોર્ડ દેશના તમામ લાયસન્સ પ્રાપ્ત ચિકિત્સકોનું રાષ્ટ્રીય રજિસ્ટર બનાવશે અને ચિકિત્સકોના વ્યાવસાયિક વર્તનને પણ નિયંત્રિત કરશે. બોર્ડ દેશના તમામ લાયસન્સ પ્રાપ્ત સમુદાય આરોગ્ય પ્રદાતાઓનું રજિસ્ટર પણ બનાવશે.
- આમ, દેશમાં તબીબી શિક્ષણનું નિયમન હવે રાષ્ટ્રીય મેડિકલ કમિશન (NMC) દ્વારા કરવામાં આવશે, જેણે 'ભારતીય તબીબી પરિષદ'(MCI) દાયકાઓ જૂની સંસ્થાનુ સ્થાન લીધુ છે.
- આ સાથે, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, 1956 રદ કરવામાં આવ્યો છે અને હવે નેશનલ મેડિકલ કમિશન એક્ટ, 2019 અમલમાં આવ્યો છે.
- દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના (AIIMS) ENT(Ear Nose Throat) વિભાગના પૂર્વ પ્રમુખ 'ડો.સુરેશચંદ્ર શર્મા'ને ત્રણ વર્ષ NMCના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)

- તાજેતરમાં ગૃહ મંત્રાલયે ઈમ્ફાલ, ચેન્નાઈ અને રાંચીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીની વધારાની ત્રણ શાખાઓ સ્થાપવાની મંજૂરી આપી છે.
- ભારત સરકારના આ નિર્ણયથી દેશની અગ્રિમ આતંકવાદ વિરોધી તપાસ એજન્સી દ્વારા આ રાજ્યોમાં ઉદભવતા કોઈપણ પરિસ્થિતિનો તાત્કાલિક પ્રતિસાદ આપવામાં મદદ મળશે.
- આ નિર્ણય આતંકવાદ અને અન્ય રાષ્ટ્રીય સુરક્ષા બાબતોથી સંબંધિત કેસોની તપાસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીની ક્ષમતાને મજબૂત બનાવશે.

### રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA- National Investing Agency) વિશે

- NIAની રચના 'રાષ્ટ્રીય તપાસ એજન્સી અધિનિયમ', 2008 હેઠળ કરવામાં આવી હતી.
- આ એજન્સીનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં આતંકવાદ સામે લડવાનો છે. NIA આતંકવાદ વિરોધી કાયદા અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરે છે.
- NIAનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલુ છે. આ ઉપરાંત વર્તમાનમાં તેની નવ શાખાઓ છે જે ગુવાહાટી, મુંબઈ, જમ્મુ, કોલકાતા, હૈદરાબાદ, કોચી, લખનઉ, રાયપુર અને ચંદીગઢ ખાતે આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 2. અર્થતંત્ર

## RBI દ્વારા રૂપિયાના વ્યાજ દર ડેરિવેટિવ્ઝ પર ડ્રાફ્ટ

- ➤ તાજેતરમાં રૂપિયાના વ્યાજ દર ડેરિવેટિવ્ઝ (રિઝર્વ બેંક) માર્ગદર્શિકા, 2020ની ડ્રાફ્ટ આવૃત્તિ RBI દ્વારા બહાર પાડવામાં આવી હતી.
- ➤ તેનો ઉદ્દેશ અનિવાસી ભારતીયોની ઊંચી ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો, વિદેશી બજારમાં સ્થાનિક બજાર ઉત્પાદકોની ભૂમિકામાં વધારો કરવાનો, પારદર્શિતામાં સુધારો કરવાનો અને વધુ સારી નિયમનકારી દેખરેખ રાખવાનો છે.

### રૂપિયા વ્યાજ દર ડેરિવેટિવ્ઝ પર ડ્રાફ્ટની મુખ્ય માર્ગદર્શિકા વિશે

- ➤ વિદેશી પોર્ટફોલિયોના રોકાણકારોને(FPI) એકસચેંજ ટ્રેડેડ રૂપિયાના વ્યાજ દર ડેરિવેટિવ્ઝમાં(Interest Rate Derivatives-IRD) ટ્રાંઝેકશનની મંજૂરી આપવાની દરખાસ્ત છે. આ કારોબાર માટે 5000 કરોડ રૂપિયાની મર્યાદા નક્કી કરવામાં આવી છે.
- ➤ FPIની એકસચેન્જ ટ્રેડેડ IRDમાં ચોખ્ખી રીતે 'શોર્ટ પોઝિશન', સરકારી જામીનગીરી અને અન્ય રૂપિયાના બોન્ડ જામીનગીરીમાં 'લોંગ પોઝિશન' કરતા વધુ ન હોવી જોઈએ.
- ➤ યુઝર, બજાર નિર્માતાઓને(યુનિટ કે જે બજારને લિક્વિડિટી પ્રદાન કરવા માટે બોલી અને ભાવ પ્રદાન કરે છે.)
- ➤ રૂપિયાનો IRD કરાર આપવાનો હેતુ વપરાશકર્તાને રિટેલ વપરાશકર્તા અથવા બિન–છૂટક તરીકે વર્ગીકૃત કરવાનો છે.
- ➤ ડ્રાફ્ટ અનુસાર, બિન–છૂટક વપરાશકાર હેઠળ RBI, SEBI, IRDAI અથવા PFRDA દ્વારા નિયમન કરાયેલી સંસ્થાઓ અને 500 કરોડની ઓછામાં ઓછી નેટવર્થ ધરાવતા નિવાસી કંપનીઓ અને બિનનિવાસી કંપનિઓનો સમાવેશ થાય છે.

### વ્યાજ દર ડેરિવેટિવ્ઝ (IRD) વિશે:

- ➤ વ્યાજ દર ડેરિવેટિવ્ઝ એ કરાર છે જેનું મૂલ્ય એક અથવા વધુ વ્યાજ દર, વ્યાજના દરનાં સાધનોનાં ભાવ અથવા વ્યાજના દર સૂચકાંકોથી લેવામાં આવે છે.
- ➤ તેના અંતર્ગત વાયદા વ્યાજ દર, વિકલ્પ, સ્વૈપ શામેલ થઈ શકે છે.

## બેંકિંગ નિયમન (સુધારા) બિલ, 2020

- ➤ તાજેતરમાં, લોકસભામાં 'બેન્કિંગ નિયમન (સુધારણા) બિલ, 2020' પસાર કરવામાં આવ્યું હતું.
- ➤ બિલમાં બેન્કિંગ નિયમન નિયમન, 1949માં સુધારો કરવાની દરખાસ્ત છે.
- ➤ આ બિલ દ્વારા કેન્દ્ર સરકાર સહકારી બેંકોને ભારતીય રિઝર્વ બેંકની દેખરેખ હેઠળ લાવવાનું લક્ષ્ય રાખે છે.

### બેંકિંગ નિયમન (સુધારા) બિલ, 2020 વિશે

- ➤ હવે, બેન્કિંગ કંપનીઓ પર લાગુ કરવામાં આવેલ જોગવાઈ ઓ સહકારી બેંકો પર પણ લાગુ થશે. સહકારી બેંકો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વધુ સારા શાસન અને મજબૂત બેંકિંગ નિયમોને આધિન રહેશે.
- ➤ આ સુધારા પછી RBI કોઈ બેંકને સ્થગિત કર્યા વિના પુનર્ગઠન અને એકત્રીકરણની પ્રક્રિયા શરૂ કરી શકે છે.
- ➤ તે કેંદ્રીય બેંકને કોઈપણ બેંકિંગના કામમાં ખલેલ પહોંચાડ્યા વિના, બેંક અને બેંકિંગ કંપનીના યોગ્ય સંચાલનમાં જનતા, બેંકિંગ સિસ્ટમ, ખાતાધારકોના હિતને સુનિશ્ચિત કરવા હેતુ યોજના બનાવવામાં સહાયક રહેશે.
- ➤ આ સુધારો સહકારી બેંકોને, કેન્દ્રિય બેંકની મંજુરીથી જાહેર મુદ્દાઓમાં ખાનગી પ્લેસમેન્ટ અને ઈક્વિટી અથવા પસંદગીના શેર તેમજ અસુરક્ષિત ડીબેંચર્સ દ્વારા ભંડોળ ઊભું કરવાની મંજૂરી આપે છે.
- ➤ રાજ્ય કાયદા હેઠળ સહકારી મંડળના રાજ્ય રજિસ્ટ્રારની અસ્તિત્વમાં રહેલી શક્તિઓ આ સુધારાથી પ્રભાવિત થશે નહીં.
- ➤ આ પરિવર્તન એવી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ(PACS) અથવા સહકારી મંડળીઓને લાગુ પડશે નહીં જેનો મુખ્ય ઉદ્દેશ અને મુખ્ય વ્યવસાય કૃષિ વિકાસ માટે લાંબા ગાળાના નાણાં પૂરા પાડવાનો છે.

### 'બેન્કિંગ નિયમન'(સુધારણા) બિલ, 2020ની જરૂરિયાત

- ➤ ગયા વર્ષે પંજાબ અને મહારાષ્ટ્ર સહકારી બેંકમાં(PMC) મોટા કૌભાંડો સહિતની અનેક છેતરપિંડી અને ગંભીર આર્થિક ગેરરીતિઓ સામે આવ્યા બાદ સરકારે આ નિર્ણય લીધો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- સહકારી બેંકોમાં 6 લાખ ખાતાધારકો છે, જેમની કુલ થાપણો 5 લાખ કરોડ જેટલી છે.
- આ ઉપરાંત, છેલ્લા પાંચ નાણાકીય વર્ષોમાં શહેરી સહકારી બેંકોમાં 220 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીના આશરે 1000 જેટલા કેસ નોંધવામાં આવ્યા છે.

## લોકસભામાં કૃષિ બિલ પસાર

- તાજેતરમાં લોકસભામાં 'કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સગવડતા) બિલ, 2020' અને 'ભાવ ખાતરી પર ખેડુત(સશક્તિકરણ અને સુરક્ષા) સમજૂતિ અને કૃષિ સેવા બિલ, 2020'ને બહુમતીથી પસાર કરવામાં આવ્યા હતા.

### કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સુવિધા)બિલ, 2020 વિશે

- હાલમાં ખેડૂતોને તેમના ઉત્પાદનના વેચાણમાં વિવિધ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડુતો માટે સુચિત કરવામાં આવેલ 'કૃષિ પેદાશ માર્કેટિંગ કમિટી' (APMC) વાળા બજાર ક્ષેત્રની બહાર કૃષિ ઉત્પાદનના વેચાણ પર ઘણા પ્રકારના પ્રતિબંધો હતા.
- ખેડુતોએ માત્ર રાજ્ય સરકારના રજિસ્ટર્ડ લાઈસન્સ ધરાવતાઓને જ ઉત્પાદન વેચવાની જવાબદારી નક્કી કરવામાં આવી હતી અને સાથે સાથે રાજ્ય સરકારો દ્વારા લાગુ કરાયેલા વિવિધ APMC કાયદાઓને કારણે વિવિધ રાજ્યો વચ્ચે કૃષિ પેદાશોના પરિવહનમાં પણ સમસ્યા રહેલી હતી.

### કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સુવિધા) બિલ, 2020ના ફાયદા

- આ બિલ એક નવા તંત્રની સ્થાપના કરવામાં મદદ કરશે જ્યાં ખેડુતો અને વેપારીઓને કૃષિ પેદાશોની ખરીદી અને વેચાણ માટે વધુ વિકલ્પો આપવામાં આવશે.
- આ બિલ રાજ્ય કૃષિ પેદાશ માર્કેટિંગ અધિનિયમ હેઠળ સૂચિત બજારોના ભૌતિક પરિસરની બહાર અવરોધ મુક્ત આંતરરાજ્ય અને રાજ્ય વેપાર અને વાણિજ્યને પ્રોત્સાહન આપે છે.
- આ બિલ દ્વારા વધુ ઉત્પાદન ધરાવતા ક્ષેત્રના ખેડુતોને પોતાના ઉત્પાદન પર વધુ સારા ભાવ મળી રહેશે. ઓછુ ઉત્પાદન ધરાવતા ક્ષેત્રમાં ગ્રાહકો ઓછા ભાવે અનાજ મેળવી શકશે.
- આ બિલમાં કૃષિ ક્ષેત્રે ઈલેક્ટ્રોનિક વેપારની પણ દરખાસ્ત કરવામાં આવી છે.
- આ કાયદા હેઠળ ખેડુતોની પેદાશના વેચાણ પર તેઓની પાસેથી કોઈ ઉપકર લેવામાં આવશે નહીં. આ ઉપરાંત, ખેડૂતો માટે અલગ વિવાદ નિવારણ તંત્રની સ્થાપનાની જોગવાઈ પણ કરવામાં આવી છે.
- આ બિલ ભારતમાં 'એક દેશ, એક કૃષિ બજાર'ના નિર્માણનો માર્ગ મોકળો બનાવશે.

### ભાવ ખાતરી પર ખેડુત(સશક્તિકરણ અને સુરક્ષા) સમજુતિ અને કૃષિ સેવા બિલ, 2020 વિશે

- ભારતીય ખેડુતોએ નાના ખેતરો, હવામાન પર નિર્ભરતા, ઉત્પાદન અને બજારની અનિશ્ચિતતાના કારણે વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આર્થિક દ્રષ્ટિએ, આ સમસ્યાઓને કારણે કૃષિમાં ઘણું જોખમ રહેલું છે.

### ભાવ ખાતરી પર ખેડુત(સશક્તિકરણ અને સુરક્ષા) સમજુતી અને કૃષિ સેવા બિલ, 2020ના ફાયદા

- આ બિલ દ્વારા શોષણના ડર વિના ખેડૂતો પ્રોસેસિંગ, જથ્થાબંધ વેપારીઓ, મોટા છૂટક વેપારીઓ, નિકાસકારો વગેરે સાથે જોડાવા સક્ષમ બનશે.
- આના માધ્યમથી, ખેડુતો સીધા માર્કેટિંગમાં જોડાવા માટે સક્ષમ બનશે, જે મધ્યસ્થીઓની ભૂમિકાને દૂર કરશે અને તેમને તેમના પાક માટે વધુ સારા ભાવ અપાવશે.
- આ બિલ દ્વારા, ખાનગી ક્ષેત્રના રોકાણને કૃષિ પેદાશોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં લઈ જવા માટે, પુરવઠા સાંકળના નિર્માણ અને કૃષિ માળખાના વિકાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આના માધ્યમથી ખેડુતોને આધુનિક ટેકનોલોજી અને સારા ઈનપુટસ સુધીની પહોંચ સુનિશ્ચિત થશે.

### કૃષિ બિલનો વિરોધ

- કેન્દ્ર સરકારે જૂન, 2020માં કૃષિ સંબંધિત વટહુકમો બહાર પાડયા ત્યારથી જ પંજાબ અને હરિયાણામાં ખેડૂતોનો વિરોધ જોવા મળી રહ્યો છે.
- વિરોધમાં શિરોમણિ અકાલી દળના કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમંત્રી 'હરસિમરન કૌર બાદલે' સરકારમાંથી રાજીનામું આપ્યું હતું.

### વિરોધાભાસ માટેના કારણ

- મોટાભાગના ખેડુતો ત્રણેય બિલનો વિરોધ કરી રહ્યા છે. પરંતુ તેમનો સૌથી મોટો વિરોધ 'કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સુવિધા) બિલ'ના 'વેપાર ક્ષેત્ર',

'વેપારી', 'વિવાદ નિરાકરણ' અને 'બજાર શુલ્ક' સંબંધિત જોગવાઈઓથી છે.

1) **વેપાર ક્ષેત્ર:-**

➤ આ બિલની ધારા–2(m) મુજબ, વ્યવસાય ક્ષેત્રની વ્યાખ્યા – 'કોઈપણ ક્ષેત્ર અથવા સ્થળ, ઉત્પાદનનું સ્થળ, સંગ્રહ અને એકત્રીકરણનુ સ્થાન, (ફાર્મ ગેટ, ફેક્ટરી પરિસર, સિલોઝ સહિત, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ અથવા અન્ય કોઈ માળખું અથવા સ્થાનનો સમાવેશ) જ્યાંથી ખેડુતોના ઉત્પાદનનો વેપાર ભારતના ક્ષેત્રમાં કરી શકાય છે.'

➤ જો કે આ વ્યાખ્યામાં દરેક રાજ્યમાં APMC એકટ હેઠળ બનાવવામાં આવેલ માર્કેટ સમિતિઓ દ્વારા સંચાલિત અને વ્યવસ્થાપિત પરિસર, માર્કેટ યાડર્સ, પેટા–માર્કેટ યાડર્સ, માર્કેટ સબ–યાડ્ર્સ અને લાઈસન્સ ધારકો દ્વારા સંચાલિત ખાનગી ખેડુતો દ્વારા સંચાલિત જગ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

➤ જેનો અર્થ થાય છે કે APMC એકટ હેઠળ સ્થાપિત હાલની મંડીઓને નવા કાયદા હેઠળ વ્યવસાય ક્ષેત્રની વ્યાખ્યાથી બાકાત રાખવામાં આવી છે.

➤ આ જોગવાઈ APMC મંડીઓને તેમની ભૌતિક મર્યાદા સુધી મર્યાદિત કરશે અને મોટા કોર્પોરેટ ખરીદદારોને પ્રોત્સાહિત કરશે.

➤ બિહાર રાજ્યમાં વર્ષ 2006માં APMC સિસ્ટમ નાબૂદ કરવામાં આવી હતી, જેના કારણે કૃષિ પેદાશોના વ્યવસાયમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં વધારો થયો છે અને ખેડૂતોને ભારે નુકસાન થયું છે.

2) **વેપારી:-**

➤ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પાનકાર્ડ ધરાવતો વેપારી નિયુક્ત વ્યવસાયિક ક્ષેત્રમાં ખેડૂતોની ઉપજ ખરીદી શકે છે.

➤ બિલ મુજબ, એક વેપારી APMC માર્કેટ અને વેપાર બંને ક્ષેત્રે કામ કરી શકે છે. જો કે, મંડીમાં વેપાર કરવા માટે, વેપારીને રાજ્ય APMC એક્ટ હેઠળ લાઈસન્સ/નોંધણી કરાવવાની રહેશે. હાલની માર્કેટ સિસ્ટમમાં, કમિશન એજન્ટોએ મંડીમાં વેપાર કરવા માટેનું લાઈસન્સ મેળવવું પડશે.

➤ કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ પંજાબ અને હરિયાણામાં કમિશન એજન્ટ સિસ્ટમ વધુ અસરકારક છે, તેથી આ રાજ્યોમાં વધુ વિરોધ જોવા મળ્યો છે.

3) **બજાર શુલ્ક:-**

➤ આ બિલની ધારા–6 હેઠળ, વ્યવસાય ક્ષેત્રમાં કોઈપણ રાજ્ય APMC એક્ટ અથવા અન્ય રાજ્યના કાયદા હેઠળ ખેડૂત અથવા વેપારી પર કોઈપણ 'માર્કેટ ડ્યૂટી અથવા સેસ અથવા લેવી' લાદવાની મંજૂરી નથી.

➤ આ જોગવાઈથી રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થશે અને ખાનગી ક્ષેત્રને ફાયદો થશે.

➤ ઉદાહરણ તરીકે : હાલમાં પંજાબમાં APMCમાં ટેક્સ/કમિશનનો દર 8.5% છે, વર્ષ 2019-20માં પંજાબે ટ્રેડ ડ્યુટીમાંથી મહેસૂલના રૂપમાં રૂ.3,600 કરોડ એકત્રિત કર્યા હતા.

4) **વિવાદ નિવારણ તંત્ર:**

➤ આ બિલની ધારા–8 મુજબ ખેડૂત અને વેપારી વચ્ચેના વ્યવહારને લઈને વિવાદ ઊભો થવાના કિસ્સામાં, તેઓ સબ–ડિવિઝનલ મેજિસ્ટ્રેટને(SDM) આવેદન આપીને સમાધાન કરી શકે છે.

➤ વિરોધ કરનારાઓના કહેવા મુજબ, બિલ વિવાદના મામલામાં ખેડૂતોને સિવિલ કોર્ટમાં જવાની મંજૂરી આપતું નથી અને તેઓને ડર છે કે સમાધાનની સૂચિત પ્રણાલીનો તેઓની સામે દુરૂપયોગ થઈ શકે છે.

### બિલ સંદર્ભે સરકારનો પક્ષ

➤ સરકારના જણાવ્યા મુજબ, કૃષિ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રના રોકાણ અને બિલમાં સૂચિત અન્ય સુધારા દ્વારા કૃષિ ક્ષેત્રમાં મોટા સકારાત્મક પરિવર્તન આવશે.

➤ સરકારના જણાવ્યા અનુસાર, આ સુધારા પછી પણ, ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ(MSP) મળવાનું ચાલુ રહેશે અને રાજ્યના કાયદા હેઠળ સ્થાપિત મંડળોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

### આગળનો માર્ગ

➤ કૃષિ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાની સાથે, APMCની પહોંચ વધારવા માટે જરૂરી સુધારા કરવા જોઈએ.

➤ સરકાર દ્વારા 'ઈ–NAM' જેવા નવીન પ્રયત્નો દ્વારા કૃષિ ક્ષેત્રે ઈ–ટ્રેડિંગને પ્રોત્સાહન આપવું જોઈએ.

➤ કૃષિ પેદાશો પર MSPના સંદર્ભમાં 'સ્વામિનાથન સમિતિ'ની ભલામણોનો અમલ કરવા પ્રયત્નો કરવા જોઈએ.

## રૂલ્સ ઓફ ઓરીજન

➤ નાણાં મંત્રાલયના આદેશ અનુસાર, 21 સપ્ટેમ્બર, 2020 દેશભરના આયાતકારોએ કોઈ પણ વસ્તુની આયાત કરતા પહેલા જરૂરી સાવચેતી રાખીને, આયાત કરેલા માલ પર 'રૂલ્સ ઓફ ઓરીજન'થી સંબંધિત નિયમોનુ પાલન કરવું પડશે.

➤ 21 ઓગસ્ટ, 2020ના રોજ મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરાયેલા 'સીમા શુલ્ક'(એડમિનિસ્ટ્રેશન ઓફ ઓરિજિન રૂલ્સ ફોર ટ્રેડ એગ્રીમેન્ટ્સ) 21 સપ્ટેમ્બરથી અમલમાં આવશે.

### નવા નિયમો વિશે

- નવીનતમ નિયમો અનુસાર, આયાતકારોએ હવે કસ્ટમ્સ અધિકારીઓને દેશમાં આયાત કરેલા માલ માટે તે દેશમાં 35% મૂલ્ય વધારાનો પુરાવો આપવો પડશે, જેની સાથે ભારતે 'મુક્ત વેપાર કરાર'(FTA- Free Trade Agreement) કર્યો છે અને જો તેઓ આ પ્રમાણપત્ર આપવામાં નિષ્ફળ જાય, તો તેઓ કરાર હેઠળ ઉપલબ્ધ વિવિધ છૂટછાટો પ્રાપ્ત કરી શકશે નહીં.
- સરકારના આ નિર્ણયનો અર્થ એ થશે કે ચીનમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓ અન્ય કોઈ પણ દેશના રસ્તાથી ભારતમાં આવનારી વસ્તુઓને FTA હેઠળ કસ્ટમ છૂટનો લાભ મળશે નહીં.
- આયાતકારોએ પણ માલની આયાત કરતી વખતે બિલ ઓફ એન્ટ્રી પર વસ્તુની ઉત્પત્તિ (વસ્તુના ઉત્પાદનનું સ્થળ) સાથે સંબંધિત માહિતી પૂરી પાડવાની રહેશે.

### Back to Basics : રૂલ્સ ઓફ ઓરીજન વિશે

- ઉત્પાદનના રાષ્ટ્રીય સ્ત્રોતને નિર્ધારિત કરવા માટે 'રૂલ્સ ઓફ ઓરીજન' એ આવશ્યક માપદંડ છે.
- આંતરરાષ્ટ્રીય વેપારમાં, 'રૂલ્સ ઓફ ઓરીજન' ખૂબ મહત્ત્વના છે કારણ કે ઘણા કિસ્સાઓમાં વસ્તુઓ પર શુલ્ક અને માલ પરના પ્રતિબંધોનુ નિર્ધારણ 'આયાતના સ્ત્રોત' પર આધારિત છે.
- તેનો ઉપયોગ 'એન્ટિ–ડમ્પિંગ ડ્યુટી' અથવા દેશની વાણિજ્ય નીતિ હેઠળના અન્ય રક્ષણાત્મક પગલાં, વેપારના આંકડા તૈયાર કરવામાં અને સરકારી ખરીદી વગેરેમાં થાય છે.

## નવ હાઇવે પ્રોજેક્ટની શરૂઆત

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બિહારમાં 14,258 કરોડના ખર્ચે બનેલા નવ હાઈવે પ્રોજેક્ટસનો શિલાન્યાસ કર્યો છે.

### હાઇવે પ્રોજેક્ટ વિશે

- આ પ્રોજેક્ટમાં રૂ.14,258 કરોડના ખર્ચે 350 કિ.મી.ના રસ્તાઓનું નિર્માણ શામેલ છે.
- બિહારના વિકાસ માટે માર્ગ મોકળો કરીને, આ રસ્તાઓ રાજ્યની અંદર અને તેની આસપાસ કનેક્ટિવિટી, સુવિધા અને આર્થિક વિકાસને વધારવામાં મદદ કરશે.
- ઉત્તરપ્રદેશ અને ઝારખંડ જેવા પાડોશી રાજ્યો સાથેના સામાન્ય લોકો અને માલની અવરજવરમાં નોંધપાત્ર સુધારો થવાની સંભાવના છે.
- આ ઉપરાંત વડાપ્રધાને 'ઘર તક ફાઈબર' પ્રોજેક્ટનું ઉધ્ઘાટન પણ કર્યું છે, જેમાં બિહારના તમામ 45,945 ગામોને ઓપ્ટિકલ ફાઈબર ઈન્ટરનેટ સેવા દ્વારા જોડવામાં આવશે.

## ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020

- કેન્દ્ર સરકારે તાજેતરમાં લોકસભામાં 'ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020' રજૂ કર્યું છે. મજૂરો પર આ બિલની જોગવાઈઓની અસર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.
- આ બિલ ઉપરાંત, શ્રમ અને રોજગારમંત્રી દ્વારા 'સોશિયલ સિક્યુરિટી કોડ, 2020' અને 'વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી સ્થિતિ કોડ, 2020' સહિત અન્ય બે લેબર કોડ બિલો પણ રજૂ કર્યા છે.

### ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020 વિશે

- ઔદ્યોગિક સંબંધ સંહિતા બિલ, 2020માં, સરકારે હડતાલ પર ઉતરવાના કામદારોના હક મર્યાદિત કરવા માટેની કેટલીક જોગવાઈઓ રજૂ કરી છે, આ સિવાય ખરડામાં ઓછામાં ઓછા 300 કામદારો સાથેના ઔદ્યોગિક મથકોને બંધ, છટણી અને એકમ બંધ કરતા પહેલા કેન્દ્ર કે રાજ્ય સરકારની પરવાનગી લેવાની રહેશે, જ્યારે આ મર્યાદા પહેલા 100 કામદારો સુધીની હતી.
- આ નવા નિયમથી નોકરીદાતાઓને કામદારોને નોકરી પર રાખવા અને ફરીથી નોકરી આપવા માટે વધુ છૂટ મળશે અને તે કોઈપણ સમયે કામદારોને છૂટા કરી શકશે, જે કામદારોની સામે રોજગારની અસલામતી તરફ દોરી જશે.
- ઔદ્યોગિક સંબંધ સંહિતા બિલ મુજબ, 300 કરતા ઓછાં કામદારો ધરાવતા ઔદ્યોગિક મથકોએ સ્થાયી હુકમો તૈયાર કરવા જરૂરી નથી. જ્યારે અગાઉ 100થી ઓછા કામદારો ધરાવતા મથકોને આ છૂટ આપવામાં આવી હતી.
- સ્થાયી હુકમ ઔદ્યોગિક મથકોમાં કાર્યરત કામદારોના આચરણના નિયમો સાથે સંબંધિત છે. સ્થાયી હુકમમાં નિયુક્તિ કરનાર ઔપચારિક રીતે પોતાના એકમમાં કાર્યની સ્થિતિને વ્યાખ્યાયિત કરે છે.

### ઔદ્યોગિક સંબંધ કોડ બિલ, 2020 સંબંધિત ચિંતાઓ

- સ્થાયી આદેશ રજૂઆત પર મર્યાદા બદલવાથી 300થી ઓછા કામદારો ધરાવતા નાના મથકોમાં કામ કરતા લોકોના મજૂર અધિકારોને નોંધપાત્ર અસર થશે.
- નિષ્ણાતોના મત મુજબ આ નિયમ દ્વારા ઔદ્યોગિક સંસ્થાઓ કામદારો માટે મનસ્વી સેવાની શરતો રજૂ કરી શકશે.
- નિષ્ણાતોના મતે, આવી મર્યાદા વધારવાનો હુકમ સંપૂર્ણપણે

બિનજરૂરી છે અને તે બતાવે છે કે સરકાર નોકરીદાતાઓ અને મોટી કંપનીઓને લોકોને નોકરીમાં લેવા અને પાછા કાઢવામાં વધુ રાહત આપવાનો પ્રયાસ કરી રહી છે, જે સ્પષ્ટ કરે છે કે તેની અસર શ્રમ અધિકારો પર જોવા મળશે.

- ઔદ્યોગિક સંબંધ કોડ બિલમાં કાયદેસર રીતે હડતાલનું આયોજન કરવા માટેની નવી જોગવાઈઓ પણ રજૂ કરવામાં આવી હતી. બિલ મુજબ ઔદ્યોગિક સ્થાપનામાં કામ કરનાર કોઈ પણ વ્યક્તિ 60 દિવસની સૂચના વિના કાયદેસર રીતે હડતાલનું આયોજન કરી શકશે નહીં. આ સિવાય, કાયદાકીય કાર્યવાહી દરમિયાન અને 60 દિવસના સમયગાળા સુધી આવી કાર્યવાહીના સમાપન પછી 'રાષ્ટ્રીય ઔદ્યોગિક ટ્રિબ્યુનલ' અથવા અન્ય કોઈ ટ્રિબ્યુનલ સમક્ષ કોઈ હડતાલનું આયોજન કરી શકાશે નહીં.
- આમ હડતાલનું આયોજન કરતા પહેલા કાયદેસર રીતે અનુમતિપાત્ર સમયમર્યાદા લંબાવવી કામદારો માટે મોટા પ્રમાણમાં હડતાલનું આયોજન કરવું અશક્ય બનાવશે.
- આ બિલને ભેદભાવકારક માનવામાં આવે છે, કારણ કે ઔદ્યોગિક મથકોમાં કામ કરતી મહિલા કામદારો માટે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નથી.

## બેસલ-III સુસંગત બોન્ડસ( BASEL 3 Compliant Bonds )

- તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ બેસલ–IIIના અનુરૂપ બોન્ડ જાહેર કરીને 7,000 કરોડ રૂપિયા એકઠા કર્યા હતા.
- જાહેર કરવામાં આવેલ બોન્ડસ બેંકની ટાયર–II મૂડીના રૂપમાં લાયક છે, અને દરેક બોન્ડની કિંમત 10 લાખ રૂપિયા છે.
- આ બોન્ડ્સ પર 10 વર્ષના સમયગાળા માટે વાર્ષિક 24% વ્યાજ દર ચૂકવવામાં આવશે.
- આ બોન્ડ પર 5 વર્ષ પછી અને ત્યારબાદ 'કોલ વિકલ્પ' આપવામાં આવ્યો છે. કોલ વિકલ્પ એટલે બોન્ડ જાહેર કરનાર એ રોકાણકારોને મુખ્ય રકમ પરત આપીને પાકતી મુદત પહેલાં બોન્ડ પાછા મેળવી શકે છે.

### બેસલ માર્ગદર્શિકાઓ વિશે

- બેસલ માર્ગદર્શિકા એ 'બેંકિંગ દેખરેખ' પર બેસલ સમિતિ (BCBC-Basel Committee on Banking Supervision) નામના કેન્દ્રીય બેંકોના સમુહ દ્વારા તૈયાર કરવામાં આવેલ સુપરવાઈઝીંગ ધોરણો છે.
- BCBC દ્વારા ઘડવામાં આવેલ માનકો મુખ્યત્વે બેંકો માટે 'જોખમ' પર કેન્દ્રિત છે અને આ માનક નાણાકીય પ્રણાલીને 'બેસલ એકોર્ડ' કહેવામાં આવે છે.
- બેઝલ, સ્વિટ્ઝર્લેન્ડનું એક શહેર છે. અહીં 'બ્યુરો ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ'નું મુખ્ય મથક છે.
- બેસલ કરારનો ઉદ્દેશ્ય અણધાર્યું નુકસાન સહન કરવા અને નાણાકીય સંસ્થાઓની જવાબદારી પૂરી કરવા માટે પૂરતી મૂડીની ખાતરી કરવાનો છે.

## CAROTAR-2020 નિયમો

- કસ્ટમ્સ (વેપાર કરાર હેઠળના 'મૂળ નિયમો'નો વહીવટ) નિયમો, 2020 (CAROTAR-Customs (Administration of Rules of Origion Under Trade Agreement Rules, 2020) 21 સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવ્યા છે.

### CAROTAR-2020 નિયમો વિશે

- આ નિયમો મુક્ત વેપાર કરાર હેઠળ આયાત પર પ્રેફરન્શિયલ ડ્યુટી દરને મંજૂરી આપવા માટે 'રૂલ્સ ઓફ ઓરીજન'ના અમલીકરણ માટેની માર્ગદર્શિકા સૂચવે છે.
- આ વિવિધ વેપાર કરારો(FTA/PTA/CECA/CEPA) હેઠળ પહેલેથી લાગુ કરાયેલ ઓપરેશનલ સર્ટિફિકેશન પ્રક્રિયાના પૂરક નિયમો છે.
- CAROTAR-2020 નિયમોને 21 ઓગસ્ટ, 2020ના રોજ મહેસૂલ વિભાગ દ્વારા સૂચિત કરવામાં આવ્યા હતા. આ માટે આયાતકારો અને અન્ય હોદ્દેદારોને નવી જોગવાઈઓ સાથે ઢળવા 30 દિવસનો સમય આપવામાં આવ્યો હતો.
- હવે, કોઈપણ વસ્તુની આયાત કરતા પહેલા આયાત કરનારને સુનિશ્ચિત કરવું પડશે કે જ્યાંથી આયાત કરવામાં આવી રહી છે તે સ્થળ નિર્ધારિત માપદંડને પૂર્ણ કરે છે.
- સામાન્ય દિશાનિર્દેશોની સાથે, આ નિયમોમાં આયાતકારોના ઉપયોગ માટે આયાત કરનાર સાથે હોવું જરૂરી એવા ટૂંકા લોકોની સૂચિ પણ શામેલ કરવામાં આવી છે.
- રૂલ્સ ઓફ ઓરીજન પ્રમાણપત્રમાં ઉપલબ્ધ બિલ ઓફ એન્ટ્રીમાં ઉત્પાદનની જગ્યા સંબંધિત આયાતકારને પણ માહિતી આપવી પડશે.

## IFSCA સમિતિનો રીપોર્ટ

- 'આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર'ની(IFSC-International Financial Services Center) નિષ્ણાત સમિતિ IFSCA એ 'આંતરરાષ્ટ્રીય છૂટક વ્યવસાય વિકાસ' પર પોતાનો વચગાળાનો અહેવાલ IFSCAના અધ્યક્ષને આપ્યો છે.

- વચગાળાના અહેવાલમાં IFSCAમાં આંતરરાષ્ટ્રીય છૂટક વ્યવસાયોના ઝડપી અને કાર્યક્ષમ વિકાસને ધ્યાનમાં રાખીને ઘણા સૂચનો આપવામાં આવ્યા છે. તે મુખ્યત્ત્વે બેન્કિંગ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વીમા, સંપત્તિ સંચાલન અને મૂડી બજારો વગેરે અન્ય મોટા વ્યવસાયિક ક્ષેત્રો છે જે સમિતિના અહેવાલમાં આવરી લેવામાં આવશે.

### IFSCA નિષ્ણાંત સમિતિ વિશે

- IFSCA દ્વારા IFSCમાં 'આંતરરાષ્ટ્રીય રિટેલિંગ વ્યવસાય'ને વિકસાવવા IFSCને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ માટે આકર્ષક બનાવવા માટે સંભવિત વ્યૂહરચનાઓ બનાવવા, IFSCમાં 'આંતરરાષ્ટ્રીય રિટેલિંગના વિકાસ' માટે માર્ગદર્શિકા પ્રદાન કરવા અને IFSCના વિકાસમાં મહત્વપૂર્ણ અન્ય મુદ્દાઓ અને ભલામણો કરવાના હેતુસર એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી.
- સમિતિના સૂચનો મુજબ, IFSCA એ નીચેના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ:

1) ભારતમાં આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને વ્યવસાયના વિકાસ માટે પ્રવેશદ્વાર તરીકે પોતાને સ્થાપિત કરવું.
2) ભારતીય ડાયસ્પોરા અને એશિયા અને આફ્રિકાના વ્યક્તિઓને IFSCથી નાણાકીય સેવાઓની વ્યાપક શ્રેણી પ્રદાન કરવી.
3) ઉદારીકરણ માટેની રેમિટન્સ યોજના આપીને ઘરેલું રહેવાસીઓની સેવા કરવી.

### Back to Basics : આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ કેન્દ્ર(IFSC) વિશે

- IFSC સ્થાનિક અર્થતંત્રના અધિકારક્ષેત્રની બહારના ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરે છે. તે દેશની સીમાઓ પર નાણા, નાણાકીય ઉત્પાદનો અને સેવાઓના પ્રવાહથી સંબંધિત બાબતો સાથે સંબંધિત છે.
- ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ(GIFT)ને દેશના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ કેન્દ્ર તરીકે વિકસિત કરવામાં આવી છે.
- લંડન, ન્યુયોર્ક અને સિંગાપોર વિશ્વના અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રોમાં ગણાય છે. શાંઘાઈ અને દુબઈ જેવા વિશ્વભરના ઘણા ઉભરતા IFSC આગામી વર્ષોમાં વૈશ્વિક ભૂમિકા નિભાવવાની તૈયારીમાં છે.
- વર્ષ 2007માં, વર્લ્ડ બેંકના ભૂતપૂર્વ અર્થશાસ્ત્રી 'પર્સી મિસ્ત્રી'ની અધ્યક્ષતામાં એક નિષ્ણાંત પેનલે મુંબઈને આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર બનાવવાનો અહેવાલ રજૂ કર્યો હતો.

## રવી પાક માટે MSPમાં વધારો

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ નાણાકીય વર્ષ 2020-21માં વેચવામાં આવનાર છ રવી પાક માટે ન્યૂનત્તમ ટેકાના ભાવમાં વધારાની જાહેરાત કરી છે.

### રવી પાકની MSPમાં વધારા વિશે

- કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર લઘુત્તમ ટેકાના ભાવમાં (MSP) આ વધારો સ્વામિનાથન આયોગની ભલામણોને અનુરૂપ છે. વિવિધ રવિ પાકોની MSP અંતર્ગત નીચે મુજબ વધારો કરવામાં આવ્યો છે.

**1) ઘઉં:-**
- ઘઉંના ન્યુનત્તમ ટેકાના ભાવ(MSP) વર્ષ 2020-21 માટે ક્વિન્ટલ દીઠ 1,975 રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે, જે વર્ષ 2019-20માં પ્રતિ ક્વિન્ટલ 1,925 કરતા 2.6% વધારે છે. ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવમાં છેલ્લાં 11 વર્ષમાં સૌથી ઓછો વધારો છે.

**2) મસૂર:-**
- સરકારે સૌથી વધુ વધારો મસૂરના લઘુત્તમ ટેકાના ભાવમાં કર્યો છે, તેનો લઘુત્તમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ.5,100 નક્કી કરવામાં આવ્યા છે, જે વર્ષ 2019-20ની અપેક્ષાએ 6.25% અથવા 600 રૂપિયા વધારે છે. ગયા વર્ષે મસૂરના લઘુત્તમ ટેકાના ભાવમાં 325 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અથવા 7.26% નો વધારો કરવામાં આવ્યો છે.

**3) ચણા:-**
- ચણાના લઘુત્તમ ટેકાના ભાવમાં પાછલા વર્ષ કરતા 225 રૂપિયા અથવા 4.62% વધારો કરવામાં આવ્યો છે. અને તેની કિંમત પ્રતિ ક્વિન્ટલ 5,100 રૂપિયા પર પહોંચી ગઈ છે. વર્ષ 2019-20માં ચણાના લઘુત્તમ ટેકાના ભાવમાં ક્વિન્ટલ રૂ.255નો વધારો કરવામાં આવ્યો હતો.

**4) સરસવ:-**
- આ વર્ષે સરસવના લઘુત્તમ ટેકાના ભાવમાં 4,650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યા છે, જે વર્ષ 2019-20 કરતા 225 રૂપિયા અથવા 5.08% વધારે છે.

**5) કુસુમ:-**
- કુસુમના લઘુત્તમ ટેકાના ભાવમાં રૂ.112 અથવા 2.15%નો વધારો કરી પ્રતિ ક્વિન્ટલ રૂ.5,327 કરવામાં આવી છે.

**6) જવ:-**
- વર્ષ 2020-21 માટે જવના લઘુત્તમ ટેકાના ભાવ રૂ.75 (4.92%) વધારીને રૂ.1,600 કરવામાં આવ્યા છે, જે ગયા વર્ષે પ્રતિ ક્વિન્ટલ રૂ.1,525 હતો.

## Back to Basics : લઘુત્તમ ટેકાના ભાવ(MSP) વિશે

- MSP એ સરકાર દ્વારા નક્કી કરવામાં આવતું એ મૂલ્ય છે જેના પર ખેડૂત પોતાની પેદાશ/ઉપજ સીઝન દરમિયાન વેચી શકે છે.
- જ્યારે બજારમાં કૃષિ ઉત્પાદનોનું મૂલ્ય ઘટતું હોય ત્યારે સરકાર ખેડૂતોથી MSP પર કૃષિ ઉત્પાદનોની ખરીદી કરી તેમના હિતોની સુરક્ષા કરે છે.

## MSP નક્કી કોણ કરે છે ?

- આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ એ "કૃષિ ખર્ચ અને કિંમત આયોગ" (Commission for Agriculture Costs and Prices-CAPC)ની ભલામણ પર પ્રત્યેક વાવણીના સમયની શરૂઆતમાં MSPની જાહેરાત કરે છે.
- વર્ષમાં 2 વખત ખરીફ અને રવિ પાકના મોસમની શરૂઆતમાં MSPની જાહેરાત કરવામાં આવે છે.

## કયાં પરીબળોને આધારે MSP નક્કી થાય છે ?

- CAPC દ્વારા MSPની ભલામણ કરતી વખતે MSP નક્કી કરવામાં નીચેના પરિબળોને ધ્યાનમાં રાખવામાં આવે છે જેના આધારે MSP નક્કી થાય છે.
  a) માંગ અને પૂરવઠો
  b) ઉત્પાદનનો ખર્ચ
  c) ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બંને બજારમાં ભાવના વલણો
  d) આંતર–પાક સમાનતા
  e) કૃષિ અને બિન–કૃષિ વચ્ચે વ્યાપારની શર્તો
  f) ઉત્પાદન ખર્ચ પર લાભના રૂપમાં ન્યૂનતમ 50%
  g) ઉત્પાદનના વપરાશકર્તાઓ પર MSPનો સંભવિત પ્રભાવ.

## CAPC દ્વારા લઘુતમ ટેકાના ભાવ સંબંધે ધ્યાનમાં લેવામાં આવતો ઉત્પાદન ખર્ચ :

- CAPC દ્વારા MSP નક્કી કરતી વખતે ઉત્પાદન ખર્ચના સંબંધે નીચેના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

| ઉત્પાદન ખર્ચની કિંમત | માહિતી |
|---|---|
| A2 | તેના અંતર્ગત ખેડૂતને કૃષિ પેદાશ અર્થે સીધો થતો ખર્ચ દા.ત. બીજ, ખાતર, જંતુનાશક, ભાડાના મજૂરો, સિંચાઈ વગેરેની કિંમતોનો સમાવેશ થાય છે. |
| A2+FL | અહીં ઉપરોક્ત A2 ખર્ચ સાથે અવેતન કુટુંબ મજૂરી (Unpaid Family Labour)નો પણ સમાવશે કરવામાં આવે છે. |
| C2 | તે એક વધુ વ્યાપક ખર્ચ છે જેના અંતર્ગત A2 + FL ખર્ચ ઉપરાંત ખેડૂતની પોતાની માલિકીની સંપત્તિ પરના ભાડા અને વ્યાજનો પણ સમાવેશ કરવામાં આવે છે. |

# સરકારી જામીનગીરી

- આ નાણાકીય વર્ષમાં 7 એપ્રિલથી 22 સપ્ટેમ્બર સુધીમાં 27 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા 'રાજ્ય સરકારની જામીનગીરી' અથવા 'રાજ્ય વિકાસ લોન'ના માધ્યમથી રૂ.3.26 લાખ કરોડની રકમ એકત્ર કરવામાં આવી છે.
- વર્ષ 2019-20માં સમાન ગાળામાં લોન દ્વારા એકત્ર કરવામાં આવેલી રકમ કરતા આ રકમ 45% વધુ છે.
- તમિલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન ટોચના ઋણ લેનારા રાજ્યો રહ્યા છે. આ પાંચ રાજ્યોને અત્યાર સુધીની રાજ્યોને આપવામાં આવેલી કુલ લોનમાંથી 54% આપવામાં આવી છે.

## સરકારી જામીનગીરી (G-Sec)વિશે

- સરકારી જામીનગીરી /G-Sec (G-Security) એ 'ટ્રેડેબલ સાધન' છે જે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારો દ્વારા જાહેર કરવામાં આવે છે.
- તે સરકારના દેવાની જવાબદારી સ્વીકારે છે.
- આવી જામીનગીરી ટૂંકા ગાળાની(ટ્રેઝરી બીલ– એક વર્ષથી ઓછી મુદતની પરિપકવતા સાથે) અથવા લાંબા ગાળાની(સરકારી બોન્ડ અથવા તારીખની સિકયોરિટીઝ–એક વર્ષ કે તેથી વધુની મૂળભૂત પરિપકવતા સાથે) બંને પ્રકારની હોય શકે છે.
- કેન્દ્ર સરકાર ટ્રેઝરી બિલ અને સરકારી બોન્ડ અથવા તારીખની સિકયોરિટીઝ બંને જાહેર કરે છે.
- રાજ્ય સરકારો ફક્ત બોન્ડ અથવા તારીખની જામીનગીરી જાહેર કરે છે, જેને 'રાજ્ય વિકાસ લોન'તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે, ત્યાં ડિફોલ્ટ થવાનું જોખમ નથી.
- વિદેશી પોર્ટફોલિયોના રોકાણકારોને નિયત સમય મર્યાદામાં G-Sec માર્કેટમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે.

# ઈંફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેંટ ટ્રસ્ટ

- તાજેતરમાં, 'ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઓથોરિટી' (NHAI) એ 'ઈંફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેંટ ટ્રસ્ટ'(InvIT)નો માર્ગ ઈન્ફ્રાસ્ટ્રચર બાંધકામ માટે ભંડોળ એકત્ર કરવા માટે એક ઉપકરણના રૂપમાં ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે.

### 'ઈંફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેંટ ટ્રસ્ટ'(InvIT) વિશે

- InvIT એ એવા ઉપકરણો છે જે મ્યુચ્યુઅલ ફંડસની જેમ કાર્ય કરે છે. આ મિલકતમાં રોકાણ કરવા માટે ઘણા રોકાણકારો પાસેથી નાણાંની કમાણી કરવા માટે બનાવવામાં આવ્યા છે જે એક સમયગાળા દરમિયાન રોકડ પ્રવાહ આપે છે. આ રોકડ પ્રવાહનો એક ભાગ રોકાણકારોને ડિવિડન્ડ તરીકે વહેંચવામાં આવે છે.
- એક 'InvIT' પ્રારંભિક જાહેર ઓફર(IPO-Initial Public Offer)માં લઘુત્તમ રોકાણ રકમ 10 લાખ રૂપિયા છે. તેથી ઉચ્ચ નેટવર્થવાળા વ્યક્તિઓ, સંસ્થાકીય અને બિન–સંસ્થાકીય રોકાણકારો માટે InvIT યોગ્ય છે.
- IPOના માધ્યમથી સ્ટોકની જેમ એકસચેન્જમાં InvIT સુચિબદ્ધ છે.
- InvITને SEBI(ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટસ) રેગ્યુલેશન, 2014 દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે.

### InvITનું માળખું

- મ્યુચ્યુઅલ ફંડસની જેમ, તેમાં પણ ટ્રસ્ટીઓ, પ્રાયોજકો, રોકાણ મેનેજરો અને પ્રોજેકટ મેનેજર્સ હોય છે.
- ટ્રસ્ટીની પાસે InvITની કામગીરીની તપાસ કરવાની જવાબદારી છે.
- પ્રાયોજક એ કંપનીના પ્રમોટર છે જેણે InvITની સ્થાપના કરી છે.
- ઇન્વેસ્ટમેન્ટ મેનેજરને InvITની સંપત્તિઓ અને રોકાણોની દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે.
- પ્રોજેક્ટ મેનેજર પ્રોજેકટના અમલીકરણ માટે જવાબદાર છે.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય

- પંડિત દીનદયાળ ઉપાધ્યાયની 104મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું હતુ કે 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય'ના આદર્શો આપણને ગરીબોની સેવા કરવાનુ અને તેમના જીવનમાં સકારાત્મક તફાવતની ખાતરી આપવા પ્રેરણા આપે છે.

### પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિશે

- પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો જન્મ 25 સપ્ટેમ્બર,1916ના રોજ મથુરા જિલ્લના નાગલા ચંદ્રભાન ગામમાં થયો હતો.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક દાર્શનિક, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી અને રાજકારણી હતા.
- તેમના દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ફિલસૂફીને 'એકાત્મક માનવવાદ' કહેવામાં આવે છે જેનો હેતુ 'સ્વદેશી સામાજિક–આર્થિક મોડેલ' રજૂ કરવાનો હતો જેના કેંદ્રમાં માનવ વિકાસ છે.
- વર્ષ 1942માં, તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સંપૂર્ણ કાર્યકર તરીકે જોડાયા હતા, જે સંઘ પ્રચારક તરીકે ઓળખાય છે.
- તેમણે હિન્દુત્વ રાષ્ટ્રવાદની વિચારધારા ફેલાવવાના ઉદ્દેશ્યથી વર્ષ 1940ના દાયકામાં લખનૌથી 'રાષ્ટ્ર ધમ' નામનું માસિક સામયિક શરૂ કર્યુ હતુ.

## વિશ્વ સમુદ્રી દિવસ

- વિશ્વના અર્થતંત્રમાં આંતરરાષ્ટ્રીય દરિયાઇ ઉદ્યોગ ખાસ કરીને શિપિંગ ઉદ્યોગના યોગદાનને ધ્યાનમાં રાખીને વૈશ્વિક સ્તરે 24 સપ્ટેમ્બર, 2020ના રોજ વિશ્વ સમુદ્રી દિવસ(વર્લ્ડ મેરીટાઇમ દિવસ)નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીની તારીખ પ્રત્યેક દેશની સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. પરંતુ મોટાભાગે આ દિવસની ઉજવણી સપ્ટેમ્બર મહીનાના અંતિમ ગુરૂવારે કરવામાં આવે છે.
- વિશ્વ સમુદ્રી દિવસનો મુખ્ય ઉદ્દેશ દરિયાઇ સુરક્ષા, શિપિંગ સુરક્ષા અને દરિયાઇ પર્યાવરણના મહત્વ અંગે જાગૃતિ લાવવાનો છે.
- 17 માર્ચ, 1978ના રોજ પ્રથમ વખત વર્લ્ડ મેરીટાઇમ દિવસનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
- વર્ષ 2020ના આ દિવસની થીમ 'Sustainable shipping for a sustainable planet' રાખવામાં આવી હતી

## MSME ક્ષેત્રને પુનઃજીવિત કરવા પાંચ ટાસ્ક ફોર્સનુ ગઠન

- 23 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારત સરકાર દ્વારા દેશમાં MSME ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પાંચ જુદા જુદા મુખ્ય ક્ષેત્રોમાં પાંચ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સ ભવિષ્ય માટે સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) તૈયાર કરશે. આ દેશને એક મુખ્ય નિકાસકાર બનાવવામાં નક્કર વ્યૂહરચના બનાવશે.

### ટાસ્ક ફોર્સ વિશે

- આ ટાસ્ક ફોર્સ એક મહિના સુધી કામ કરશે અને વિવિધ મંત્રાલયો હેઠળ તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- પ્રથમ ટાસ્ક ફોર્સ ઉદ્યોગ–4.0 માટે છે જેમાં વર્ચ્યુઅલ રિયાલિટી, 3D જેવા તત્ત્વો શામેલ છે. ઉપરાંત, આ ટાસ્ક ફોર્સ ભારતને ઉદ્યોગના–4.0ના વૈશ્વિક પ્રમુખ બનાવવા માટે કાર્ય કરશે.

- બીજી ટાસ્ક ફોર્સ 'નિકાસ પ્રમોશન અને આયાત અધોગતિ' પર બનાવવામાં આવ્યુ છે. તે મુખ્ય ઉત્પાદન ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ગુણવત્તાના ધોરણો, ડિઝાઈન, પેકેજિંગ અને તકનીકીમાં સુધારો કરશે.
- ત્રીજી ટાસ્ક ફોર્સ રી–એંજિનિયરીંગ પર કેંદ્રીત છે. તે હાલની કલસ્ટર યોજનાઓમાં ક્ષૈતિજ અને લંબવત રૂપમાં કરવામાં આવશે. તે માઈક્રો લેવલ એંટરપ્રાઈઝ અને જમીની સ્તરના ઉદ્યોગોને મદદ કરશે.
- ટેકનોલોજી કેન્દ્રોને એકીકૃત કરવા માટે ચોથા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.
- પાંચમી ટાસ્ક ફોર્સ LEAN, ZED(ઝીરો ડિફેક્ટ અને ઝીરો ઈફેક્ટ) જેવી અનેક આધુનિકીકરણ યોજનાઓ પર કામ કરશે. ઉપરાંત, તે બૌદ્ધિક સંપત્તિના હકો અને ડિઝાઈન સંબંધિત અન્ય યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## ફેસલેસ આવકવેરા અપીલ

- તાજેતરમાં, આવકવેરા વિભાગ દ્વારા ફેસલેસ આવકવેરા અપીલની શરૂઆત કરવામાં આવી છે.

### ફેસલેસ આવકવેરા અપીલ વિશે

- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા જાહેર કરવામાં આવેલી રજૂઆત અનુસાર, હવેથી તમામ આવકવેરાની અપીલોનુ નિરાકરણ ફેસલેસ માધ્યમથી કરવામાં આવશે.
- જો કે મોટા કરવેરા કૌભાંડો, કરચોરી, આંતરરાષ્ટ્રીય કર અને કાળા નાણાંથી સંબંધિત કેસોની કાર્યવાહી જૂની રીતે જ કરવામાં આવશે.
- આ વર્ષે 13 ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફેસલેસ આવકવેરા આકારણી અને કરદાતા ચાર્ટરની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે આ સુવિધા પંડિત દીન દયાળ ઉપાધ્યાયના જન્મદિવસથી શરૂ કરવામાં આવશે. આ સુવિધા સાથે કરદાતા અથવા તેના વકીલ અને આવકવેરા વિભાગ વચ્ચે કોઈ સીધો સંપર્ક રહેશે નહીં.
- કરદાતાઓ તેમની સુવિધા અનુસાર આવકવેરા વિભાગને ડિજિટલ રીતે જરૂરી માહિતી મોકલી શકે છે.
- આ અંતર્ગત એક શહેરમાં સૂચિત હુકમ તૈયાર કરવામાં આવશે, જ્યારે બીજા શહેરમાં તેના પર વિચારણા કરવામાં આવશે જેથી આદેશી નિષ્પક્ષતા સુનિશ્ચિત થઈ શકે.
- આ સુવિધા આવકવેરા વિભાગને પારદર્શક, જવાબદાર અને કાર્યક્ષમ બનાવવામાં મદદ કરશે.
- અત્યાર સુધીમાં આશરે 4 લાખ 60 હજાર જેટલી આવક વેરાની અપીલ બાકી છે, જેમાંથી 88% અપીલનું નિરાકરણ ફેસલેસ માધ્યમથી થઈ શકે તેમ છે.

## રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)

- તાજેતરમાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ(NCDC) દ્વારા લઘુતમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP) પ્રોગ્રામ અંતર્ગત ખરીફ પાકમાં ડાંગરની ખરીદી માટે છત્તીસગઢ, હરિયાણા અને તેલંગાણાની રાજ્ય સરકારને 19,444 કરોડની રકમના પ્રથમ હપ્તાને માન્યતા આપવામાં આવી છે.

### રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ વિશે

- રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ એ એક રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ અધિનિયમ, 1962 હેઠળ સ્થાપિત વૈધાનિક કોર્પોરેશન છે.
- NCDCનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદનો, ખાદ્ય ચીજો, ઔદ્યોગિક વસ્તુઓ, પશુધન અને કેટલીક અન્ય સૂચિત વસ્તુઓ અને સેવાઓના સહકારી સિદ્ધાંતો પર ઉત્પાદન, પ્રસંસ્કરણ, માર્કેટિંગ, સંગ્રહ, નિકાસ અને આયાત માટેના કાર્યક્રમોની યોજના બનાવવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.
- સહકારી સંસ્થાઓ માટે NCDC એક મુખ્ય નાણાકીય સંસ્થા છે.
- તેના દ્વારા એક 'મિશન સહકાર–22'ની શરૂઆત કરવામાં આવી છે, જેનું લક્ષ્ય વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું છે.

## નવી સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020 (DAP,2020)

- તાજેતરમાં નવી સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020 બહાર પાડવામાં આવી હતી, જે મૂડી બજેટથી સંરક્ષણ ઉપકરણોની ખરીદીને નિયંત્રિત કરશે.
- 1 ઓકટોબરથી આ નવી નીતિ વર્ષ 2016ની સંરક્ષણ પ્રક્રિયાનુ સ્થાન લેશે.

### નવી સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020ની મુખ્ય લાક્ષણિકતાઓ

1. **સ્વદેશી કંપનીઓ માટે અનામત :-**

- આ નવી નીતિમાં સ્વદેશી કંપનીઓ માટે અનેક ખરીદ શ્રેણીઓને અનામત રાખવામાં આવી છે.
- સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020એ 'ભારતીય વિક્રેતા'ને એવી કંપની તરીકે વ્યાખ્યાયિત કરે છે કે જે ભારતીય રહેવાસી નાગરિકોની માલિકીની અને અંકુશવાળી હોય અને જેમાં સીધુ વિદેશી રોકાણ(FDI) 49%થી વધુ ન હોય.

2. **નવી ખરીદ શ્રેણી(ભારતમાં વૈશ્વિક ઉત્પાદન) :-**

- તે ટેકનોલોજી ટ્રાન્સફર સાથે ભારતમાં ઉત્પાદનના હેતુ

થી કરવામાં આવેલા વિદેશી ખરીદીના કુલ કરાર મૂલ્યના ઓછામાં ઓછા 50% સ્વદેશીકરણને સૂચવે છે.

➢ સ્વદેશીકરણની જરૂરિયાતોને પહોંચી વળવા, તે વિક્રેતાને વિદેશમાં ઉત્પાદિત મોટાભાગના ઉપકરણોને સપ્લાય કરવાને બદલે ભારતમાં ઉપકરણો બનાવવા માટે દબાણ કરશે.

3. **વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ**

➢ તે લાયસન્સ હેઠળ ભારતમાં ઉત્પાદિત સાધનો સહિત શસ્ત્રો અને લશ્કરી ખરીદીના સાધનોમાં વધુને વધુ સ્વદેશી સામગ્રીના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. મોટાભાગની અધિગ્રહણ શ્રેણીમાં, સંરક્ષણ ખરીદી પ્રક્રિયા, 2016ની સરખામણીમાં સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020માં 10% વધુ સ્વદેશીકરણના કરારો છે.

4. **સ્વદેશી સામગ્રીનું માપન**

➢ સ્વદેશી સામગ્રીની ગણતરી હવે 'બેઝ કોન્ટ્રાક્ટ ભાવ' પર કરવામાં આવશે, જે કર અને શુલ્કના મૂલ્યને કુલ કરારના મૂલ્યથી બાદ કરીને મેળવવામાં આવે છે.

5. **આયાત વેપાર પ્રતિબંધ સૂચિ**

➢ સરકાર દ્વારા ગત મહિને આપવામાં આવેલી 101 વસ્તુઓની 'આયાત વેપાર નિષેધ સૂચિ'નો પણ સંરક્ષણ ખરીદ પ્રક્રિયા, 2020માં સમાવેશ કરવામાં આવ્યો છે.(વેપાર પ્રતિબંધ એ એક સરકારનો આદેશ છે કે જે ચોક્કસ દેશમાંથી વેપાર અથવા વિશિષ્ટ માલની આપ–લે પર પ્રતિબંધ રાખે છે.)

6. **ઓફસેટ જવાબદારી**

➢ સરકારે નક્કી કર્યું છે કે જો આંતર–સરકારી કરાર(IGA) સરકારથી સરકાર અથવા પ્રારંભિક એકમાત્ર વિક્રેતા દ્વારા કરવામાં આવે છે, તો સરકાર સંરક્ષણ ઉપકરણોની ખરીદીમાં ઓફસેટ કલમની જોગવાઈ નહીં રાખે.

➢ ઓફસેટ કલમની જોગવાઈ હેઠળ એક વિદેશી વિક્રેતા માટે જરૂરી હોય છે કે તે કરારના ભાવમાંથી એક ભાગનુ રોકાણ ભારતમાં કરે.

## રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ દ્વારા બેંકો માટે ધિરાણની મર્યાદામાં વધારો

➢ કોવિડ–19 રોગચાળા દ્વારા ઉત્પન્ન થયેલ આર્થિક સંકટના કારણે લીધે રિઝર્વ બેંકે તરલતાની તંગીને પહોંચી વળવા 31 માર્ચ, 2021 સુધીમાં બેંકોને આપવામાં આવતી ધિરાણ સુવિધાને છ મહિના સુધી વધારવાનો નિર્ણય લીધો છે.

➢ માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી(MSF) હેઠળ અનુસૂચિત બેંકો માટે ધિરાણની મર્યાદા તેમના NDTL (Net Demand and Time Liability)ના 2% થી વધારીને 3% કરવામાં આવી હતી, જે 27 માર્ચ, 2020થી લાગુ થઈ છે.

### MSF(Marginal Standing Facility) વિશે

➢ MSF હેઠળ બેંક SLR(Statutory Liquidity Ratio) ના આધારે રાતોરાત ઉધાર લઈ શકે છે.

➢ ઈન્ટરબેંક લિકિવડિટી સંપૂર્ણ રીતે સમાપ્ત થવાની સ્થિતિમાં તે અનુસૂચિત બેંકો માટે RBI પાસેથી રાતોરાત ઉધાર લેવા માટેની એક વિંડો છે.

➢ આ યોજના RBI દ્વારા નાણાકીય નીતિમાં સુધારો કરીને વર્ષ 2011-12માં રજૂ કરવામાં આવી હતી.

➢ આ એક દંડાત્મક દર છે જેના આધારે ક્રેડિટ સપોર્ટ પૂર્ણ થઈ ગયાની સ્થિતિમાં બેંકો RBI પાસેથી પૈસા ઉધાર લઈ શકે છે.

### NDTL(Net Demand and Time Liability) વિશે

➢ NDTL જાહેર જનતાની કુલ માંગ અને સમયની જવાબદારીઓને(થાપણો) સંદર્ભિત કરે છે જે અન્ય બેંકો સાથે બેંકો દ્વારા જાળવવામાં આવે છે.

➢ ઉચ્ચ–ગુણવત્તાની પ્રવાહી સંપત્તિમાં ફક્ત તેવી જ ઉચ્ચ ક્ષમતાની સંપત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે જે સરળતાથી અને ઝડપથી રોકડમાં રૂપાંતરિત થઈ શકે છે.

## ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો માટે પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન યોજના

➢ અમેરિકન કંપની Apple Inc.ના ત્રણ ટોચના કરાર ઉત્પાદકો આવતા પાંચ વર્ષમાં ભારતમાં લગભગ 900 મિલિયન ડોલરનું રોકાણ કરવાનું આયોજન બનાવી રહ્યા છે. જેથી એક નવી ઉત્પાદન–લિંક્ડ પ્રોત્સાહન યોજનાનુ નિર્માણ થઈ શકે.

### પ્રોડક્શન-લિંક્ડ પ્રોત્સાહન યોજના વિશે

➢ 1 એપ્રિલના રોજ ઈલેક્ટ્રોનિક્સ પર રાષ્ટ્રીય નીતિના ભાગ રૂપે તેને સૂચિત કરવામાં આવ્યુ હતું.

➢ આ યોજના ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ઈલેક્ટ્રોનિક્સ વેલ્યુ ચેઈનમાં મોટા રોકાણો આકર્ષવા માટે નાણાકીય પ્રોત્સાહનોની જોગવાઈ કરે છે.

- આ યોજના ભારતમાં ઉત્પાદિત વસ્તુઓના વૃદ્ધિ દર(બેઝ વર્ષ) પર 4% થી 6% સુધીની પ્રોત્સાહન રકમ પ્રદાન કરશે અને પાંચ વર્ષના સમયગાળા માટે લક્ષિત ભાગ હેઠળ પાત્ર કંપનીઓને આવરી લેશે. જેમાં પ્રોત્સાહકની ગણતરી માટે નાણાકીય વર્ષ 2019-20ને 'આધાર વર્ષ' માનવામાં આવશે.
- આ યોજના નોડલ એજન્સી દ્વારા અમલમાં મૂકવામાં આવશે, જે 'પ્રોજેક્ટ મેનેજમેન્ટ એજન્સી' તરીકે કાર્ય કરશે અને સમય–સમયે ઈલેક્ટ્રોનિકસ અને માહિતી તકનિક મંત્રાલય દ્વારા સોંપવામાં આવેલી સચિવાલય, વ્યવસ્થાપક અને અમલીકરણ સપોર્ટ અને અન્ય જવાબદારીઓને પૂર્ણ કરવા માટેજવાબદાર રહેશે.

### પાત્રતા

- યોજના મુજબ મોબાઈલ ફોન બનાવતી કંપનીઓ કે જે રૂ.15,000 કે તેથી વધુના ભાવે વેચે છે, તેઓને ભારતમાં બનેલા આવા તમામ મોબાઈલ ફોનના વધારાના વેચાણ પર 6% સુધીની પ્રોત્સાહન રકમ મળશે.
- તે જ કેટેગરીમાં જે કંપનીઓ ભારતીય નાગરિકોની માલિકીની છે અને આવા મોબાઈલ ફોન બનાવે છે તેઓ માટે આગામી ચાર વર્ષ માટે પ્રોત્સાહન રૂ. 200 કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.

## ભાગેડુ આર્થિક ગુનેગાર (FEO-Fugitive Economic Offenders)

- 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'ની(ED) વિનંતી પર એક વિશેષ અદાલતે સ્ટર્લિંગ બાયોટેક કેસમાં ત્રણ લોકોને ભાગેડું આર્થિક ગુનેગાર (FEO) તરીકે જાહેર કર્યા છે.

### સ્ટર્લિંગ બાયોટેકનો મુદ્દો:

- ED સ્ટર્લિંગ બાયોટેક અને અન્ય સામે મની લોન્ડરિંગની તપાસ CBI દ્વારા ઓક્ટોબર, 2017માં દાખલ કરવામાં આવેલી બે FIRના આધારે કરી રહી છે. એક કિસ્સામાં, એજન્સીઓએ કથિત રૂપે અજાણ્યા આવકવેરા વિભાગના અધિકારીઓના અપ્રગટ ભંડોળને રૂટ કર્યા છે, જ્યારે બીજો મામલો રૂ. 8,100 કરોડની બેંક લોન રિકવરીને લગતો છે.

### ભાગેડુ આર્થિક ગુનેગાર(FEO) વિશે

- ફયુજિટિવ ઈકોનોમિક અફેંડર્સ એક્ટ, 2018 મુજબ જે વ્યક્તિની સામે ઓછામાં ઓછા 100 કરોડ રૂપિયા અથવા તેથી વધુના આર્થિક ગુનામાં સામેલ થવા બદલ ધરપકડનું વોરંટ આપવામાં આવ્યું છે અને જે કાનૂની કાર્યવાહી ટાળવા ભારતથી ભાગી ગયો હોય આવી વ્યક્તિ ગુનેગાર માનવામાં આવશે.

## વોડાફોન કર વિવાદ

- બ્રિટિશ ટેલિકોમ કંપની વોડાફોને 'સ્થાયી મધ્યસ્થતા ન્યાયલય'(PCA),હેગ ખાતે ભારત સરકાર વિરુદ્ધ 22,100 કરોડ રૂપિયાના કર વિવાદમાં જીત મેળવી છે.
- એક મહત્વપૂર્ણ બાબતમાં 'સ્થાયી મધ્યસ્થતા ન્યાયાલય' (PCA- Permanent Court of Arbitration)એ ચુકાદો આપ્યો છે કે ભારત સરકારે વર્ષ 2007ના સોદા માટે બ્રિટિશ ટેલિકોમ પર 'કેપિટલ ગેઈન' અને 'વિથહોલ્ડિંગ ટેક્સના રૂપમાં કરેલ રૂ.22,100 કરોડની માંગ 'નિષ્પક્ષ અને ન્યાયસંગત કાયદાકીય ઉપચારની ગેરંટી'નું ઉલ્લંઘન કરે છે.

### વિથહોલ્ડિંગ ટેક્સ વિશે

- આ એવી રકમ છે જે નોકરીદાતા દ્વારા કર્મચારીની આવકમાં થી સીધી કપાત કરવામાં આવે છે અને વ્યક્તિગત કર જવાબદારીના ભાગ રૂપે સરકારને ચૂકવવામાં આવે છે.

### વોડાફોન કર વિવાદ

- આ કેસની શરૂઆત વર્ષ 2007માં થઈ હતી જ્યારે મે મહિનામાં બ્રિટીશ કંપની વોડાફોને 11 અબજ ડોલરના ખર્ચે મલ્ટિનેશનલ કંપનિ 'હચિસન વ્હેંપોઆ'ના ભારતીય ટેલિકોમ બિઝનેસને હસ્તગત કર્યો હતો.
- આ કરાર બાદ સપ્ટેમ્બર, 2007માં ભારત સરકારે પ્રથમ કેપિટલ ગેઈન અને વિથહોલ્ડિંગ કરના રૂપમાં એવુ કહેતા રૂ.7,990 કરોડની માંગ કરી હતી કે 'હચિસન વ્હેંપોઆ'એ ચૂકવણી કરતા પહેલાં 'સ્ત્રોત પર કર'માં કાપ મુકવો જોઈતો હતો. જો કે એવુ કંપની દ્વારા કરવામાં આવ્યુ ન હતું.
- આ સમગ્ર વિવાદ આવકવેરા કાયદાની કલમ–9 (1)(i) હેઠળ ભારતમાં આવેલી સંપત્તિના પરોક્ષ હસ્તાંતરણ પર કર લગાવી શકાય છે કે કેમ તે પ્રશ્ને કેન્દ્રિત છે.
- આવકવેરા અધિનિયમની આ કલમ મૂડીગત સંપત્તિનુ એક કંપનીથી બીજી કંપનિમાં પ્રત્યક્ષ હસ્તાંતરણ પર મૂડીગત લાભ કર લાગુ કરવાનો નિર્દેશ આપે છે.

- વોડાફોને સરકારની આ માંગને બોમ્બે હાઈકોર્ટ સમક્ષ પડકાર્યો હતો,જેમાં બોમ્બે હાઈકોર્ટે સરકાર અને આવકવેરા વિભાગની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.
- આ નિર્ણય પછી, વોડાફોને બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકાર્યો હતો, જેમાં સુપ્રીમ કોર્ટે વર્ષ 2012માં નિર્ણય કર્યો હતો કે વોડાફોન ગ્રુપની વર્ષ 1961ના આવકવેરા અધિનિયમનુ અર્થઘટન સંપૂર્ણ રીતે સાચુ હતુ અને તેને 'હચિસન વ્હેંપોઆ' કંપનીની હિસ્સેદારી ખરીદવા બદલ કોઈપણ પ્રકારના કરની ચુકવણી કરવી પડશે નહી.
- સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી તત્કાલીન નાણાંપ્રધાન પ્રણવ મુખર્જીએ 'નાણા અધિનિયમ'માં સુધારાનો પ્રસ્તાવ કરીને સુપ્રીમ કોર્ટના નિર્ણયને નકારી દીધો હતો. આ સુધારા દ્વારા, આવકવેરા વિભાગને આવા સોદાઓ પર 'પૂર્વવર્તી કર'(Retrospectiv Tax) વસૂલવાની સત્તા આપવામાં આવી હતી.
- સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ આ સુધારા દ્વારા વોડાફોન ફરી એકવાર કર જાળમાં આવી ગઈ હતી.

## પૂર્વવ્યાપી કર(Retrospectiv Tax) અને અધિનિયમમાં સુધારા વિશે

- વોડાફોન કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સરકારે સ્પષ્ટતા કરવા માટે 'આવકવેરા અધિનિયમ'ની કલમ–9 (1) (i)માં સુધારો કર્યો હતો કે જ્યારે બે બિન–નિવાસી કંપનીઓ વચ્ચે શેરનો વ્યવહાર થાય છે, જેના પરિણામે ભારતમાં આવેલી સંપત્તિનું અપ્રત્યક્ષ હસ્તાંતરણ થાય તો આવી આવક પર ભારતમાં કર લગાવવામાં આવશે.
- જો કે વર્ષ 2012ના આવકવેરા અધિનિયમમાં સુધારામાં સૌથી અગત્યની વાત એ હતી કે તેને વર્ષ 1962થી લાગુ કરવામાં આવી હતી એટલે કે તે પૂર્વવર્તી કરવેરાની વ્યવસ્થા હતી.
- એક પૂર્વવર્તી કર કાયદો તે છે જે પસાર થવાની તારીખથી પહેલાંની કોઈ અન્ય તારીખથી અમલમાં આવે છે. ઉદાહરણ તરીકે, આવકવેરા કાયદામાં, અપ્રત્યક્ષ હસ્તાંતરણ પર કર લાગુ કરવાની વ્યવસ્થા વર્ષ 2012માં કરવામાં આવી હતી પરંતુ આ કર એ તમામ વ્યવહાર પર લાગુ થયો હતો જે વર્ષ 1962 બાદ કરવામાં આવ્યા હતા. આવકવેરા અધિનિયમ વર્ષ 1962માં જ અમલમાં આવ્યો હતો.
- કર લાદતા દેશો દ્વારા પૂર્વવર્તી કરવેરા વ્યવસ્થાનો ઉપયોગ પોતાની કરવેરા નીતિઓમાં રહેલ તફાવતને સુધારવા માટે કરવામાં આવે છે જેનો ઉપયોગ કંપનીઓ દ્વારા પહેલા અયોગ્ય લાભ મેળવવા માટે કરવામાં આવ્યો હોય..
- ભારત સિવાય અમેરીકા ,યુ.કે., નેધરલેન્ડ, કેનેડા, બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા અને ઇટલી સહિતના ઘણા દેશોએ પૂર્વવર્તી કરવેરા પ્રણાલીનો ઉપયોગ કર્યો છે.

## સ્થાયી મધ્યસ્થાતા ન્યાયાલયમાં(PCA) વોડાફોન કેસ વિશે

- વર્ષ 2012માં જ્યારે સંસદે નાણાં અધિનિયમમાં સુધારો પસાર કર્યો, ત્યારે વોડાફોન પર ફરી એક વાર કર ભરવાની જવાબદારી આવી.
- સરકાર દ્વારા કરવામાં આવેલા આ સુધારાની વૈશ્વિક સ્તરે રોકાણકારો દ્વારા આકરી ટીકા કરવામાં આવી અને કહેવામાં આવ્યુ કે તે 'વિકૃત' પ્રકૃતિનો સુધારો છે.
- વર્ષ 2014માં જ્યારે વોડાફોન અને નાણાં મંત્રાલય દ્વારા આ મુદ્દાના સમાધાન માટેના તમામ પ્રયાસો નિષ્ફળ નિવડયા, ત્યારે વોડાફોન જૂથે વર્ષ 1995માં ભારત અને નેધરલેન્ડ વચ્ચે 'દ્વિપક્ષીય રોકાણ સંધિ'ની(BIT- Bilateral Investment Treaty) કલમ–9 લાગુ કરી અને તે આ કેસ PCAમાં પહોંચી ગયો હતો.
- 'દ્વિપક્ષીય રોકાણ સંધિની કલમ–9 મુજબ ભારત અને નેધરલેન્ડ એકમો વચ્ચે રોકાણ અંગેના કોઈપણ વિવાદનું સમાધાન વાટાઘાટો દ્વારા કરવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ.
- PCAએ પોતાના ચુકાદામાં કહ્યું કે હવે જ્યારે તે સ્થાપિત થઈ ગયું છે કે ભારતે નેધરલેન્ડ સાથે 'દ્વિપક્ષીય રોકાણોની સંધિ'ની શરતોનું ઉલ્લંઘન કર્યુ છે, આથી તે હવે વોડાફોન પાસેથી કોઈપણ પ્રકારના કરની માંગણી કરી શકશે નહી.

## દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT- Bilateral Investment Treaty) વિશે

- 6 નવેમ્બર, 1995ના રોજ ભારત અને નેધરલેન્ડ દ્વારા રોકાણને પ્રોત્સાહન આપવા અને એકબીજાના અધિકારક્ષેત્રમાં કંપનીઓને સુરક્ષા પૂરી પાડવા માટે 'દ્વિપક્ષીય રોકાણ સંધિ' (BIT) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ સંધિ હેઠળ, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશો અન્ય દેશોના રોકાણકારો માટે અનુકૂળ પરિસ્થિતિઓને પ્રોત્સાહિત કરવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે.
- સંધિ હેઠળ, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશો સુનિશ્ચિત કરશે કે એક બીજાના અધિકાર ક્ષેત્રમાં આવતી કંપનીઓને નિષ્પક્ષ અને ન્યાયસંગત કાયદાકીય ઉપચારની ખાતરી મળશે.
- ભારત અને નેધરલેન્ડ વચ્ચે 'દ્વિપક્ષીય રોકાણ સંધિ' 22 સપ્ટેમ્બર, 2016ના રોજ સમાપ્ત થઈ હતી.

## ઈઝરાયેલ - સંયુક્ત આરબ અમીરાત (UAE) - બહેરીન અને અબ્રાહમ એકોર્ડ

- તાજેતરમાં ગલ્ફ ક્ષેત્રના બે દેશો, બહેરિન અને સંયુક્ત આરબ અમીરાત એ ઈઝરાઈલ સાથે અબ્રાહમ એકોર્ડ પર હસ્તાક્ષર કર્યા છે.

### અબ્રાહમ એકોર્ડ વિશે

- અબ્રાહમ એકોર્ડ ઈઝરાઈલ અને આરબ દેશો વચ્ચે છેલ્લા 26 વર્ષોમાં પહેલો શાંતિ કરાર છે.
- તેના પહેલા વર્ષ 1994ની શરૂઆતમાં, ઈઝરાઈલ અને જોર્ડન વચ્ચે શાંતિ કરાર કરવામાં આવ્યો હતો.
- અમેરીકા રાષ્ટ્રપતિના જણાવ્યા મુજબ, આ કરાર સમગ્ર આરબ ક્ષેત્રમાં વ્યાપક શાંતિ સંરક્ષણના પાયા તરીકે કામ કરશે, જો કે આ કરાર ઈઝરાઈલ–પેલેસ્ટાઈન સંઘર્ષનો કોઈ સંદર્ભ આપતો નથી.
- 13 ઓગસ્ટ 2020ના રોજ ઈઝરાઈલ–યુએઈ શાંતિ કરારની ઘોષણા બાદ 11 સપ્ટેમ્બરના રોજ બહેરીન–ઈઝરાઈલ સમજૂતીની ઘોષણા કરવામાં આવી હતી.
- યુએસ રાષ્ટ્રપતિએ આ કરારમાં જોડાવા માટે અન્ય આરબ દેશોને પણ સંકેત આપ્યા છે.

### ઇઝરાઇલ-સંયુક્ત આરબ અમીરાત અને ઇઝરાયેલ બહેરિન શાંતિ કરાર વિશે

- કરાર મુજબ યુએઈ અને બહેરીન ઈઝરાઈલમાં તેમના દૂતાવાસો સ્થાપવા સાથે પર્યટન, વેપાર, આરોગ્ય અને સુરક્ષા સહિતના ઘણા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ કરાર હેઠળ ઈઝરાયેલે પશ્ચિમ કાંઠાની વસાહતોને ઈઝરાઈલમાં જોડવાની તેની યોજના 'મુલતવી' રાખી છે.
- ઈઝરાઈલના વડાપ્રધાનના જણાવ્યા અનુસાર, ત્રણેય દેશો દ્વારા કોરોના વાયરસ રોગચાળાને પહોંચી વળવા માટે સહયોગ શરૂ કરવામાં આવ્યો છે.
- અમેરિકી રાષ્ટ્રપતિના જણાવ્યા મુજબ, આ કરારથી સમગ્ર વિશ્વના મુસ્લિમોને ઈઝરાઈલની ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવાની અને જેરૂસલેમની અલઅકસા મસ્જિદ (ઈસ્લામની ત્રીજી પવિત્ર જગ્યા) પર શાંતિથી પ્રાર્થના કરવાનો માર્ગ મોકળો થશે.

### કરારની ભારત પર અસર

- તાજેતરના વર્ષોમાં ભારત અને અખાત દેશો વચ્ચેના સંબંધોમાં ઘણો સુધારો થયો છે, તેમ જ સંરક્ષણ સહિત અન્ય ઘણા ક્ષેત્રોમાં ઈઝરાઈલ સાથે વિશાળ ભાગીદારી નોંધાઈ છે.
- ઊર્જા (ખનિજ તેલ) અને સ્થળાંતર કરનારા કામદારો માટે રોજગારની દ્રષ્ટિએ અખાત ક્ષેત્રના દેશો ભારત માટે ખૂબ મહત્વના છે, આ કરારથી આ ક્ષેત્રમાં સ્થિરતાના પ્રયત્નોને વેગ મળશે જે ભારત માટે સકારાત્મક સંકેત છે.
- આ કરારથી ગલ્ફ ક્ષેત્રના દેશોમાં ભારતની રાજકીય પકડ વધુ મજબૂત થશે.

## જીબુતી આચારસંહિતા

- ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા વધારવા 'જીબુતી આચારસંહિતામાં(DCOC-Djibouti Code of Conduct) નિરીક્ષક દેશ તરીકે શામેલ થયું છે.

### જીબુતી આચારસંહિતા (DCOC) વિશે

- જીબુતી આચારસંહિતાને પશ્ચિમ હિંદમહાસાગર અને એડેનના અખાતમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટને રોકવાના વિષયને લગતી આચારસંહિતા તરીકે ઓળખવામાં આવે છે.
- પશ્ચિમ હિંદમહાસાગર ક્ષેત્ર, એડનનો અખાત અને લાલ સમુદ્રમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટફાટ સામે લડવા માટે 29 જાન્યુઆરી, 2009ના રોજ 'જીબુતી આચારસંહિતા અપનાવવામાં આવી હતી.
- આ આચારસંહિતા પર હસ્તાક્ષર કરનાર દેશો મુખ્યત્ત્વે નીચેના ક્ષેત્રોમાં સહકાર આપવા સંમત થયા છે:

I. એવા લોકોની તપાસ અને ધરપકડ કરવી જેમના પર સમુદ્રી જહાજો પર ચોરી કરવાનો અને સમુદ્રી લુંટ કરવાની શંકા હોય. તેમાં કોઈ અન્ય વ્યક્તિને આ કૃત્ય કરવા માટે ઉશ્કેરનાર અને કૃત્યને સુવિધાજનક બનાવનાર લોકોનો પણ સમાવેશ થાય છે.

II. શંકાસ્પદ જહાજોને અટકાવવા અને તેમાં રહેલ માલને જપ્ત કરવો.

III. ચાંચિયાગીરી અને લૂંટથી અસરગ્રસ્ત જહાજો, વ્યક્તિઓ અને સંપત્તિઓનો બચાવ કરવો તથા સમુદ્રી લૂંટ અને ચોરી જેવા કાર્યોમાં ધરપકડ કરાયેલા દરિયાઈ મુસાફરો, માછીમારો, જહાજના કર્મચારીઓ વગેરેને સ્વદેશ પાછા મોકલવા.

- આ આચારસંહિતામાં મુખ્યત્ત્વે ચાર સ્તંભોનો સમાવેશ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ચાંચિયાગીરીને રોકવા માટેની રાષ્ટ્રીય અને પ્રાદેશિક તાલીમ.
2. રાષ્ટ્રીય કાયદાને મજબૂત બનાવવા.
3. માહિતીની વહેંચણી અને દરિયાઈક્ષેત્ર વિશે જાગૃતિ.
4. ચાંચિયાગીરી સામે ક્ષમતા નિર્માણ માટે સંદેશાવ્યવહાર, સંકલન અને સહયોગ માટેનું માળખું પ્રદાન કરવું.

### ભારત માટે તેના સૂચિતાર્થ

➤ આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ભારત તેની ઈન્ડો–પેસેફિક નીતિના ભાગ રૂપે હિંદ મહાસાગર અને તેની આસપાસના વિસ્તારોમાં તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

➤ ભારતે જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોની નૌકાદળો સાથે આંતર–કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે 'પરસ્પર લશ્કરી લોજિસ્ટિક્સ સપોર્ટ કરાર' પર હસ્તાક્ષર કર્યા છે.

➤ ઓગસ્ટ, 2017માં જીબુતી ખાતે પોતાનું પ્રથમ વિદેશી સૈન્ય મથક બનાવ્યા પછી ચીન હિંદ મહાસાગર ક્ષેત્રમાં ઝડપથી વિસ્તરણની વ્યૂહરચના અપનાવી રહ્યું છે. તેવામાં ચીનની આ વિસ્તારવાદી વ્યૂહરચનાની પૃષ્ઠભૂમિમાં ભારત માટે આ પ્રકારના કરાર અને પગલાં ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## સિંધુ જળ સંધિ(IWT)

➤ 19 સપ્ટેમ્બર,2020ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ 'સિંધુ જળ સંધિને(IWT) 60 વર્ષ પૂરા થયા છે.

### સિંધુ જળ સંધિ વિશે

➤ આ એક જળ વિતરણ સમજુતી છે જેના પર વર્ષ 1960માં વિશ્વ બેંકની મધ્યસ્થતાથી ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આયુબ ખાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### સિંધુ જળ કરાર હેઠળ નિયંત્રણ

➤ સિંધુ જળ કરાર મુજબ ભારતને પૂર્વીય ત્રણ નદીઓ– રાવી, બિયાસ અને સતલજનાં પાણી ઉપર અને પાકિસ્તાનને પશ્ચિમની નદીઓ– સિંધુ, ચિનાબ અને જેલમના પાણી ઉપર સંપૂર્ણ નિયંત્રણ આપવામાં આવ્યું હતું.

### અન્ય હેતુઓ માટે પાણીના ઉપયોગ વિશે

➤ ભારતને પશ્ચિમ નદીઓના પાણીના 20% પાણીને સિંચાઈ, વીજ ઉત્પાદન અને પરિવહન હેતુ માટે વાપરવાની મંજૂરી આપવાની છે.

➤ આમાં ભારતને પશ્ચિમ નદીઓ પર 6 મિલિયન એકર ફીટની 'પરમીસીબલ સ્ટોરેજ કેપેસિટી' આપવામાં આવી છે.

### સિંધુ જળ સંધિની મુખ્ય લાક્ષણિકતા

➤ સંધિ મુજબ પાકિસ્તાન અને ભારતના જળ કમિશનરોએ વર્ષમાં બે વાર બેઠક કરીને તેમને નદી પર પ્રોજેક્ટ સાઈટસના તકનીકી પાસાઓ અને મહત્વપૂર્ણ કાર્યો વિશે માહિતી આપવાની રહેશે.

➤ કરાર હેઠળ, બંને પક્ષો પાણીના પ્રવાહ અને કેટલા પાણીનો ઉપયોગ કરવામાં આવે છે તેની વિગતો શેર કરવાની રહેશે.

## બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક

➤ તાજેતરમાં બ્રિક્સ(BRICS) જૂથના 'રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો'(NSAs) એ આતંકવાદ વિરોધી વ્યૂહરચનાના ડ્રાફ્ટ અંગે ચર્ચા કરી હતી, જે આગામી બ્રિકસ સમિટમાં રજૂ કરવામાં આવશે.

➤ બેઠક દરમ્યાન ભારત અને ચીનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ ભારત અને ચીન વચ્ચેની વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) પરની વિકટ પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં કોઈ દ્વિપક્ષીય ચર્ચા કરી ન હતી. જોકે આ એક વર્ચ્યુઅલ બેઠક હતી અને દ્વિપક્ષીય વાટાઘાટો કરવુ શકય ન હતું.

### બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક વિશે

➤ રશિયા દ્વારા આયોજિત વર્ચુઅલ મીટીંગમાં ભાગ લેનારા પાંચ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સુરક્ષા માટે પડકારો અને જોખમો અંગે પણ ચર્ચા કરી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ જૈવિક સુરક્ષા સહયોગ અને માહિતી અને સંદેશાવ્યવહાર તકનીકી સુરક્ષા અંગે પણ ચર્ચા કરી હતી.

➤ આ બેઠક દરમિયાન, સહભાગીઓએ ઈરાન, વેનેઝુએલા અને સીરિયાની આસપાસ વધી રહેલા તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

➤ આ ઉપરાંત બેઠક દરમિયાન અમેરિકાની અંતરિક્ષમાં હથિયારોની જમાવટ, અન્ય દેશોની અંતરિક્ષ સંપત્તિ પર બળનો ઉપયોગ અને સૈન્ય કામગીરી માટે બાહ્ય અવકાશના ઉપયોગને લગતી યુએસ યોજનાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

➤ બેઠક દરમિયાન, બધા સહભાગીઓ મુખ્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો અને મંચો, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકલન સાથે કામ કરવા સંમત થયા હતા.

### આતંકવાદ વિરોધી વ્યૂહરચનાનો મુસદ્દો

➤ આ સંદર્ભે રશિયા દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, પાંચ દેશોએ સંયુક્તપણે આતંકવાદ વિરોધી

વ્યૂહરચના તૈયાર કરી છે, જે આગામી બ્રિક્સ સમિટ દરમિયાન મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

- આ આતંકવાદ વિરોધી વ્યૂહરચના બ્રિક્સ દેશોના મૂળભૂત પાસાઓ જેમ કે, સાર્વભૌમત્ત્વનો આદર અને આંતરિક બાબતોમાં દખલ ન કરવી, આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું અને સુરક્ષા બાબતે સંયુક્ત રાષ્ટ્રની કેન્દ્રીય ભૂમિકાની માન્યતા વગેરેને પ્રતિબિંબિત કરે છે.

### Back to Basics : BRICS વિશે

- BRICSએ પાંચ ઉભરતી અર્થવ્યવસ્થાઓ (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા)નો સમૂહ છે.
- BRICSની ચર્ચા વર્ષ 2001માં Goldman sachsના અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલ દ્વારા બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનની અર્થવ્યવસ્થાના વિકાસની સંભાવના પરના એક રિપોર્ટમાં કરવામાં આવી હતી.
- વર્ષ 2006માં ચાર દેશોએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકના અંતમાં વિદેશ મંત્રીઓની બેઠક સાથે અનૌપચારિક સંવાદ શરૂ કર્યો હતો. સંવાદની સફળતા બાદ સરકાર અને દેશના વડાઓના સ્તર પર સંમેલન આયોજન કરવાનું નક્કી થયું.
- વર્ષ 2009માં BRICનું પ્રથમ સંમેલન યેકનેરિનબર્ગ (રશિયા) ખાતે યોજાયું. વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા સમૂહમાં જોડાયું અને નામ BRICS થયું.
- વર્ષ 2014માં બ્રિક્સની છઠ્ઠી બેઠકમાં સમૂહ દેશો દ્વારા ન્યૂ ડેવલપમેન્ટ બેંકની સ્થાપના કરવામાં આવી હતી.

## ભારત-માલદીવ વચ્ચે પ્રત્યક્ષ કાર્ગો ફેરી સર્વિસ

- તાજેતરમાં જ ભારત અને માલદીવ વચ્ચે સીધી કાર્ગો ફેરી સર્વિસ રજૂ કરવામાં આવી છે, જેને પ્રાદેશિક કનેક્ટિવિટીમાં નવા સીમાચિહ્નરૂપ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી રહી છે.

### ભારત-માલદીવ વચ્ચે પ્રત્યક્ષ કાર્ગો ફેરી સર્વિસ વિશે

- આ કાર્ગો ફેરી સર્વિસની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જૂન, 2019માં માલદીવની મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી.
- આ કાર્ગો સેવા મહિનામાં બે વાર ચલાવવામાં આવશે અને ભારતના શિપિંગ કોર્પોરેશન દ્વારા સંચાલિત કરવામાં આવશે.
- ભારત હાલમાં માલદીવનો ચોથો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ છે અને આ કાર્ગો સેવાની રજૂઆતથી બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપારને વેગ મળશે.
- પ્રત્યક્ષ કાર્ગો ફેરી સર્વિસ પરિવહન ખર્ચમાં ઘટાડો કરશે અને ભારત અને માલદીવ વચ્ચે માલ પરિવહનના સમય-મર્યાદિત, નાના અને ખર્ચ-અસરકારક માધ્યમો પૂરા પાડશે.
- કાર્ગો ફેરી કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ પૂરી પાડશે, જેમાં માલદીવથી માછલીઓ સહિત વધુ સીફૂડની નિકાસ કરવામાં આવશે.
- માલદીવ 100% આયાત આધારિત દેશ હોવાથી સીધી કાર્ગો ફેરી સર્વિસની રજૂઆત ભારત અને માલદીવ વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી સ્થાપિત કરશે અને દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપશે.

## સાર્ક વિદેશ મંત્રીઓની ઔપચારીક બેઠક અને ભારત

- 24 સપ્ટેમ્બર, 2020ના રોજ વિદેશ મંત્રી એસ.કે. જયશંકર દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર મંડળના વિદેશ પ્રધાનોની અનૌપચારિક બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠક દરમિયાન, પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે સાર્ક(SAARC) દ્વારા સરહદ આતંકવાદ, બ્લોક સંપર્ક અને વેપારમાં અવરોધ ઊભો કરવો જોઈએ. આ ત્રણેયને હાલમાં સાર્ક જૂથના ત્રણ સૌથી મોટા પડકાર ગણવામાં આવે છે.

### બેઠક અંતર્ગત ભારતના મુખ્ય બિંદુ

- આ સમિટ દરમિયાન, વિદેશમંત્રીએ પ્રકાશ પાડયો હતો કે ભારતે પોતાના સાર્ક પાડોશી દેશો માલદીવ, શ્રીલંકા અને ભુટાનને કોવિડ-19ની શરૂઆતથી જ સમયસર નાણાકીય સહાય પૂરી પાડે છે. તેમણે એ પણ પુષ્ટિ આપી હતી કે ભારત તેની એક્ટ ઈસ્ટ પોલિસી અને નેબરહુડ ફર્સ્ટ પોલિસી દ્વારા સમૃદ્ધ, એકીકૃત અને કનેક્ટેડ એશિયાના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે.

### સાર્ક બેઠક વિશે

- આ બેઠકની મેજબાની નેપાળી વિદેશમંત્રી દ્વારા કરવામાં આવી હતી.
- આ બેઠક દરમિયાન, વિદેશમંત્રીઓએ નીચેની બાબતોની પુષ્ટિ કરી હતી:

1) ભારતે વર્ષ 2020માં ભુતાનને 200 મિલિયન ડોલર અને માલદિવને 150 મિલિયન ડોલરની નાણાકીય સહાય પૂરી પાડી છે.
2) સાર્ક દ્વારા છેલ્લા 35 વર્ષમાં સહકાર, સામૂહિક સમૃદ્ધિની દિશામાં પ્રગતિ કરી છે.

3) હાલમાં, સાર્ક સભ્યો માટે આતંકવાદને પરાજિત કરવા માટે સામૂહિક વિશ્વાસ અને આત્મવિશ્વાસ મેળવવો મહત્ત્વપૂર્ણ છે.
4) ભારતે પાકિસ્તાન સામે સાર્કના કામકાજને અટકાવવા, કનેક્ટિવિટી અવરોધિત કરવા અને આતંકવાદને પ્રાયોજિત કરવા માટે સીધો આરોપ લગાવ્યો હતો.

## JIMEX-2020

➢ ભારત અને જાપાન વચ્ચે ઉત્તર અરબી સમુદ્રમાં 26થી 28 સપ્ટેમ્બર, 2020 દરમિયાન દ્વિપક્ષીય નૌકાદળ કવાયત 'JIMEX-2020'નું ચોથું સંસ્કરણ યોજવામાં આવ્યુ હતું.

### JIMEX વિશે

➢ ભારત અને જાપાન વચ્ચે નૌકા સહકાર છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વિકસ્યો છે.
➢ આ નૌકાદળ કવાયત ભારતીય નૌસેના અને જાપાની મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ(JMSDF) વચ્ચે દ્વિવાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવે છે.
➢ JIMEXની ત્રીજી આવૃત્તિ ઓક્ટોબર, 2018માં ભારતના વિશાખાપટ્ટનમમાં યોજવામાં આવી હતી.
➢ ભારત અને જાપાન વચ્ચે જાન્યુઆરી, 2012ના મધ્યમાં, દરિયાઈ સુરક્ષા સહયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને JIMEX શ્રેણીની શરૂઆત કરવામાં આવી હતી.

### 'JIMEX 2020' વિશે

➢ JIMEX 2020 દરિયાઈ કામગીરીના ક્ષેત્રમાં અદ્યતન અભ્યાસ દ્વારા ઉચ્ચ શક્તિવાળા અને સંયુક્ત ઓપરેશનલ કુશળતાનું પ્રદર્શન કરશે.
➢ COVID-19ને ધ્યાનમાં રાખીને, ત્રણ દિવસીય JIMEX 20નું આયોજન 'Non-Contact At- Sea-Only Format'ના આધારે કરવામાં આવી રહ્યું છે.

## નાગોર્નો-કારાબાખ પ્રદેશ

➢ તાજેતરમાં, નાગોર્નો–કારાબાખ ક્ષેત્ર પર અઝરબૈજાન દ્વારા હવાઈ અને તોપો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે.

### નાગોર્નો-કારાબાખ પ્રદેશ વિશે

➢ નાગોર્નો–કારાબાખ ક્ષેત્રને 'આર્ત્શાખ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે કારાબાખ પર્વતમાળામાં સ્થિત દક્ષિણ કાકેશસનું જમીનથી ઘેરાયેલું ક્ષેત્ર છે. તેને અઝરબૈજાનના ભાગ રૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત છે.
➢ નાગોર્નો–કારાબાખનું આ જમીનથી ઘેરાયેલું ક્ષેત્ર પર્વતીય ક્ષેત્ર અઝરબૈજાનની વસ્તી અને તેના આર્મેનિયન વંશ વચ્ચે વણઉકેલાયેલા વિવાદનો વિષય છે. ભાગલાવાદીઓને પડોશી દેશ આર્મેનિયાનુ સમર્થન પ્રાપ્ત છે.
➢ વર્ષ 1991માં સોવિયત યુનિયનના પતન પછી એક સંઘર્ષમાં તે અઝરબૈજાનથી અલગ થઈ ગયું હતું.
➢ વર્ષ 1994માં યુદ્ધવિરામ પર સહમતિ બની હતી. તેમ છતાં અઝરબૈજાન અને આર્મેનિયા હંમેશાં એક બીજા પર નાગોર્નો–કારાબાખ ક્ષેત્રની આસપાસના હુમલાઓનો આરોપ લગાવતા આવે છે.

## CICA અને સાર્ક બેઠક

➢ તાજેતરમાં વર્ચ્યુઅલ મીટિંગ દ્વારા 'દક્ષિણ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન'(SAARC) વિદેશી મંત્રીઓની બેઠક અને 'કોન્ફરન્સ ઓન ઈન્ટરએકશન એન્ડ કોન્ફિડન્સ બિલ્ડિંગ મેઝર્સ ઈન એશિયા'(CICA) પર એક સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

### CICA(Conference on Interaction and Confidence Building Measures in Asia) વિશે

➢ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે સહકાર વધારવા માટે CICA એક બહુરાષ્ટ્રીય મંચ છે.
➢ CICAના આયોજનનો વિચાર સૌ પ્રથમ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 47માં અધિવેશનમાં 5 ઓક્ટોબર, 1992ના રોજ કઝાકિસ્તાનના પ્રજાસત્તાકના પ્રથમ રાષ્ટ્રપતિ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.
➢ CICAની પહેલી મંત્રીમંડળની બેઠક સપ્ટેમ્બર, 1999માં યોજવામાં આવી હતી.
➢ CICAમાં એશિયા ખંડના 27 સદસ્ય રાષ્ટ્રોનો સમાવેશ થાય છે. જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, કંબોડિયા, ચીન, ઈજિપ્ત, ભારત વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે કેટલાક નિરીક્ષણ રાષ્ટ્રોમાં જાપાન, ઈન્ડોનેશિયા, યુનાઈટેડ સ્ટેટસ વગેરેનો સમાવેશ થાય છે.
➢ CICAના વર્ષ 2018-2020ના સમયગાળા માટે તઝાકિસ્તાન પ્રમુખપદ પર છે.

## ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ(GCTC)

➢ તાજેતરમાં 'ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ' દ્વારા આંતરરાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા પરિષદ, 2020નું આયોજન કરવામાં આવ્યું હતું.

### ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ(GCTC) વિશે

- તે એક નોંધાયેલ બિન–લાભકારી આંતરરાષ્ટ્રીય થિંક ટેંક છે.
- તેનો ઉદ્દેશ માનવતા માટે આતંકવાદ, માનવ સુરક્ષા, વગેરેના સંદર્ભમાં રાષ્ટ્રીય હિત અને વૈશ્વિક ગુપ્ત માહિતીના મુદ્દાઓ પર જાગૃતિ ફેલાવવાનો છે.
- તેના સભ્યોમાં વિવિધ ફેકલ્ટીઓ અને બેકગ્રાઉન્ડની વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જેમ કે વરિષ્ઠ અમલદારશાસ્ત્રીઓ, શિક્ષણવિશેષજ્ઞ, સશસ્ત્ર દળના અધિકારીઓ અને અર્ધ સૈનિક સેવાના અધિકારી, પ્રખ્યાત રાજદ્વારીઓ, મીડિયા સંશોધનકારો, સાંસદો, વ્યાવસાયિકો, કોર્પોરેટ હેડ, માનવાધિકાર જૂથો, વગેરે.
- તેઓ વૈશ્વિક આતંકવાદના મૂળ કારણોને ધ્યાનમાં લેવા અને સમાજ અને સરકાર દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓના અસરકારક ઉકેલો પ્રસ્તુત કરવાના હેતુ માટે સમર્થન અને નિયમિતપણે ફાળો આપે છે.

## ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ

- ભારત અને ડેનમાર્ક દૂરોગામી લક્ષ્યો સાથે 'ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ'ના રૂપમાં નવા યુગની શરૂઆત કરી છે. આ પગલું ભારતને જળવાયુ પરિવર્તન અને અન્ય વૈશ્વિક સમસ્યાઓથી સંબંધિત સ્થાયી ઉકેલો શોધવામાં મદદ કરી શકે છે.
- ડેનમાર્કના મતે, આ કરાર ગ્રીન ટેકનોલોજી અને અન્ય ક્ષેત્ર જેમકે પવન ઉર્જા, જળ તકનીક અને ઊર્જા કાર્યક્ષમતા જેવા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની દિશામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ શકે છે. ભારતમાં આ ક્ષેત્રોમાં ડેનિશ ટેક્નોલોજીની ખૂબ માંગ છે અને આ કરારથી ડેનમાર્કથી ભારતમાં નિકાસ અને રોકાણ વૃદ્ધિનો માર્ગ મોકળો થઈ શકે છે.

### ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ વિશે

- ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઘોષણા કરાયેલા મહત્વાકાંક્ષી 'પેરિસ કરાર' અને 'ટકાઉ વિકાસ લક્ષ્યો'ના અમલીકરણ પર કેન્દ્રિત છે, તેમજ રાજકીય સહયોગને વધારવા, આર્થિક સંબંધોને વિસ્તૃત કરવા અને ગ્રીન વિકાસ, રોજગાર નિર્માણ અને વૈશ્વિક પડકારો અને તકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ હેઠળ આવરી લેવામાં આવેલા મુખ્ય ક્ષેત્રો નીચે મુજબ છે :–

1. **ઉર્જા અને આબોહવા પરિવર્તન:**
   - આબોહવા પરિવર્તનના વૈશ્વિક પડકારોને પહોંચી વળવા પવન ઊર્જા અને નવીકરણીય ઊર્જા પર રણનૈતીક ક્ષેત્રીય સહયોગમાં ક્ષમતા નિર્માણ, જ્ઞાન–વહેંચણી અને તકનીકી સ્થાનાંતરણ, ઊર્જા મોડલિંગ અને નવીકરણીય ઊર્જાનુ એકત્રીકરણ, ગ્રીન વિકાસ અને 'ટકાઉ વિકાસ' પ્રત્યેની પ્રતિબદ્ધતાઓ વ્યક્ત કરવામાં આવી છે.
2. **પર્યાવરણીય/જળ અને ચક્રીય અર્થતંત્ર:**
   - બંને દેશો પર્યાવરણ/જળ અને ચક્રીય અર્થવ્યવસ્થા પર સહકારને વધુ વિસ્તૃત કરવા અને મજબૂત કરવા તરફ કામ કરવા સંમત થયા છે.
   - 'ઈન્ડો–ડેનિશ વોટર ટેકનોલોજી એલાયન્સ' દ્વારા પાણી પુરવઠો, પાણીનું વિતરણ, ખરાબ પાણીનુ વ્યવસ્થાપન, ગટર વ્યવસ્થા, પાણીનો ફરીથી ઉપયોગ, જળ વ્યવસ્થાપન, ઊર્જા અનુકૂળતા જેવા ચોક્કસ ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંયુક્ત ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે.
3. **સ્માર્ટ શહેર સહિત સ્થાયી શહેરી વિકાસ:**
   - ગોવામાં 'અર્બન લિવિંગ લેબ' દ્વારા સ્માર્ટ શહેરો સહિત ટકાઉ શહેરી વિકાસમાં દ્વિપક્ષીય સહકારને મજબૂત કરવા તેમજ 'ઉદયપુર અને આરહુસ', 'તુમકુરૂ અને અલબોર્ગ' વચ્ચેના શહેર–થી–શહેર સહકાર મજબૂત કરવા માટે સં મતિ થઈ છે.
   - ડેનિશ કંપનીઓ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટસ અને ટકાઉ શહેરી વિકાસના તમામ ક્ષેત્રોમાં વધુ ભાગ લઈ રહી છે.
4. **વેપાર અને શિપિંગ:**
   - બંને દેશોની સરકારો, સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે ગ્રીન અને આબોહવા–મૈત્રીપૂર્ણ તકનીકીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આર્થિક ભાગીદારી વિકસાવવાનો પ્રયાસ પણ કરવામાં આવશે.
   - આ ભાગીદારીમાં ગ્રીન ઊર્જા, શિપ નિર્માણ અને ડિઝાઈન, દરિયાઈ સેવાઓ અને ગ્રીન શિપિંગમાં સહયોગ વધારવાની સાથે બંદરની ક્ષમતાના વિકાસનો પણ સમાવેશ થાય છે.
   - 'નાના અને મધ્યમ ઉદ્યોગો' (SME) માટે વેપારી પ્રતિનિધિઓ અને બજાર પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાની

સાથે વ્યવસાયમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવશે.

➤ ભારત અને ડેનમાર્કે નવીનતા, સર્જનાત્મકતા અને તકનિકી પ્રગતિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી તેમની રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ પ્રણાલીને આધુનિક બનાવવા અને તેને મજબૂત બનાવવામાં સહકાર આપવાની પુષ્ટિ પણ કરી છે.

**5. વિજ્ઞાન, તકનિક, નવીનતા અને ડિજિટાઇઝેશન**

➤ ભારત અને ડેનમાર્કે સાર્વજનિક–ખાનગી ભાગીદારી(PPP) દ્વારા વિજ્ઞાન, તકનિકી અને ઈનોવેશનમાં રોકાણ વધારવા અને સુવિધાના મહત્વ પર પણ ભાર મૂક્યો છે.

➤ ગ્રીન ટ્રાન્સફોર્મેશનમાં ડિજિટલ સોલ્યુશન્સ અને બિઝનેસ મોડલ્સમાં તેમની વહેંચેલી રુચિને માન્યતા આપતા, બંને દેશોએ 'ગ્રીન ટકાઉ વિકાસ'ને ટેકો આપવા માટે ડિજિટલ ટેકનોલોજીના ક્ષેત્રમાં વિકાસ, નવીનતા અને અમલને વધારવા માટે સહયોગ કરવાનું નક્કી કર્યુ છે.

**6. ખોરાક અને કૃષિઃ**

➤ કૃષિ ક્ષેત્રે સહકારની અપાર સંભવિતતાને જોતા, ખાદ્ય પ્રોસેસિંગ અને ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે તેમજ પશુપાલન અને ડેરીમાં અધિકારીઓ, વ્યવસાયો અને સંશોધન સંસ્થાઓ વચ્ચે ઘનિષ્ઠઅને નિકટ સહકારને પ્રોત્સાહિત કરવામાં આવશે.

**7. આરોગ્ય અને જીવન વિજ્ઞાનઃ**

➤ આરોગ્ય ક્ષેત્રે સંવાદ અને સહયોગને વધુ મજબૂત બનાવવા અને કોવીડ–19 જેવી મહામારી સામે લડત આપવા બંને પક્ષે રોગચાળા અને રસી સહિત આરોગ્ય નીતિના મુદ્દાઓ પર સંવાદ વધારવા અને શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવા પ્રતિબદ્ધ થયા છે.

**8. સાંસ્કૃતિક સહકાર, લોકોથી લોકો વચ્ચે સંપર્ક અને શ્રમ ગતિશીલતાઃ**

➤ સાંસ્કૃતિક સહયોગ દ્વારા બંને દેશોના લોકો વચ્ચે જાગૃતિ અને પરસ્પર સમજણ વધારવા માટે પણ સંમતિ થઈ છે.

➤ શ્રમ ગતિશીલતાની શકયતાઓનું મૂલ્યાંકન કરવા ઉપરાંત, બંને દેશો વચ્ચે લોકોથી લોકોની વાતચીત અને પ્રવાસન ક્ષેત્રે સહકારને મજબૂત બનાવવા માટે વધુ સુલભતા પ્રદાન કરવાના પ્રયાસો કરવામાં આવશે.




icerajkot
ભારતનું બંધારણ
MCQ SERIES
Click to Play
સુપ્રીમ કોર્ટના મહત્ત્વના ચુકાદાઓ વિશે શીખો
100% આવડી જ જશે ગેરંટી
Sp.EPISODE PART-2
સંવિધાન
✓ કાયદા સમક્ષ સમાનતા
✓ કાયદાનું સમાન રક્ષણ
મતલબ ???
MCQ SERIES QUESTION - 9
સંવિધાન
અનુચ્છેદ 15
Detailsમાં સમજીએ...
MCQ SERIES QUESTION - 10
પ્રશ્ન તમારા જવાબ ICEના
સંવિધાન
સંવિધાન
અનુચ્છેદ 18
✓ ઈલ્કાબો કે ઈનામો ???
✓ નાબુદી શા માટે ???
MCQ SERIES QUESTION - 11
સંવિધાન
MCQ SERIES QUESTION - 12
અનુ. 19 (1) (a)
✓વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા નાગરિકો કેવી રીતે ભોગવી શકે છે ???
MCQ SERIES QUESTION - 13
સંવિધાન
✓શું લોકડાઉન સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોનું હનન છે ???
MCQ SERIES QUESTION - 14
સંવિધાન
અનુ.: 20
✓ શું આરોપીઓને બંધારણ દ્વારા રક્ષણ પ્રાપ્ત છે ???
સંવિધાન
MCQ SERIES QUESTION - 15
અનુ.: 21
✓ કાયદા દ્વારા સ્થપિત પ્રક્રિયા ???
✓ કાયદાની ઉચિત પ્રક્રિયા ???
MCQ SERIES QUESTION - 16
સંવિધાન
✓ શિક્ષણનો અધિકાર
✓ ગોપનિયતાનો અધિકાર
✓ ઈચ્છામૃત્યુ
પ્રશ્ન તમારા જવાબ ICEના
MCQ SERIES
સંવિધાન
સંવિધાન
અનુ.: 22
MCQ SERIES QUESTION - 17
✓ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ
MCQ SERIES QUESTION - 18
સંવિધાન
અનુ.: 23 અને 24
✓ મનુષ્ય વેપાર અને બળજબરી પૂર્વકની મજૂરી પર પ્રતિબંધ
MCQ SERIES QUESTION - 19
✓ આપણા દેશમાં બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ
સંવિધાન
MCQ SERIES QUESTION - 20
સંવિધાન
અનુ.: 25
✓ ધાર્મિક સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર
સંવિધાન
✓ શું શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપી શકાય ?
MCQ SERIES QUESTION - 21
સંવિધાન
અનુ.: 29 અને 30
✓ લઘુમતીઓના હિતોનું રક્ષણ કરતો મૂળભૂત અધિકાર
MCQ SERIES QUESTION - 22
- Maulik sir
Continue...
SUBSCRIBE
YouTube
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## બાયોટેક-એગ્રિકલ્ચરલ ઇનોવેશન સાયન્સ એપ્લિકેશન નેટવર્ક

### બાયોટેક-એગ્રિકલ્ચરલ ઇનોવેશન સાયન્સ એપ્લિકેશન નેટવર્ક વિશે

- છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન 'બાયોટેક–એગ્રિકલ્ચરલ ઈનોવેશન સાયન્સ એપ્લિકેશન નેટવર્ક કાર્યક્રમ' દ્વારા કૃષિમાં બાયોટેકનોલોજીના ઉપયોગ સહિત જૈવિક ખેતીને ટેકો આપવા માટે 310 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યુ છે.
- આ કાર્યક્રમ ખેડુતો સુધી નવી ટેકનોલોજી પહોંચાડવા પર કેન્દ્રિત છે. આ કાર્યક્રમને મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ સહિત દેશભરમાં સમર્થન આપવામાં આવ્યું છે.

### ઇન્ટિગ્રેટેડ બાયોટેકનોલોજી હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

- ભારત સરકાર દ્વારા બાયોટેકનોલોજી વિભાગના(DBT) માધ્યમથી કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં બાયોટેકનોલોજી પ્રશિક્ષિત કર્મચારીઓ પ્રદાન કરવા માટે એકીકૃત બાયોટેકનોલોજી માનવ સંસાધન વિકાસ કાર્યક્રમનો અમલ કર્યો છે.
- કુશળ અને પ્રશિક્ષિત માનવશક્તિ માટેના મુખ્ય કાર્યક્રમોમાં અનુસ્નાતક તાલીમ કાર્યક્રમ, DBT–જુનિયર રિસર્ચ ફેલોશીપ પ્રોગ્રામ, DBT–રિસર્ચ એસોસિયેટશિપ અને DBT–બાયોટેકનોલોજી ઉદ્યોગ તાલીમ કાર્યક્રમ (એપ્રેન્ટિસશીપ) વગેરેનો સમાવેશ થાય છે.

### બાયોટેક કિસાન પ્રોગ્રામ

- બાયોટેક કિસાન યોજના ખેડૂત કેન્દ્રિત યોજના છે. તેનો મુખ્ય ઉદ્દેશ નાના ખેતરો ધરાવતા ખેડુતોની વ્યક્તિગત સમસ્યાઓ સમજવી અને તેના નિરાકરણો સમજાવવાનો છે.
- તે એક પેન–ઈન્ડિયા અર્થાત સમગ્ર ભારત સ્તરનો કાર્યક્રમ છે. જે ખેડુતો(પુરુષો અને મહીલાઓ)ને સશક્ત બનાવવા ઉદ્યમવૃત્તિ અને નવીનતાને પ્રોત્સાહન આપે છે.

## 'અભ્યાસ'(ABHYAS)

- ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન(DRDO) દ્વારા 'અભ્યાસ'(ABHYAS)– 'હાઈ સ્પીડ એક્સપેંડેબલ એરિયલ ટાર્ગેટની'(HEAT) ફ્લાઈટ ટેસ્ટનુ પરીક્ષણ બાલાસોર રેંજ, ઓડિશાથી કરવામાં આવ્યુ હતું.

### અભ્યાસ(ABHYAS) વિશે

- એરોનોટીકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ(ADE), DRDO દ્વારા ABHYASને વિકસિત કરવામાં આવી છે.
- ABHYAS નાના ગેસ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે અને માર્ગદર્શન અને નિયંત્રણ માટે 'ફ્લાઈટ કંટ્રોલ કમ્પ્યુટર'ની(FCC) સાથે નેવિગેશન માટે Microelectromechanical Systems(MEMS) આધારિત 'ઈનર્ટીઅલ નેવિગેશન સિસ્ટમ'(INS) ધરાવે છે.
- વાહનને સંપૂર્ણ રીતે સ્વાયત્ત ઉડાન માટે પ્રોગ્રામ કરવામાં આવ્યો છે.
- વાહનનો ઉપયોગ વિવિધ મિસાઈલ સિસ્ટમ્સના મૂલ્યાંકનના લક્ષ્ય તરીકે થઈ શકે છે.

## તબીબી ઉપકરણ પાર્ક

- 24 સપ્ટેમ્બર, 2020ના રોજ કેરળમાં દેશના પ્રથમ 'મેડિકલ ડિવાઈસ પાર્ક'નો શિલાન્યાસ કરવામાં આવશે જે ઉચ્ચ જોખમ ધરાવતા તબીબી ઉપકરણો પર આધારીત હશે.

### તબીબી ઉપકરણ પાર્ક વિશે

- આ પાર્કનો હેતુ તબીબી ઉપકરણ ઉદ્યોગને R&D, પરીક્ષણ અને મૂલ્યાંકન જેવી સંપૂર્ણ સેવાઓ પૂરી પાડવાનો છે.
- ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના 'શ્રી ચિત્ર તિરુનલ ઇંસ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ અને ટેકનોલોજી' અને કેરળ સરકારની ઔદ્યોગિક અને રોકાણ પ્રમોશન એજન્સી 'કેરળ રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ લિમિટેડ'ની સંયુક્ત પહેલના આધાર પર 'તબીબી સાધન પાર્ક'ને કેરળના તિરુવંતપુરમ જિલ્લાના થોનક્કલ ખાતે આવેલ 'લાઈફ સાયન્સ પાર્ક'માં સ્થાપિત કરવામાં આવશે.
- આ તબીબી ઉપકરણ પાર્ક તબીબી પ્રત્યારોપણ અને બાહ્ય ઉપકરણો સહિત ઉચ્ચ જોખમ ધરાવતા તબીબી ઉપકરણો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## બ્રુસેલા એબોર્ટસ S19 પ્રતિ રસી

- 22 સપ્ટેમ્બર, 2020ના રોજ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા ICAR–ઈન્ડિયન વેટરનરી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ(IVRI) દ્વારા વિકસિત 'બ્રુસેલા એબોર્ટસ S19 પ્રતિ વેકિસન' પર ટેકનોલોજી લાઈસન્સ કરાર(TLA) સમારોહ યોજાયો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### બ્રુસેલોસિસ વિશે

- બ્રુસેલોસિસ એ વિશ્વભરમાં સૌથી મહત્વપૂર્ણ ઝુનોટિક રોગો છે અને આ બિમારી ભારતમાં પણ સ્થાનિક છે.
- વંધ્યત્વ, ગર્ભપાત, પ્રાણીના નિર્બળ બાળકનો જન્મ અને ઓછી ઉત્પાદકતાને કારણે ડેરી ઉદ્યોગને આર્થિક નુકસાન થાય છે.
- ભારતમાં બ્રુસેલિસ રોગના નિયંત્રણ માટે 'કાફ–હુડ' રસીકરણના રૂપમાં 'બ્રુસેલા અર્બોટસ S19 સ્ટ્રેન'નો ઉપયોગ કરવામાં આવે છે.
- બ્રુસેલા એબોર્ટસ S19 સ્ટ્રેન એ ખૂબ જ મજબૂત ઈમ્યુનોજેન છે જે પ્રાણીને આજીવન પ્રતિરક્ષા પૂરી પાડે છે.

### ઝુનોટિક રોગ

- પ્રાણીઓ દ્વારા માણસોમાં ફેલાતા રોગોને ઝૂનોસિસ અથવા ઝૂનોટિક રોગ કહેવામાં આવે છે.
- પ્રાણી સિવાયના બેકટેરિયા, વાયરસ અથવા પરોપજીવીઓ દ્વારા ઝૂનોટિક ચેપ પ્રકૃતિ અથવા માણસોમાં ફેલાય છે.
- HIV–એડસ, ઈબોલા, મેલેરિયા, હડકવા અને વર્તમાન કોરોનાવાયરસ રોગએ ઝૂનોટિક ચેપને લીધે ફેલાયેલા રોગો છે.

## RAISE-2020

- 5 થી 9 ઓકટોમ્બર, 2020 દરમ્યાન કેન્દ્રીય ઈલેકટ્રોનિકસ અને માહિતી તકનીક મંત્રાલય અને નીતિ આયોગ દ્વારા કૃત્રિમ બુદ્ધિમતા પર મેગા વર્ચ્યુઅલ કોન્ફરન્સ RAISE, 2020 (Responsible AI for Social Empowerment)નું આયોજન કરવામાં આવશે.

### RAISE વિશે

- આ પરિષદમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ અને સ્માર્ટ ગતિશીલતા જેવા અન્ય ક્ષેત્રોમાં સામાજિક પરિવર્તન, સમાવેશ અને સશક્તિકરણ માટે કૃત્રિમ બુદ્ધિમતાનો ઉપયોગ કરવા માટે વિચારોની આપ–લે કરવામાં આવશે.
- RAISE-2020 સમિટમાં કૃત્રિમ બુદ્ધિમતા પર સંશોધન, નીતિ અને નવીનતાથી સંબંધિત વિશ્વભરના પ્રતિનિધિઓ અને નિષ્ણાતો ભાગ લેશે.
- આ પરિષદમાં ચર્ચાના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે:

1. COVID-19ને સંચાલિત કરવામાં કૃત્રિમ બુદ્ધિમતાની ભૂમિકા.
2. ડિજિટાઈઝેશન માટે નવીનતાને પ્રોત્સાહન.
3. સર્વગ્રાહી કૃત્રિમ બુદ્ધિમતા.
4. સફળ નવીનતા માટે ભાગીદારી.

### AI સ્ટાર્ટઅપ પિચ ફેસ્ટ વિશે

- આ સમિટમાં કૃત્રિમ બુદ્ધિમતા સાથે સંબંધિત ક્ષેત્રોમાં કાર્યરત કેટલાક મોટા સ્ટાર્ટ અપ ભાગ લેશે.
- 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોલ્યુશન કોમ્પિટિશન' દ્વારા પસંદ કરવામાં આવેલા આ સ્ટાર્ટઅપ્સ 6 ઓકટોબર, 2020ના રોજ યોજાનારી 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્ટાર્ટઅપ પિચ ફેસ્ટ'માં પોતાના કાર્યોને રજૂ કરશે.

## નેનોજેટ

- 21 સપ્ટેમ્બર, 2020ના રોજ નેચર એસ્ટ્રોનોમીમાં પ્રકાશિત થયેલ એક પ્રકાશન મુજબ, સંશોધનકારોએ પહેલીવાર નાનોજેટની સ્પષ્ટ છબીઓ રેકોર્ડ કરી છે.

### નેનોજેટ વિશે

- નાનોજેટ એક પ્રકારના તીવ્ર તેજસ્વી પ્રકાશ છે જે સૌર વાતાવરણમાં ચુંબકીય રચનાઓ પર કાટખૂણે મુસાફરી કરે છે જેને 'કોરોના' તરીકે ઓળખવામાં આવે છે.
- એક થિયરી મુજબ કોરોનામાં ગરમી નેનોફ્લેયર્સ નામના સૂક્ષ્મ–સ્તરના વિસ્ફોટોથી થાય છે, પરંતુ આ વિસ્ફોટ આવા માઈક્રોસ્કોપિક સ્તરે થાય છે કે તે કોઈપણ રીતે જોવાનું અત્યંત મુશ્કેલ હોય છે.
- સંશોધનકારોએ નાસાના ઈન્ટરફેસ રિજન ઈમેજિંગ સ્પેક્ટ્રોગ્રાફ મિશનનો ઉપયોગ સૂર્યનું વાતાવરણ સપાટી કરતા કેમ વધુ ગરમ છે તે સમજાવવા અને આ તાપમાન વિશેની અન્ય માહિતી એકત્રિત કરવા માટે કર્યો હતો.
- નેનોજેટસને 'સ્મોકિંગ ગન' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે નેનોફ્લેયર્સની હાજરીનો મોટો પુરાવો છે.

### નેનોફ્લેયર્સ વિશે

- આ સૂર્ય પર થતા નાના વિસ્ફોટો છે પરંતુ તેને જોવાનું મુશ્કેલ હોય છે.
- તે ખૂબ જ તીક્ષ્ણ અને નાના છે, જેનો અર્થ એ કે તેમને સૂર્યની તેજસ્વી સપાટીની બહાર શોધવાનું ખૂબ જ મુશ્કેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાસાનો આર્ટેમિસ કાર્યક્રમ

➤ તાજેતરમાં નાસા દ્વારા તેના આર્ટેમિસ પ્રોગ્રામની રૂપરેખા પ્રકાશિત કરવામાં આવી હતી. જેમાં વર્ષ 2024 સુધીમાં ચંદ્ર પર માણસ (એક સ્ત્રી અને પુરુષ) મોકલવાની યોજના બનાવવામાં આવી છે.

### નાસાના આર્ટેમિસ પ્રોગ્રામ વિશે

➤ આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા નાસા વર્ષ 2024 સુધીમાં મનુષ્ય(એક સ્ત્રી અને એક પુરુષ)ને ચંદ્ર પર મોકલવા માંગે છે. આ મિશનનો હેતુ ચંદ્રની દક્ષિણ ધ્રુવ સહિત ચંદ્ર સપાટી પર અવકાશયાત્રીઓને ઉતરવાનો છે.

➤ આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા નાસા તેની નવી તકનીકીઓ, ક્ષમતાઓ અને વ્યવસાયિક અભિગમો દર્શાવવા માંગે છે જે આખરે મંગળની શોધખોળ માટે જરૂરી બનશે.

➤ નાસાએ તેના સમગ્ર કાર્યક્રમને ત્રણ ભાગોમાં વહેંચી દીધા છે, જેમાં પ્રથમ ભાગમાં આર્ટેમિસ-I છે જે સંપૂર્ણ માનવરહિત રહેશે અને નાસા દ્વારા વપરાયેલ સ્પેસ લોંચ સિસ્ટમ(SLS) અને ઓરીઅન સ્પેસક્રાફ્ટનું પરીક્ષણ કરશે. તેને આવતા વર્ષે 2021 સુધીમાં રજૂ કરવામાં આવશે.

➤ બીજો ભાગ આર્ટેમિસ-IIનો છે જેમાં માનવદળને શામેલ કરવામાં આવશે અને વર્ષ 2023 સુધીમાં તેને લોંચ કરવામાં આવશે. જોકે આ મિશનનો આ ભાગ ચંદ્રની સપાટી પર ઉતરશે નહીં.

➤ મિશનનો ત્રીજો અને અંતિમ ભાગ આર્ટેમિસ-III છે, જે વર્ષ 2024માં શરૂ થશે અને મિશનના ભાગ રૂપે, અવકાશયાત્રીઓને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતારશે.

## હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનો માટે નવા મુલ્યાંકન ધોરણ

➤ કેન્દ્ર સરકાર દ્વારા 24 સપ્ટેમ્બર, 2020ના રોજ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત વાહનોના સલામતી આકારણીના ધોરણોને સૂચિત કર્યા છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે આ અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે. તેના માટે કેન્દ્રિય મોટર વાહન નિયમો, 1989માં સુધારો કરવામાં આવ્યો છે.

### સલામતી આકારણી માટેના ધોરણ વિશે

➤ નવા નિયમો મુજબ, શ્રેણી–M(પેસેન્જર વહન કરતા વાહનો) અને શ્રેણી–N(માલ પરિવહન વાહનો) હેઠળ વાહન સંકુચિત હાઈડ્રોજન ગેસ ફ્યુઅલ સેલ પર ચાલતા હોય તે AIS157: 2020નું પાલન કરતા હોવા જોઈએ. 'BIS ધોરણો અધિનિયમ, 2016'ની અંતર્ગત જાહેરનામું બહાર આવે ત્યાં સુધી તેનું પાલન કરવામાં આવશે.

➤ નિયમ જણાવે છે કે હાઈડ્રોજન ફ્યુઅલ સેલને 'ISO14687' અનુસાર વિકસિત કરવામાં આવશે.

### નવા ધોરણનો ઉદ્દેશ

➤ નવા નિયમોનો હેતુ દેશભરમાં પર્યાવરણને અનુકૂળ અને ઊર્જા કાર્યક્ષમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત વાહનોને પ્રોત્સાહન આપવાનો છે.

### હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ઇલેક્ટ્રિક વાહન પ્રોજેક્ટ

➤ એપ્રિલ, ૨૦૨૦માં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન(NTPC) એ લેહ અને દિલ્હીમાં હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈલેક્ટ્રિક વાહનો ચલાવવાનો એક નવો પ્રોજેક્ટ જાહેર કર્યો હતો.

➤ આ પ્રોજેક્ટ અંતર્ગત NTPC દસ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત બસ આપશે.

➤ ભારતમાં આ પ્રકારનો પહેલો પ્રોજેક્ટ છે.

## હિમાલયન ચંદ્ર ટેલિસ્કોપ

➤ હિમાલયન ચંદ્ર ટેલિસ્કોપ તેનો 20મો જન્મદિવસ ઉજવી રહ્યું છે.

➤ આ ટેલિસ્કોપ લદાખમાં 'ભારતીય ખગોળશાસ્ત્ર વૈધશાળા'ની અંદર સ્થાપિત કરવામાં આવેલ છે.

➤ તે 2 મીટર વ્યાસનો ઓપ્ટિકલ–ઈન્ફ્રારેડ ટેલિસ્કોપ છે.

➤ આ ટેલિસ્કોપનો ઉપયોગ વધારાના સૌરમંડળીય ગ્રહોના અવલોકન કરવા માટે કરવામાં આવે છે અને આપણા સૌરમંડળમાં ભ્રમણ કરતો ધૂમકેતુ અને એસ્ટરોઇડની પણ શોધ કરે છે.

➤ તેને 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ(IIA), બેંગ્લોર દ્વારા દૂરસ્થ રૂપે સંચાલિત કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY)

➤ તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા બિહારના દરભંગા ખાતે નવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સની(AIIMS) સ્થાપનાને મંજૂરી આપી છે. તેની સ્થાપના 'પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' હેઠળ કરવામાં આવશે.

### પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના(PMSSY) વિશે

➤ દેશના જુદા જુદા ભાગોમાં પોસાય તેવી અને વિશ્વસનીય તૃતીય આરોગ્ય સંભાળ સુવિધાઓની ઉપલબ્ધતામાં અસંતુલન દૂર કરવા અને દેશમાં ગુણવત્તાપૂર્ણ અને સારી તબીબી શિક્ષણ માટેની સુવિધાઓ વિસ્તૃત કરવાના હેતુથી વર્ષ 2003માં 'પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા સુરક્ષા યોજના'ની ઘોષણા કરવામાં આવી હતી.

➤ PMSSY આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવે છે.

■ **PMSSY યોજનાના બે ઘટકો છે:**

1) નવી AIIMS સંસ્થાઓની સ્થાપના.
2) વિવિધ રાજ્યોમાં સરકારી મેડિકલ કોલેજોનું અપગ્રેડેશન.

➤ પ્રત્યેક મેડિકલ કોલેજ સંસ્થાઓને અપગ્રેડ કરવા માટેનો પ્રોજેક્ટ ખર્ચ કેન્દ્ર અને રાજ્ય દ્વારા વહેંચવામાં આવે છે.

## AICTE વિશ્વેશ્વરૈયા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-2020

➤ તાજેતરમાં, કેન્દ્રીય શિક્ષણમંત્રીએ ઓલ 'ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની(AICTE) માન્યતા પ્રાપ્ત સંસ્થાઓના 12 ફેકલ્ટી સભ્યોને પ્રથમ 'AICTE વિશ્વશ્વરૈયા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ–2020' એનાયત કર્યા હતા.

### AICTE વિશ્વેશ્વરૈયા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિશે

➤ અસાધારણ શિક્ષકોની ઓળખ માટે આ એવોર્ડને પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ તકનીકી શિક્ષણ ક્ષેત્રે ડિગ્રી અને ડિપ્લોમા સંસ્થાઓ માટે શ્રેષ્ઠતા, શ્રેષ્ઠ પ્રયાસો અને નવીનતાઓને માન્યતા આપવા માટે રજૂ કરવામાં આવ્યો છે.

➤ આ એવોર્ડનું લક્ષ્ય એન્જિનિયર દિવસ પર દર વર્ષે રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાવાળી ફેકલ્ટીઓને ઓળખવાનું અને તેમને વૈશ્વિક સ્તરે ઉચ્ચ શિક્ષણની સતત બદલાતી આવશ્યકતાઓ માટે પોતાને તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરવાનું છે જેના દ્વારા તેઓ સમાજમાં પ્રભાવશાળી ફાળો આપનાર બની શકે.

➤ સંશોધન પર પ્રાધાન્યતા, 360 ડિગ્રી ફીડબેક, વિદ્યાર્થી વિકાસમાં ફાળો અને સામાજિક સમસ્યાઓના નિરાકરણની પ્રાથમિકતા સાથે મૂલ્યાંકનના માપદંડના આધારે એવોર્ડ આપવામાં આવ્યો છે.

➤ આ એવોર્ડ માટે 12 ઉમેદવારોની ઓળખ કરવામાં આવી છે જે નીચે મુજબ છે:

1. ડો.પ્રશાંત પવાર(મહારાષ્ટ્ર)
2. ડો.માલતી આર.(તમિલનાડુ)
3. ડો.મોહમ્મદ યાર(નવી દિલ્હી)
4. ડો.શૈલજા પાટિલ(મહારાષ્ટ્ર)
5. ડો.જાનેત જયરાજ(તમિલનાડુ)
6. ડો.મનીષ કોકારે(મહારાષ્ટ્ર)
7. ડો.તેજલ ગાંધી(ગુજરાત)
8. ડો.શ્રીપદ ભતલાવંડે(મહારાષ્ટ્ર)
9. ડો.ફરરૂખ અહેમદ કાઝી(મહારાષ્ટ્ર)
10. ડો.મનીષ શર્મા(છત્તીસગઢ)
11. ડો.જયવંદન પટેલ (ગુજરાત)
12. ડો.નંદકુમાર માડા(તમિલનાડુ)

➤ આ પ્રસંગે, કેન્દ્રીય શિક્ષણમંત્રી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થીઓમાં સહ–અભ્યાસક્રમ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે **SPICES (Scheme for Promoting Interests Creativity and Ethics among Students)** નું ઉદ્ઘાટન કર્યુ હતુ.

## IMPACT, 2020

➤ 16-18 સપ્ટેમ્બર, 2020 વચ્ચે યોજાનારી ઓનલાઈન કોન્ફરન્સ કમ વર્કશોપ 'IMPACT-2020' નું આયોજન પ્રથમ વખત 'સશસ્ત્ર દળ મેડિકલ કોલેજ'(AFMC) કરી રહ્યુ છે.

### IMPACT-2020 વિશે

➤ આ ત્રણ દિવસીય પરિષદમાં લેખકો, સમીક્ષાકારો અને સંપાદકોના પ્રતિષ્ઠિત શિક્ષકોનો સમાવેશ કરવામાં આવશે, જે તબીબી પ્રકાશનમાં સમકાલીન મુદ્દાઓ પર ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- 'મેડિકલ જર્નલ આર્મ્ડ ફોર્સિસ ઈન્ડિયા'(MJAFI) દ્વારા આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે જે દેશના સૌથી પ્રાચીન અને સૌથી મોટા મલ્ટિસ્પેશિયાલિટી રિસર્ચ જર્નલમાંથી એક છે.
- પૂણે સ્થિત AFMCના પોર્ટલો પરથી પ્રકાશિત MJAFI આ વર્ષે તેના 76માં પ્રકાશન આવૃત્તિની ઉજવણી કરી રહ્યુ છે.
- છેલ્લા 76 વર્ષોમાં આ જર્નલ વિશ્વભરના સંશોધનકારો દ્વારા સબમિટ કરવામાં આવેલ લેખો સાથે એક અનુક્રમિત તબીબી પ્રકાશન બની ગયું છે.
- IMPACT-2020ના ભાગ રૂપે, મેડિકલ લેખન પર વર્કશોપ, સમીક્ષા, બાયોસ્ટેટિસ્ટિક્સ, રિસર્ચમાં નૈતિકતા જેવા ઘણાં સત્રો યોજવામાં આવશે.
- આ કોન્ફરન્સમાં AFMCના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ ઉપરાંત દેશભરમાંથી 100 જેટલા પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.
- આ પરિષદની ટેગલાઈન – 'Make Your Research Count' છે.

## સ્ટાર્ટઅપ સંબંધિત અહેવાલ

- તાજેતરમાં સંસદની નાણાકીય બાબતોની સ્થાયી સમિતિએ 'સ્ટાર્ટઅપ' સંબંધિત એક અહેવાલ સંસદ સમક્ષ રજૂ કર્યો છે.

### સ્ટાર્ટઅપ અહેવાલ વિશે

- સમિતિએ દેશમાં સ્ટાર્ટઅપ સિસ્ટમના સંદર્ભમાં 'ફાઈનાન્સિંગ ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ' નામનો અહેવાલ રજૂ કર્યો છે.
- સમિતિના જણાવ્યા મુજબ ભારતની સ્ટાર્ટઅપ કંપનીઓએ ચીન અને અમેરિકા જેવા દેશો પરની નિર્ભરતા ઓછી કરવી જોઈએ.
- ઓગસ્ટમાં પ્રકાશિત હુરુન ગ્લોબલ યુનિકોર્ન્સ, 2020માં સમાવિષ્ટ 21 સ્ટાર્ટઅપ યુનિકોર્નમાંથી 11 કંપનીઓને અલીબાબા, ટેન્સન્ટ અને ડીએસટી જેવા ગ્લોબલ ચીની રોકાણકારો પાસેથી ભંડોળ પ્રાપ્ત થયું છે. સ્ટાર્ટઅપ યુનિકોર્ન્સ એવા સ્ટાર્ટઅપ છે જેનું મૂલ્ય 1 બિલિયન અમેરીકન ડોલરથી વધુ હોય છે.

### સ્ટાર્ટઅપ અહેવાલના મુખ્ય સૂચનો

- સમિતિના જણાવ્યા અનુસાર, 'સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા'ની ભંડોળ પહેલને વિસ્તૃત કરીને રોકાણને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગમાં લેવી જોઈએ.
- કંપનીઓ અને 'મર્યાદિત જવાબદારી ભાગીદારી'ને (Limited Liability Partnership-LLP) સ્ટાર્ટઅપના મૂડી સ્રોતોને વિસ્તૃત કરવા માટે તેમને 'બિન–નાણાકીય બેંકિંગ કંપની' (NBFC) જાહેર કર્યા વિના સ્ટાર્ટઅપમાં રોકાણ કરવાની મંજૂરી આપવી જોઈએ.
- વિદેશી વિકાસ નાણા સંસ્થાઓને સ્થાનિક એસેટ મેનેજમેન્ટ કંપનીઓના સહયોગથી ભંડોળ માળખા અથવા સીધા વેન્ચર કેપિટલ/પ્રાઈવેટ ઈક્વિટી ફંડસ સ્થાપવા પ્રોત્સાહિત કરી શકાય છે.
- બેંકોની કેટેગરી–IIIના 'વૈકલ્પિક રોકાણ નિધિ'(Alternatuve Investment Fund)માં રોકાણ કરવાની મંજૂરી આપવી જોઈએ.

### કર મુક્તિ વિશે સુચન

- COVID-19 રોગચાળા દરમિયાન સ્ટાર્ટઅપમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે સમિતિએ કેન્દ્ર સરકારને ઓછામાં ઓછા આવતા બે વર્ષ માટે 'કલેકટિવ ઈન્વેસ્ટમેન્ટ વ્હિકલ્સ(CIV) જેમકે એન્જલ ફંડ્સ, AIF અને LLP દ્વારા કરવામાં આવેલા રોકાણો પરના બધા 'લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેકસ'ને નાબૂદ કરવા સૂચન કર્યુ છે.
- 'કલેકટિવ ઈન્વેસ્ટમેન્ટ વ્હિકલ્સ'(CIV) એ એવી કંપનીઓ છે જે રોકાણકારોને સીધી જામીનગીરી ખરીદવાના સ્થાન પર પૂલ ફંડમાં ઘણા રોકાણકારોને સામુહિક રીતે રોકાણ કરવાની સુવિધા આપે છે.
- CIV સામાન્ય રીતે ફંડ મેનેજમેન્ટ કંપની દ્વારા સંચાલિત થાય છે.

## અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના

- કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા હાલમાં બેરોજગાર થયેલ ESIC લાભાર્થી સભ્યોને વિસ્તૃત 'અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના' હેઠળ અરજી માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

### મુખ્ય બાબતો

- શ્રમ અને રોજગારમંત્રીની અધ્યક્ષતામાં ESICએ અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજનાને 1 જુલાઈ, 2020 થી 30 જૂન, 2021 સુધી એટલે કે વધુ એક વર્ષ માટે વધારવાનો નિર્ણય કર્યો છે.
- COVID-19 રોગચાળાને પગલે, રોજગાર ગુમાવનારા લોકો માટેના બેરોજગાર રાહત ભથ્થામાં પણ 50%નો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### Back to Basics : અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના વિશે

- આ યોજનાની શરૂઆત 1 જુલાઈ, 2018ના રોજ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત, વીમાદાતા લોકોને બેરોજગારીના કિસ્સામાં રોકડ વળતર આપવામાં આવે છે.
- આ યોજના 'કર્મચારી રાજ્ય વીમા નિગમ'(ESIC) દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.
- હાલમાં ESIC 3.49 કરોડ પરિવારોને લાભ અને સેવાઓ આપી રહ્યુ છે અને 13.56 કરોડ લાભાર્થીઓને રોકડ લાભ અને સસ્તા દરે સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ આપી રહી છે.
- આ યોજનાને શરૂઆતમાં બે વર્ષ માટે પાયલોટ ધોરણે શરૂ કરવામાં આવી હતી.

## એકિકૃત કાપડ પાર્ક યોજના

- ભારત સરકાર 'એકિકૃત કાપડ પાર્ક યોજના'(SITP) શરૂ કરી રહી છે. આ યોજના કાપડ એકમોની સ્થાપના માટે વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ બનાવવા માટે સહાય પૂરી પાડે છે.

### એકિકૃત કાપડ પાર્ક યોજના વિશે

- આ યોજના અંતર્ગત ભારત સરકાર પ્રોજેક્ટ ખર્ચના 40% સુધી સહાય આપશે અને કેટલાક વિશેષ રાજ્યો જેવા કે અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કશ્મીર અને લદ્દાખને પ્રથમ બે પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ ખર્ચના 90% સુધી અનુદાન આપશે. જેમાં દરેક ટેક્સટાઈલ પાર્ક માટે રૂ.40 કરોડની રકમ સુનિશ્ચિત કરવામાં આવી છે.
- SITP માંગ આધારિત યોજના છે.
- આ ઉપરાંત કાપડ મંત્રાલય દ્વારા 'મેગા ટેકસટાઈલ પાર્ક' સ્થાપવાના પ્રસ્તાવ અંગે ચર્ચા ચાલી રહી છે.

## સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ

- સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેકટના ભાગ રૂપે રૂ. 861.90 કરોડના ખર્ચે નવા સંસદ ભવનના બાંધકામ માટેની બોલી પ્રક્રિયા 'ટાટા પ્રોજેકટસ લિમિટેડે' જીતી લીધી છે.

### સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ વિશે

- વર્ષ 20190માં હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય દ્વારા 'સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેકટ'ની કલ્પના કરવામાં આવી હતી.
- આ પુનર્વિકાસ પ્રોજેકટમાં સંસદના નવાભવનના નિર્માણ માટેનો પ્રસ્તાવ છે જેનો આકાર ત્રિકોણાકાર હશે. જેને હાલના સંસદ ભવનની નજીક બનાવવામાં આવશે.
- સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં ઉત્તર અને દક્ષિણ બ્લોકસને સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવશે અને તેના સ્થાન પર નવા ભવન બનાવવામાં આવશે.
- આ ક્ષેત્રમાં વિવિધ મંત્રાલયો અને તેમના વિભાગો માટેની કચેરીઓ પણ બનાવવામાં આવશે.
- દિલ્હીમાં આવેલ રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, નોર્થ બ્લોક, સાઉથ બ્લોક, ઈન્ડિયા ગેટ અને અન્ય રાષ્ટ્રીય આર્કાઈવ્ઝ જે ક્ષેત્રમાં સ્થિત છે, તેને સામૂહિક રૂપથી 'સેન્ટ્રલ વિસ્ટા' કહેવામાં આવે છે. તેની લંબાઈ અંદાજીત 3.2 કિ.મી. જેટલી છે.

## સમર્થ યોજના

- કેન્દ્રીય કાપડ મંત્રી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ સમર્થ યોજના અંતર્ગત 18 રાજ્ય સરકાર અને સંગઠિત ક્ષેત્રોમાં તાલીમ કાર્યક્રમો યોજવા માટે 6.6 લાખ લાભાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.

### સમર્થ યોજના વિશે

- આ યોજનાને 'કાપડ ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ યોજના' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ યોજનાનુ અમલીકરણ કાપડ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યુ છે.
- તેનો ઉદ્દેશ માંગ આધારિત, રોજગારલક્ષી 'રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા ફ્રેમવર્ક(NSUF) માટે કુશળતા કાર્યક્રમ પ્રદાન કરવાનો છે.
- આ યોજનાનું લક્ષ્ય સંગઠિત ક્ષેત્રમાં કાંતણ અને વણાટને બાદ કરીને 10 લાખ લોકોને (પરંપરાગત ક્ષેત્રમાં 9 લાખ અને બિન–પરંપરાગત ક્ષેત્રમાં 1 લાખ) તાલીમ આપવાનું છે.

### સમર્થ યોજનાની મુખ્ય વિશેષતા

- ટ્રેનર્સને તાલીમ આપવી.
- આધાર સક્ષમ બાયમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ(AEBAS)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ તાલીમ કાર્યક્રમનું સીસીટીવી રેકોર્ડિંગ.
➤ હેલ્પલાઈન નંબર સાથે કોલ સેન્ટર

## VAIBHAV સમિટ

➤ 'વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક'(VAIBHAV) સમિટનું ઉદ્ઘાટન 2 ઓક્ટોબર, 2020ના રોજ કરવામાં આવશે.
➤ VAIBHAVનું પૂરું નામ "Vaishvik Bhartiya Vaigyanik"છે.

### VAIBHAV વિશે

➤ તે પરદેશી અને નિવાસી ભારતીય વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદોની વૈશ્વિક સમિટ છે.
➤ તે વિજ્ઞાન અને ટેક્નોલોજી(S&T) અને ભારતની શૈક્ષણિક સંસ્થાઓ, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન(DRDO) ની એક પહેલ છે જેથી વિચાર પ્રક્રિયા, પ્રથાઓ અને સંશોધન અને વિકાસ સંસ્કૃતિ પર ચર્ચા–વિચારણા કરી શકાય.
➤ આ પહેલનો ઉદ્દેશ્ય ઉભરતા અને ચાલુ પડકારોના નિવારણ માટે વૈશ્વિક ભારતીય સંશોધનકારની કુશળતા અને જ્ઞાનનો ઉપયોગ કરવા માટે એક વ્યાપક માર્ગદર્શિકા રજૂ કરવાનો છે.
➤ તેનો હેતુ વૈશ્વિક પહોંચ દ્વારા દેશમાં જ્ઞાન અને નવીનતાનું એક ઈકોસિસ્ટમ બનાવવાનો પ્રયત્ન કરવાનો છે.

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

➤ તાજેતરમાં જ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

### મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના વિશે

➤ આ યોજના અંતર્ગત રાજ્યમાં મહિલા જૂથોને વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે.
➤ મુખ્યામંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત શહેરી વિસ્તારોમાં 50,000 સંયુક્ત જવાબદારી અને આવક જૂથો બનાવવામાં આવશે. તેવી જ રીતે, ગ્રામીણ વિસ્તારોમાં 50,000 સંયુક્ત જવાબદારી અને આવક જૂથો બનાવવામાં આવશે.
➤ આ જૂથોમાં 10 મહિલા સભ્યો હશે અને સરકાર દ્વારા આ જૂથોને વ્યાજ મુક્ત લોન આપવામાં આવશે.
➤ આ યોજના હેઠળની વ્યાજની રકમ રાજ્ય સરકાર પોતે જ ઉઠાવશે.
➤ સરકારે આ મહિલા જૂથોને આપવામાં આવતી લોન માટે સ્ટેમ્પ ડ્યુટી માફ કરવાનો નિર્ણય પણ લીધો છે.
➤ રાજ્ય સરકાર આ યોજના હેઠળ તમામ સંયુક્ત જવાબદારી અને આવક જૂથોને 1 લાખ રૂપિયા સુધીની રકમ પ્રદાન કરશે.

## યુવા(YuWaah): યુવા કૌશલ્ય પહેલ

➤ 20 જુલાઈ, 2020ના રોજ ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય અને યુનિસેફ એ ભારતમાં વૈશ્વિક મલ્ટિ–સ્ટોકહોલ્ડર પ્લેટફોર્મ 'યુવા: જનરેશન અનલિમિટેડ'ની સ્થાપના કરવા માટે 'સ્ટેટમેંટ ઓફ ઈંટેંટ' પર હસ્તાક્ષર કર્યા હતા.

### યુવા(YuWaah) : જનરેશન અનલિમિટેડ વિશે:

➤ તેનો ઉદ્દેશ્ય યુવા ઉદ્યોગ સાહસિકોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવા સફળ ઉદ્યમીઓ અને નિષ્ણાંતો દ્વારા ઉદ્યમવૃત્તિ વર્ગોનું(ઓનલાઈન અને ઓફલાઈન) આયોજન કરીને યુવાનોને પ્રોત્સાહિત કરવાનો છે.
➤ આ સાથે જ 21મી સદીની કુશળતા, જીવન કુશળતા, ડિજિટલ કુશળતા પર ઓનલાઈન અને ઓફલાઈન ચેનલો દ્વારા યુવાનોને અપગ્રેડ કરવાનું અને તેમના ઉત્પાદક જીવન અને ભવિષ્યમાં કામ કરવા માટે સ્વ–શિક્ષણ દ્વારા સહાયક બનાવવામાં આવશે.
➤ યુવાનોને કરિયર પોર્ટલની સાથે સાથે નોકરી પોર્ટલ દ્વારા સ્વ–શોધ સત્રો દ્વારા યુવાનોને કારકિર્દી માર્ગદર્શન સહાય પ્રદાન કરવામાં આવશે.

### ગ્લોબલ જનરેશન અનલિમિટેડ વિશે

➤ ગ્લોબલ જનરેશન અનલિમિટેડની શરૂઆત વર્ષ 2018માં યુનિસેફ દ્વારા કરવામાં આવી હતી.
➤ તે તમામ દેશોના યુવાનોના શિક્ષણ, કુશળતા અને સશક્તિકરણને ટેકો આપવા અને વિસ્તૃત કરવા માટેનો એજન્ડા પૂરો પાડે છે.

## સરકારી શાળાઓમાં શૌચાલય પર CAGનો રીપોર્ટ

➤ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક(CAG) દ્વારા સંસદમાં આપવામાં આવેલા અહેવાલ/રીપોર્ટ મુજબ, જાહેર ક્ષેત્રના એકમો દ્વારા શિક્ષણના અધિકારના ભાગ રૂપે સરકારી શાળાઓમાં બનાવવામાં આવેલા 1.4 લાખ શૌચાલયોમાં આશરે 40% બિન–અસ્તિત્વમાં છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સરકારી શાળાઓમાં શૌચાલય પર (CAG)ના રીપોર્ટ વિશે

- આંકડા મુજબ, દેશભરમાં આશરે 10.8 લાખ સરકારી શાળાઓ છે, જેમાં જાહેર ક્ષેત્રના સેન્ટ્રલ એન્ટરપ્રાઈઝીસની સહાયથી કુલ 1.4 લાખ શૌચાલયો બનાવવામાં આવ્યા છે.
- CAG એ પોતાના અહેવાલમાં 15 રાજ્યોની 2,695 સરકારી શાળાઓના શૌચાલયોનો સર્વે કર્યો છે.
- સંસદમાં રજૂ કરાયેલ પોતાના અહેવાલમાં CAG એ જણાવ્યું છે કે દેશભરની સરકારી શાળાઓમાં બનાવવામાં આવેલા 70% થી વધુ શૌચાલયોમાં પાણીની સુવિધા નથી, જ્યારે 75% શૌચાલયો નિર્ધારિત ધોરણોને યોગ્ય રીતે અનુસરતા નથી.
- રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 'સ્વચ્છ વિદ્યાલય અભિયાન' અંતર્ગત જાહેર ક્ષેત્રના કેન્દ્રીય સાહસો દ્વારા કુલ 83 શૌચાલયોની ઓળખ કરવામાં આવી છે, જે હજી સુધી બનાવવામાં આવ્યાં નથી.
- જ્યારે અન્ય 200 શૌચાલયોના નિર્માણનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, પરંતુ તે હજુ અસ્તિત્વમાં નથી, જ્યારે ત્યાં 86 શૌચાલયો એવા છે જે ફક્ત આંશિક રીતે બનાવવામાં આવ્યા છે.
- રિપોર્ટ અનુસાર, 691 શૌચાલયો છે જેનો ઉપયોગ પાણીના અભાવ અથવા અન્ય કારણોસર કરવામાં આવતો નથી.
- સર્વેક્ષણ કરવામાં આવેલ 1,967 શાળાઓમાંથી, 99 શાળાઓમાં કોઈ પ્રકારનું શૌચાલય નથી, જ્યારે 436 શાળાઓમાં ફક્ત એક જ શૌચાલય છે. આ ઉપરાંત 27% શાળાઓ છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય પ્રદાન કરવાનું લક્ષ્ય પૂર્ણ કરી શકી નથી.
- સર્વે દરમિયાન જાણવા મળ્યું કે 72% શાળાઓને શુધ્ધ પાણીની પહોંચ નથી, 55% શાળામાં હાથ ધોવા માટેની કોઈ સુવિધા નથી.

## વર્લ્ડ રિસ્ક ઇન્ડેક્સ(WRI), 2020

- વર્લ્ડ રિસ્ક ઇન્ડેક્સ(WRI), 2020 મુજબ, ગંભીર કુદરતી આફતો સામે આત્યંતિક નબળાઈને કારણે ભારત 'આબોહવા વાસ્તવિકતા' સાથે વ્યવહાર કરવા માટે 'નબળી રીતે તૈયાર'(Poorly Prepared) હતું.

## 'વર્લ્ડ રિસ્ક ઇન્ડેક્સ'(WRI)ની મુખ્ય બાબતો

- WRI, 2020માં ભારત 181 દેશોમાંથી 89 ક્રમે છે. બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પછી ભારત હવામાન પરિવર્તનને કારણે દક્ષિણ એશિયામાં ચોથો સૌથી વધુ જોખમ ધરાવતો દેશ છે.
- રિપોર્ટ અનુસાર, શ્રીલંકા, ભુતાન અને માલદીવ ગંભીર આફતોનો સામનો કરવામાં ભારત કરતા સારો દેખાવ કર્યો છે. આત્યંતિક ઘટનાઓનો સામનો કરવાની તૈયારીમાં ભારત આ ત્રણ પાડોશી દેશોથી પાછળ છે.
- ભારત અને દક્ષિણ એશિયાના અન્ય દેશોએ એક વર્ષ દરમિયાન વર્લ્ડ રિસ્ક ઇન્ડેક્સમાં તેમની રેન્કિંગમાં નજીવી સુધારણા કરી છે. ભૂટાને તેના રેન્કિંગમાં સૌથી વધુ સુધારો કર્યો છે. ભૂતાન પછીનું સ્થાન પાકિસ્તાનનું છે.
- ઈન્ડેકસ મુજબ, 52.73થી ઉપરના સ્કોરવાળા દેશો ગંભીર કુદરતી આફતોમાં અનુકૂળતાની તેમની ક્ષમતા વધારવામાં 'ખૂબ નબળા' હતા.

| દેશ | અનુકૂલન ક્ષમતા (WRI, 2020) | અનુકૂલન ક્ષમતા (WRI, 2019) |
|---|---|---|
| અફઘાનિસ્તાન | 92.09 | 59.75 |
| બાંગ્લાદેશ | 85.81 | 54.44 |
| ભુટાન | 72.82 | 46.65 |
| ભારત | 78.15 | 48.4 |
| માલદિવ | 76.51 | 36.29 |
| નેપાળ | 83.34 | 48.85 |
| પાકિસ્તાન | 84.81 | 51.62 |
| શ્રીલંકા | 77.3 | 39.94 |

## Back to basics : વિશ્વ જોખમ સૂચકાંક(WRI) વિશે

- WRI એ યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી ઈન્સ્ટિટયૂટ ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ હ્યુમન સેફટી અને બુંડનીસ એન્ટવિકલંગ હિલ્ફટ દ્વારા જર્મનીની સ્ટુટગાર્ટ યુનિવર્સિટીના સહયોગથી 15 સપ્ટેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલ વર્લ્ડ રિસ્ક રિપોર્ટ, 2020નો એક ભાગ છે.
- WRIની ગણતરી દરેક દેશના આધારે જોખમ અને નબળાઈના ગુણાકાર દ્વારા થાય છે.
- વર્ષ 2011થી દર વર્ષે WRI રીપોર્ટ બહાર પાડવામાં આવે છે.

➤ આ ઈન્ડેક્સ બતાવે છે કે કયા દેશોએ આત્યંતિક કુદરતી ઘટનાઓ સાથે વ્યવહાર કરવા અને અનુકૂલન માટે ક્ષમતા ઊભી કરવાની જરૂર છે.

**WRI અંતર્ગત દેશનું પ્રદર્શન(રેંક) :-**

| દેશ | WRI, 2020 માં રેંક | WRI, 2019 માં રેંક |
|---|---|---|
| અફઘાનિસ્તાન | 57 | 53 |
| બાંગ્લાદેશ | 13 | 10 |
| ભુટાન | 152 | 143 |
| ભારત | 89 | 85 |
| માલદિવ | 171 | 169 |
| નેપાળ | 151 | 116 |

## જ્ઞાનપીઠ એવોર્ડ-2019

➤ 24 સપ્ટેમ્બર, 2020ના રોજ, મલયાલમ સાહિત્યના પ્રખ્યાત કવિ 'અક્કીતમ અચ્યુતન નંબુદિરી'ને વર્ષ 2019ના જ્ઞાનપીઠ એવોર્ડ દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા છે.

### જ્ઞાનપીઠ પુરસ્કાર વિશે

➤ જ્ઞાનપીઠ એવોર્ડની આ 55મી આવૃત્તિ છે.

➤ ભારતીય જ્ઞાનપીઠ ટ્રસ્ટ દ્વારા ભારતીય સાહિત્ય માટે આપવામાં આવતો આ સર્વોચ્ચ એવોર્ડ છે. મલયાલમ સાહિત્યમાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર અક્કીતમ અચ્યુતન નંબુદિરી છઠ્ઠાં લેખક છે.

➤ બંધારણની આઠમી અનુસૂચિમાં ઉલ્લેખિત 22 ભારતીય ભાષાઓમાં લેખન કરનાર લેખકોને સાહિત્ય ક્ષેત્રે તેમના જીવનકાળના દરમ્યાન આપેલ યોગદાન માટે ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ આપવામાં આવે છે.

➤ આ એવોર્ડ અંતર્ગત 11 લાખ રૂપિયા, પ્રશસ્તિપત્ર અને વાગ્દેવીની કાંસાની પ્રતિમા આપવામાં આવે છે.

➤ પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ વર્ષ 1965માં મલયાલમ સાહિત્યકાર જી.શંકર કુરૂપને આપવામાં આવ્યો હતો.

➤ ગુજરાતી ભાષા અંતર્ગત નીચે મુજબના સાહિત્યકારોને આ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

| વર્ષ | સાહિત્યકાર | કૃતિ/રચના |
|---|---|---|
| 1969 | ઉમાશંકર જોશી | નિશીથ |
| 1985 | પન્નાલાલ પટેલ | માનવીની ભવાઈ |
| 2001 | રાજેન્દ્ર શાહ | ધ્વનિ |
| 2015 | રઘુવીર ચૌધરી | અમૃતા અને સમગ્ર સાહિત્ય માટે |

## FAME INDIA યોજના

➤ ઈલેક્ટ્રિક ગતિશીલતા તરફ એક મોટું પગલું ભરતાં ભારત સરકારે ફેમ ઈન્ડિયા યોજનાના બીજા તબક્કા હેઠળ મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત અને ચંદીગઢ રાજ્યો/કેંદ્રશાસિત પ્રદેશમાં 670 ઈલેક્ટ્રિક બસ અને મધ્ય પ્રદેશ, તમિલનાડુ, કેરળ, ગુજરાત અને પોર્ટ બ્લેરમાં 241 ચાર્જિંગ સ્ટેશનોને મંજૂરી આપવામાં આવી છે.

### ફેમ ઈન્ડિયા યોજના વિશે

➤ ભારત સરકારના નિર્ણયનો ઉદ્દેશ અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતાને ઘટાડવાનો અને વાહનોથી થતા પ્રદૂષક ઉત્સર્જનની સમસ્યાનો સામનો કરવાનો છે.

➤ ભારત સરકારના ભારે ઉદ્યોગો અને જાહેર ઉદ્યોગ મંત્રાલય હેઠળ હેવી ઉદ્યોગ વિભાગ, એપ્રિલ 2015થી 'ફાસ્ટ એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓફ હાઈબ્રિડ એન્ડ ઈલેક્ટ્રિક વ્હિકલ સ્કીમ' એટલે કે 'ફેમ ઈન્ડિયા સ્કીમ' ચલાવી રહ્યુ છે જેથી દેશમાં ઈલેક્ટ્રિક/હાઈબ્રિડ વાહનોને અપનાવવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

➤ આ યોજનાના પ્રથમ તબક્કામાં 31 માર્ચ, 2019 સુધી આશરે 2,80,987 હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોને માંગ પ્રમોશન દ્વારા લગભગ 359 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી હતી.

➤ આ ઉપરાંત હેવી ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટે દેશના વિવિધ શહેરોમાં આશરે 280 કરોડની કિંમતની 425 ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ બસોને મંજૂરી આપી છે.

➤ ફેમ ઈન્ડિયા યોજનાના પ્રથમ તબક્કા હેઠળ હેવી ઈન્ડસ્ટ્રીઝ વિભાગે બેંગલુરુ, ચંદીગઢ, જયપુર અને દિલ્હી NCR જેવા શહેરોમાં પણ આશરે 43 કરોડના ખર્ચે 520 ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવાની મંજૂરી આપી હતી.

➢ હાલમાં ફેમ ઈન્ડિયા યોજનાનો બીજો તબક્કો 3 વર્ષના સમયગાળા માટે લાગુ કરવામાં આવી રહ્યો છે. તે રૂ. 10,000 કરોડના બજેટ ફાળવણી સાથે 01 એપ્રિલ, 2019થી અમલમાં છે.

➢ આ તબક્કો જાહેર અને વહેંચાયેલ પરિવહનના વીજળીકરણ પર કેન્દ્રિત છે. તેમજ સબસિડી દ્વારા આશરે 7000 ઈ–બસો, 5 લાખ ઈ–થ્રી વ્હીલર્સ, 55,000 ઈ–પેસેન્જર કાર અને 10 લાખ ઈ–ટુ–વ્હીલર્સને ટેકો આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના(DDU-GKY)

➢ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયે અંત્યોદય દિન નિમિત્તે 25 સપ્ટેમ્બર, 2020ના રોજ દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાના સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

➢ આ યોજના દ્વારા અત્યાર સુધીમાં 10.51 લાખ યુવાનોને તાલીમ આપીને 6.65 લાખ યુવાનોને સફળતાપૂર્વક રોજગારી આપવામાં આવી છે.

### એગ્રિપ્રેન્યોરશિપ પ્રોગ્રામ

➢ આ પ્રસંગે, ગ્રામીણ વિકાસ મંત્રીશ્રીએ 'એગ્રિપ્રેન્યોરશિપ પ્રોગ્રામ'નું ઉદ્ઘાટન કર્યું હતું અને આ કાર્યક્રમ દરમિયાન નીચેની બાબતોનુ વિમોચન કરવામાં આવ્યુ હતુ.

1) DDU-GKY હેઠળ કેપ્ટિવ એમ્પ્લોયમેન્ટ માટેની માર્ગદર્શિકા
2) ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ કલસ્ટરના પ્રોત્સાહન માટેની માર્ગદર્શિકા
3) DDU-GKY ઉમેદવારોની સફળતાની વાર્તાઓનો સં ગ્રહ

➢ દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના(DDU-GKY)નો સ્થાપના દિવસ 'કૌશલથી આવતીકાલ બદલીશું'કાર્યક્રમ તરીકે ઉજવવામાં આવ્યો છે.

➢ દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનો હેતુ ગરીબ ગ્રામીણ યુવાનોને નિયમિત રોજગારમાં લઘુત્તમ વેતનના સમાન અથવા વધુ માસિક વેતન આપવાનો છે.

## ઉમંગ એપ્લિકેશન પર નવી સેવાઓ

➢ ઉમંગ એપ્લિકેશન પર પહેલેથી ઉપલબ્ધ 16 સેવાઓ ઉપરાંત, હવે 'કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન'(EPFO-Employees Provident Fund Organisation) દ્વારા એક અન્ય સુવિધા શરૂ કરીને કર્મચારી પેન્શન યોજનાનાs(EPS) સભ્યોને 'કર્મચારી પેન્શન યોજના, 1995' અંતર્ગત યોજનાના પ્રમાણપત્ર માટે અરજી કરવા માટે સક્ષમ બનાવ્યા છે.

### કર્મચારી પેન્શન યોજના પ્રમાણપત્ર વિશે

➢ કર્મચારી પેન્શન યોજનાનું પ્રમાણપત્ર એવા સભ્યોને જાહેર કરવામાં આવે છે જેઓ તેમના EPF ફાળો પાછો ખેંચે છે પરંતુ નિવૃત્તિની ઉંમરે પેન્શન લાભ મેળવવા માટે EPFO સાથે તેમનું સભ્યપદ જાળવી રાખવા ઇચ્છે છે.

➢ કોઈ સભ્ય ફક્ત ત્યારે જ પેન્શન માટે પાત્ર છે જો તે કર્મચારી પેન્શન યોજના, 1995 હેઠળ ઓછામાં ઓછા 10 વર્ષ સભ્ય રહે.

➢ આ ઉપરાંત લાયક સભ્યના મૃત્યુની ઘટનામાં પરિવારના સભ્યો દ્વારા પેન્શન મેળવવામાં પણ યોજનાનું પ્રમાણપત્ર ઉપયોગી છે.

### ઉમંગ(UMANG) એપ્લિકેશન વિશે

➢ ભારતમાં મોબાઈલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NGD) દ્વારા UMANG(Unified Mobile Application for New age Governance) એપ્લિકેશને વિકસિત કરવામાં આવી છે.

## માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય ભાગીદારી(PMNCH)

➢ તાજેતરમાં કેંદ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી એ વિડિઓકોન્ફરન્સદ્વારામાતૃત્વ,નવજાતઅનેબાળઆરોગ્ય ભાગીદારી(The Partnership for Maternal, Newborn and Child Health- PMNCH) માટે 'અકાંઉટબિલિટી બ્રેકફાસ્ટ–2020' કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

- આ આયોજન 'વ્હાઈટ રિબન એલાયન્સ'(WRA) અને 'એવરી વુમન એવરી ચાઈલ્ડ'(EWEC) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.
- આ વર્ષની થીમ 'કોવિડ રોગચાળાથી પ્રજનન, માતૃત્વ અને બાળ આરોગ્ય ક્ષેત્રે મેળવેલા લાભને બચાવવા માટેનો પ્રયાસ' હતી.

### માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય ભાગીદારી(PMNCH) વિશે

- તેની શરૂઆત વર્ષ 2005માં કરવામાં આવી હતી.
- PMNCH એ 77 દેશોના 1000થી વધુ સંગઠનોનું જોડાણ છે.જેમાંયૌન,માતૃત્વ,પ્રસૂતિ,નવજાત,બાળકઅનેકિશોરો આરોગ્ય સમુદાયો તેમજ આરોગ્ય પ્રભાવિત ક્ષેત્રોથી સંબંધિત સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- નવી ભાગીદારીની દ્રષ્ટિ અને લક્ષ્યોને 'દિલ્હી ઘોષણા'માં દર્શાવેલ છે. તે એક ઐતિહાસિક નિવેદન હતું, જેનું આયોજન 7-9 એપ્રિલ, 2005 દરમ્યાન નવી દિલ્હી, ભારત ખાતે યોજાયેલ 'લાઈવ્સ ઈન બેલેન્સ: પાર્ટનરશિપ મીટિંગ ફોર મેટરનલ, ન્યુ બોર્ન એન્ડ ચાઈલ્ડ હેલ્થ'ના સહભાગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભૂમિકા અને કાર્યો

- આ ભાગીદારી સંસ્થાઓને ઉદ્દેશો, વ્યૂહરચનાઓ અને સંસાધનોને સંરેખિત કરવા અને માતૃત્વ, નવજાત, બાળક અને કિશોરોનું આરોગ્ય સુધારવા માટેના હસ્તક્ષેપો પર સંમત થવા માટેનું એક મંચ આપે છે.

## મહિલા અને અનુસુચિત જાતિ વિરુદ્ધ ગુનાઓમાં વધારો

- નેશનલક્રાઈમરેકોર્ડબ્યુરો(NCRB)દ્વારાવાર્ષિકપ્રકાશિત 'ક્રાઈમ ઈન ઈન્ડિયા–2019'ના અહેવાલ મુજબ, વર્ષ 2018ની સરખામણીએ વર્ષ 2019માં મહિલાઓ પરના ગુનાઓની સંખ્યામાં 7.3%નો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, અનુસૂચિત જાતિ સામેના ગુનાઓમાં પણ 7.3%નો વધારો નોંધાયો છે.

### મહિલાઓ સાથે સંબંધિત ગુના વિશે

- વર્ષ 2019 દરમિયાન મહિલાઓ સામે ગુનાના કુલ 4,05,861 કેસ નોંધાયા હતા. વર્ષ 2018 (3,78,236)માં નોંધાયેલા કેસોની સંખ્યા કરતા આ સંખ્યા 7.3% વધારે હતી. પ્રત્યેક લાખ વસ્તીમાં મહિલાઓ સામેના ગુનાઓનું સૌથી વધુ પ્રમાણ આસામમાં છે.
- ભારતીયદંડસંહિતાહેઠળમહિલાઓસામેનાગુનાનાસૌથી વધુ કેસો 'પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા ક્રૂરતા' સાથે સંબંધિત હતા. સ્ત્રીઓ સામેના ગુનાના કુલ કેસોમાં આનો હિસ્સો 30.9% હતો.
- ત્યારબાદ મહિલાઓની નમ્રતાનું અપમાન કરવાના ઉદ્દેશ્યથી હુમલા(21.8%), અપહરણ(17.9%) અને બળાત્કાર(7.9%) સંબંધિત મહિલાઓ સામે ગુનાનાં કેસ નોંધાયા છે.
- NCRBના રિપોર્ટ અનુસાર, વર્ષ 2019માં મહિલાઓની વસતી દીઠ ગુનાના કેસોનો દર 62.4 છે. તેની તુલનામાં, વર્ષ 2018( માં મહિલાઓની વસ્તી દીઠ ગુના દર 58.8 હતો.
- દેશમાં મહિલાઓ વિરુદ્ધ સૌથી વધુ ગુનાઓ ઉત્તર પ્રદેશમાં(59,853) છે.દેશમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાના કુલ કેસોમાં ઉત્તર પ્રદેશના ગુનાઓની સંખ્યા 14.7% છે. ઉત્તરપ્રદેશ બાદ મહિલા વિરુદ્ધ સૌથી વધુ ગુનામાં રાજસ્થાન (41,550) કેસ; (10.2%) અને મહારાષ્ટ્ર (37,144) કેસ; (9.2%) હતા.
- આસામમાં પ્રતિ લાખ વસ્તી પર મહિલાઓ સામે ગુનાખોરીનું પ્રમાણ 177.8 નોંધાયું હતું. આ કિસ્સામાં આસામ(110.4) અને હરિયાણા (108.5) આસામ પછીના સ્થાન પર છે.
- રાજસ્થાનમાં સૌથી વધુ બળાત્કારના (5,997) કેસ નોંધાયા છે. રાજસ્થાન બાદ ઉત્તરપ્રદેશમાં(3065) અને મધ્યપ્રદેશમાં(2485) સાથે સૌથી વધુ બળાત્કારના કેસો નોંધાયા છે.
- રાજસ્થાનમાં પ્રતિ લાખ વસ્તી પર બળાત્કાર સંબંધી કેસોનો દર 15.9 સૌથી વધુ હતો. આ પછી કેરળ(11.1) અને હરિયાણા(10.9) સૌથી વધુ દરો ધરાવતા રાજ્યો હતા.
- POCSO(Protection of Children from Sexual Offence Act) હેઠળ છોકરીઓ વિરુદ્ધ ગુનાના સૌથી વધુ કેસ ઉત્તરપ્રદેશમાં નોંધાયા છે. રાજ્યમાં POCSO એકટ હેઠળ છોકરીઓ વિરુદ્ધ ગુનાના કેસોની સંખ્યા 7,444 હતી. તે પછીના સ્થાન પર મહારાષ્ટ્ર(6,402) અને મધ્યપ્રદેશ(6,053) હતા.
- ઉત્તરપ્રદેશમાં પ્રતિ લાખ મહિલાઓની વસ્તી પર દહેજના કેસનો દર સૌથી વધુ(2.2) હતો. ઉત્તરપ્રદેશમાં


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

દહેજના કુલ 2,410 કેસ નોંધાયા છે. ઉત્તરપ્રદેશ પછી બિહાર(1,120)નું સ્થાન હતું.

➤ અહેવાલમાં જણાવાયું છે કે વર્ષ 2019માં 150 'એસિડ એટેકસ'ના કેસ નોંધાયા હતા, જેમાંથી 42 ઉત્તરપ્રદેશમાં અને 36 પશ્ચિમ બંગાળમાં બન્યા હતા.

### અનુસૂચિત જાતિ સંબંધિત ગુનાના કેસો

➤ રિપોર્ટ અનુસાર, વર્ષ 2019 દરમિયાન અનુસૂચિત જાતિ (SC-Schedule Cast) વિરુદ્ધ કુલ 45,935 કેસ નોંધાયા હતા.

➤ અનુસૂચિત જાતિની પ્રતિ લાખ વસ્તી પર ગુનાનો દર વર્ષ 2018માં 21.2થી વધીને વર્ષ 2019માં 22.8 થયો છે. વર્ષ 2019માં અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાના કુલ કેસોમાંથી, 28.9% કેસ(13,273) સામાન્ય ઈજાઓથી સંબંધિત છે.

➤ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 હેઠળ કુલ 9.0% (4,129) કેસ નોંધાયા હતા. આ સિવાય અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાના 7.6% (48,486) કેસ બળાત્કારને લગતા હતા.

➤ ઉત્તરપ્રદેશમાં અનુસૂચિત જાતિ (11,829) વિરુદ્ધ સૌથી વધુ ગુના નોંધાયા છે. દેશમાં અનુસૂચિત જાતિ સામેના ગુનાના નોંધાયેલા કુલ કેસોના 25.8% છે. ત્યારબાદ રાજસ્થાન(6,794 કેસ; 14.8%) અને બિહારમાં(6,544; 14.2%)સૌથી વધુ કેસ નોંધાયા હતા. પ્રતિ લાખ વસ્તીમાં આવા કેસના સર્વોચ્ચ દરવાળા ત્રણ રાજ્યોમાં રાજસ્થાન (55.6), મધ્યપ્રદેશ(46.7) અને બિહાર(39.5) હતા.

➤ રાજસ્થાનમાં દલિત મહિલાઓના બળાત્કારને લગતા સૌથી વધુ કેસ (554) નોંધાયા છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશમા(537)અને મધ્યપ્રદેશ(510)નો ક્રમ આવે છે.

➤ અનુસૂચિત જાતિની વસ્તી દીઠ દલિત મહિલાઓ પર બળાત્કારના દરમાં કેરળમાં સૌથી વધુ હતો. કેરળ માં આ દર 4.6 હતો. કેરળ બાદ મધ્યપ્રદેશ(4.5) અને રાજસ્થાનનો(4.5) દર સૌથી વધુ હતો.



# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## પ્રમાણિત સાપ મેનેજર

- કેરળ વન વિભાગ સાપ સાથે વ્યવહાર કરવા માટે સંસ્થાકીય સિસ્ટમ ઘડનાર દેશનું પહેલું રાજ્ય એકમ બન્યું છે.
- કેરળ વન વિભાગે સાપને માનવ પ્રભાવિત સ્થળોથી બચાવવા અને નિર્જન વિસ્તારોમાં છોડવા માર્ગદર્શિકા તૈયાર કરી છે.

### કેરળ વન વિભાગની માર્ગદર્શિકા વિશે

**1) ફરજિયાત પ્રમાણપત્ર :-**

- પ્રમાણપત્ર મેળવવા માટે સર્પ સંચાલકો 21 થી 65 વર્ષની વય જૂથમાં હોવા આવશ્યક છે.

**2) પસંદગી પ્રક્રિયા :-**

- દરેક જિલ્લામાં સાપ સંચાલકોની સૂચિ તૈયાર કરવા માટે મદદનીશ વન સંરક્ષક (SCF, સામાજિક વનીકરણ) દ્વારા અરજીઓની ચકાસણી કરવામાં આવશે. પસંદગી પ્રક્રિયા દરમિયાન અનુભવ, વય, આરોગ્ય તેમજ ટ્રેક રેકોર્ડ સહિતના વિવિધ પરિમાણો ધ્યાનમાં લેવામાં આવશે.
- પસંદગી પામેલ સાપ સંચાલકોને સાપના સલામત અને વૈજ્ઞાનિક સંચાલન માટે ફરજિયાત તાલીમ લેવી પડશે.

**3) પ્રમાણપત્રની માન્યતા :-**

- પ્રમાણપત્ર પાંચ વર્ષ માટે માન્ય રહેશે, જો સાપ મેનેજર કોઈપણ ગેરકાયદેસર અથવા અનૈતિક કાર્યોમાં સામેલ હોવાનું જણાશે તો સંબંધિત SCF પ્રમાણપત્ર પાછુ ખેંચી શકે છે અથવા રદ કરી શકે છે.

**4) સાવચેતી:-**

- કાર્ય દરમિયાન, સાપ સંચાલકોએ રક્ષણાત્મક વસ્ત્રો પહેરવા અને રક્ષણાત્મક ઉપકરણોથી સજ્જ હોવુ જરૂરી રહેશે.
- બચાવવામાં આવેલા સાપોને વહેલી તકે વન અધિકારીઓની હાજરીમાં સલામત વિસ્તારોમાં પણ છોડવા પડશે. જો ઘાયલ થાય છે, તો સાપની તંદુરસ્તી તપાસ્યા પછી જ તેને છોડી શકાશે.

## 25મું સોલર ચક્ર

- તાજેતરમાં, નાસા અને 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયરિક એડમિનિસ્ટ્રેશન'ના(NOAA) વૈજ્ઞાનિકોએ એક નવા સૌર ચક્રની શરૂ થવાની જાહેરાત કરી છે. તેને '25મું સોલર' ચક્ર કહેવામાં આવી રહ્યું છે.

### 25માં સોલરચક્રની મુખ્ય બાબતો

- 'સોલાર મિનિમમ' ફોર સોલાર સાયકલ 25 ડિસેમ્બર, 2019 માં ઘટિત થઈ હતી.
- વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, 'સોલર મેક્સિમમ' (સૌર ચક્રની મધ્યમ સ્થિતિ) જુલાઈ, 2025માં આવશે.
- આ સૌર ચક્ર પાછલા સૌર ચક્રની જેમ મજબૂત હશે. અગાઉનું સૌર ચક્ર 'સરેરાશથી નીચે'નું સક્રિય ચક્ર હતું.

### Back to Basics : સૌર ચક્ર વિશે

- સૂર્ય એ વિદ્યુતચાર્જ ગરમ ગેસનો એક વિશાળ દડો છે. આ ચાર્જ ગેસ ગતિ કરતા શક્તિશાળી ચુંબકીય ક્ષેત્ર પેદા કરે છે. આ ચુંબકીય ક્ષેત્ર એક ચક્રમાંથી પસાર થાય છે, જેને 'સૌર ચક્ર' કહેવામાં આવે છે.
- દર 11 વર્ષે, સૂર્યનું ચુંબકીય ક્ષેત્ર સંપૂર્ણપણે વિરુદ્ધ થઈ જાય છે. આનો અર્થ એ છે કે સૂર્યની ઉત્તર અને દક્ષિણ ધ્રુવોની સ્થિતિ બદલાય છે. આ પછી, સૂર્યના ઉત્તર અને દક્ષિણ ધ્રુવોને તેમની ભૂતપૂર્વ સ્થિતિ પાછી મેળવવા માટે 11 વર્ષનો સમય લાગે છે.
- અત્યાર સુધી ખગોળશાસ્ત્રીઓએ આવા 24 સૌર ચક્રના લેખિત પુરાવા રજૂ કર્યા છે. આમાંથી છેલ્લુ સૌર ચક્રવર્ષ 2019માં પૂર્ણ થયું હતું.

### પૃથ્વી પર સૌર ચક્રની અસરો

- સૌર વિસ્ફોટો આકાશમાં વીજળી ઉત્પન્ન કરી શકે છે, જેને 'અરોરા' કહેવામાં આવે છે અને તે રેડિયો સંચારને અસર કરે છે. જ્યારે ભારે વિસ્ફોટ થાય છે ત્યારે તેઓ પૃથ્વી પરની પાવર ગ્રીડને અસર કરી શકે છે.
- સૌર પ્રવૃત્તિ ઈલેક્ટ્રોનિક્સ ઉપગ્રહ અને તેમના જીવનકાળને અસર કરી શકે છે.
- આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની બહાર કાર્યરત અવકાશયાત્રીઓ માટે સૌર વિકિરણ હાનિકારક હોઈ શકે છે.

## જમીનનું ધોવાણ ઘટાડવા માટે વૈશ્વિક પહેલ

- તાજેતરમાં, સાઉદી અરેબિયાના સુલતાનની અધ્યક્ષતામાં G-20 દેશોના પર્યાવરણ પ્રધાનમંડળની બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### જમીન ધોવાણ માટે વૈશ્વિક પહેલ વિશે

- જમીન ધોવાણ ઘટાડવાની વૈશ્વિક પહેલનો હેતુ G-20 સભ્ય દેશોમાં ભૂમિ ધોવાણ અટકાવવા માટેની વર્તમાન ક્રિયા યોજનાઓ પર કાર્ય કરવાનું છે. આ ઉપરાંત, વૈશ્વિક સ્તરે ટકાઉ વિકાસના લક્ષ્યની સિદ્ધિઓ પરના સંભવિત પ્રભાવને ધ્યાનમાં રાખીને, વર્તમાન માળખાના અમલીકરણને મજબૂત બનાવવાનું અને કોઈને નુકસાન ન પહોંચાડવાના સિદ્ધાંતનું પાલન કરવાનું છે.

### જમીનના ધોવાણના મુખ્ય કારણો

- જમીનની સફાઈ જેમકે જંગલ કાપવા
- નબળી ખેત પદ્ધતિઓના કારણે ખેતીમાં જમીનના પોષક તત્ત્વોનો અભાવ
- અયોગ્ય સિંચાઈ.
- શહેરી વિસ્તરણ અને વ્યાપારી વિકાસ
- પત્થર, રેતી અને ખનિજનું ખોદકામ.

### ભારત સરકારે લીધેલા જમીન ધોવાણ અટકાવવા લીધેલ પગલાં

1) રણ વિકાસ કાર્યક્રમ
2) ઈન્ટિગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ
3) રાષ્ટ્રીય કૃષિ નીતિ, 2000.
4) ગ્રીન ઈન્ડિયા નેશનલ મિશન, જે જળવાયુ પરિવર્તન માટેની રાષ્ટ્રીય ક્રિયા યોજનાનો એક ભાગ છે.
5) રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ.
6) નદી ખીણ પ્રોજેક્ટ્સ અને પૂરગ્રસ્ત નદીઓના કેચમેન્ટ વિસ્તારોમાં જમીનનું સંરક્ષણ.
7) વરસાદી ક્ષેત્રો માટે રાષ્ટ્રીય વોટરશેડ વિકાસ પ્રોજેક્ટ.
8) રાષ્ટ્રીય જળ નીતિ, 2012.
9) રાષ્ટ્રીય વન નીતિ, 1988.

## પશ્ચિમી ઘાટમાં કલિંગ ફ્રોગ

- તાજેતરમાં, વૈજ્ઞાનિકોએ કલિંગ ક્રિકેટ ફ્રોગમાં 'મોર્ફોલોજિકલ ફેનોટાઈપિક પ્લાસ્ટિસિટીની'ના(MPP) પોતાના પ્રકારની પ્રથમ શોધ હોવાની જાણ કરી છે.

### 'મોર્ફોલોજિકલ ફેનોટાઇપિક પ્લાસ્ટિસિટીની'(MPP) વિશે

- 'મોર્ફોલોજિકલ ફિનોટાઈપિક પ્લાસ્ટિસિટી'એ જ્યારે કુદરતી પર્યાવરણીય પરિવર્તન થાય છે ત્યારે મજબૂત મોર્ફોલોજિકલ (શારીરિક લાક્ષણિકતાઓ) ફેરફારો પ્રદર્શિત કરવા માટે જીવતંત્રની ક્ષમતા છે.

### કલિંગા ફ્રોગ વિશે

- આ દેડકાની જાતિથી સંબંધિત માહિતી વર્ષ 2018માં રેકોર્ડ કરવામાં આવી હતી અને તે દ્વીપકલ્પ ભારતના પૂર્વીય ઘાટમાં શોધી કાઢવામાં આવી હતી.
- તે પૂર્વ ઘાટના પર્વતમાળાઓ માટે સ્થાનિક માનવામાં આવતા હતા. જો કે, સંશોધનકારોએ હવે 'મોર્ફોલોજિકલ ફિનોટાઈપિક પ્લાસ્ટિસિટી'ના પુરાવા સાથે મધ્ય પશ્ચિમઘાટમાં કલિંગ ક્રિકેટ ફ્રોગ શોધી કાઢયા છે.

## બીચ એન્વાયર્નમેન્ટ એન્ડ એસ્થેટિક્સ મેનેજમેન્ટ સર્વિસીસ(BEAMS) પ્રોગ્રામ

- ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ(ICZM) પ્રોજેક્ટ અંતર્ગત ભારત દ્વારા પોતાના ઈકો–લેબલ BEAMS (Beach Environmen and Aesthetics Management Services)ની શરૂઆત કરવામાં આવી છે.

### BEAMS વિશે

- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલય હેઠળ 'સોસાયટી ઓફ ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ'(SICOM) દ્વારા BEAMSને તૈયાર કરવામાં આવ્યુ છે.

### BEAMSનો ઉદ્દેશ

- દરિયાકાંઠાના પાણીને પ્રદૂષિત થવાથી બચાવવું.
- દરિયાકાંઠે બધી સુવિધાઓનો ટકાઉ વિકાસ.
- દરિયાઈ પર્યાવરણીય પ્રણાલી અને કુદરતી સંસાધનોનું રક્ષણ અને સંરક્ષણ.

### ઇન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ(ICZM) વિશે

- ICZMનો હેતુ દરિયાકાંઠાના સમુદાયોની આજીવિકામાં સુધારો કરવાનો અને દરિયાકાંઠાના ઈકોસિસ્ટમ્સનું સંરક્ષણ કરવાનો છે.
- તે વર્લ્ડ બેંક દ્વારા સહાયક પ્રોજેકટ છે.
- તેના પ્રોજેકટની દ્રષ્ટિએ 'નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ, ચેન્નઈ' વૈજ્ઞાનિક અને તકનીકી માહિતી પ્રદાન કરશે.
- ICZMના ખ્યાલનો ઉદભવ વર્ષ 1992માં રિયો ડી જનેરીઓની અર્થ સમિટ દરમિયાન થયો હતો.

## આર્સેનિક પ્રભાવિત વસ્તીમાં વધારો

➤ સંસદમાં તાજેતરમાં આપવામાં આવેલ ડેટા મુજબ, ભારતમાં આર્સેનિક અસરગ્રસ્ત વસાહતોની સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં (2015-20) 145% વધી છે.

### આર્સેનિક પ્રભાવિત વસ્તી વિશે

➤ વર્ષ 2015માં ભારતમાં 1800 આર્સેનિક અસરગ્રસ્ત વસાહતો હતી. જેની સંખ્યા સપ્ટેમ્બર, 2020 સુધીમાં વધીને 4,421 થઈ ગઈ છે.

➤ મોટાભાગની આર્સેનિક અસરગ્રસ્ત વસાહત ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓના કાંપના મેદાનોમાં સ્થિત છે. અર્થાત, આસામ, બિહાર, પશ્ચિમ બંગાળ, પંજાબ અને ઉત્તર પ્રદેશ સહિતના ક્ષેત્રો.

➤ અસરગ્રસ્ત નિવાસસ્થાનની બાબતમાં અસમ(1853 અસરગ્રસ્ત વસાહતો ) પ્રથમ ક્રમે, જ્યારે પશ્ચિમ બંગાળ (1383 અસરગ્રસ્ત વસાહતો) બીજા ક્રમે છે.

➤ ઝારખંડ, જ્યાં વર્ષ 2015માં આવી કોઈ વસવાટ ન હતી. ત્યાં હાલમાં 2 આર્સેનિક અસરગ્રસ્ત વસાહત જોવા મળે છે.

➤ વર્ષ 2015માં કર્ણાટકમાં આર્સેનિક અસરગ્રસ્ત નિવાસસ્થાનની સંખ્યા 9 હતી, પરંતુ હાલ વર્ષ 2020 માં ત્યાં આવી કોઈ વસાહત જોવા મળતી નથી.

### ફ્લોરાઇડ અસરગ્રસ્ત રહેઠાણોની સંખ્યામાં ઘટાડો

➤ વર્ષ 2015માં ફ્લોરાઈડ અસરગ્રસ્ત આવાસોની સંખ્યા 12,727થી ઘટીને સપ્ટેમ્બર, 2020 સુધીમાં 5,485 પર આવી ગઈ છે.

➤ ફ્લોરાઈડ અસરગ્રસ્ત રહેઠાણોની સંખ્યાના સંદર્ભમાં રાજસ્થાન(2,956 અસરગ્રસ્ત વસાહતો) પ્રથમ સ્થાને જ્યારે બિહાર(861 અસરગ્રસ્ત વસાહતો) બીજા સ્થાને રહ્યુ છે.

### Back to Basics : આર્સેનિક અને ફ્લોરાઇડ વિશે

**આર્સેનિક વિશે :-**

➤ આર્સેનિક કુદરતી રીતે ઘણા દેશોની સપાટી અને ભૂગર્ભ જળ ના ઉચ્ચ સ્તર પર હાજર છે. તે અકાર્બનિક સ્વરૂપમાં ખૂબ ઝેરી છે.

➤ પીવા, ખોરાક તૈયાર કરવા અને ખાદ્ય પાકના સિંચાઈ માટે વપરાતા દૂષિત પાણીમાં આર્સેનિક સ્તર જાહેર આરોગ્ય માટે સૌથી મોટો ખતરો છે.

➤ પીવાના પાણી અને ખોરાક માટે વપરાયેલા પાણીમાં આર્સેનિકની લાંબા સમયથી હાજરી કેન્સર, ત્વચાના રોગ, હૃદયરોગ અને ડાયાબિટીસનું કારણ બની શકે છે.

➤ પીવાના પાણીની ગુણવત્તા માટેની વર્ષ 2011ના વિશ્વ આરોગ્ય સંગઠનની (WHO) માર્ગદર્શિકા મુજબ, ભૂગર્ભ જળમાં આર્સેનિકની મર્યાદા 0.01 મિલિગ્રામ પ્રતિ લિટર છે. જો કે, ભારતમાં પીવાના પાણીની મર્યાદા તાજેતરમાં 0.05 મિલિગ્રામ પ્રતિ લિટરથી સુધારીને 0.01 મિલિગ્રામ પ્રતિ લિટર કરવામાં આવી છે.

**ફ્લોરાઇડ વિશે:-**

➤ અતિશય ફ્લોરાઈડનો વપરાશ કુદરતી રીતે સમૃદ્ધ ભૂગર્ભજળના વધુ પડતા વપરાશને કારણે થાય છે. ખાસ કરીને ગરમ આબોહવામાં જ્યાં પાણીનો વપરાશ વધારે હોય અથવા જ્યાં ફ્લોરાઈડ પાણીનો ઉપયોગ ખોરાક રાંધવામાં અથવા પાકની સિંચાઈ માટે થાય છે.

➤ અતિશય ફ્લોરાઈડ સેવનથી ડેન્ટલ ફ્લોરોસિસ(દાંતનો સડો) થઈ શકે છે અથવા કડકડતી સ્કેલેટલ ફ્લોરોસિસ થઈ શકે છે જે અસ્થિની વિકૃતિ સાથે સંબંધિત છે.

## પર્યાવરણીય પ્રદૂષણ(નિવારણ અને નિયંત્રણ)ઓથોરિટી

➤ તાજેતરમાં EPCA(Environment Pollution Control Authority) દ્વારા પંજાબ અને હરિયાણાના મુખ્ય સચિવોને પત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે પાકના અવશેષોને સમય પહેલા સળગાવવાનું કામ સંબંધિત રાજ્યોમાં કરવામાં આવ્યું છે અને EPCAએ આ મુદ્દાનો 'તાકીદે' નિવારણ લાવવાનો આગ્રહ કર્યો છે.

### પર્યાવરણીય પ્રદૂષણ નિયંત્રણ સત્તામંડળ(EPCA)વિશે

➤ 'પર્યાવરણીય પ્રદૂષણ નિયંત્રણ સત્તામંડળ'(EPCA- Environment Pollution Control Authority) એ સુપ્રીમ કોર્ટના આદેશ દ્વારા સૂચિત સંસ્થા છે, જે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં હવાના પ્રદૂષણ સમસ્યાના નિરાકરણ માટેના પગલા સૂચવવાનું કામ કરે છે.

➤ EPCA અને વર્ષ 1998માં 'પર્યાવરણ સુરક્ષા કાયદા, 1986' હેઠળ પર્યાવરણ મંત્રાલય દ્વારા સૂચિત કરવામાં આવ્યુ હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### EPCAનું માળખું

- EPCAમાં અધ્યક્ષ ઉપરાંત 14 રાષ્ટ્રીય રાજધાની દિલ્હી(NCT)ના પર્યાવરણ સચિવ, નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલના અધ્યક્ષ, NCTના પરિવહન કમિશનર, દિલ્હીની વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનોના કમિશનર અને IIT-દિલ્હીનો અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રોફેસરોનો સમાવેશ થાય છે.

## પ્લાસ્ટિક પાર્ક

- કેન્દ્રીય રસાયણ અને ખાતરના મંત્રીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે 'ડોમેસ્ટિક ડાઉનસ્ટ્રીમ પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઉદ્યોગ'ની ક્ષમતાઓને એકીકૃત કરવા માટે ભારત સરકાર કલસ્ટર વિકાસના વિઝન સાથે અદ્યતન માળખાગત વિકાસના હેતુ માટે 'પ્લાસ્ટિક પાર્ક'ની સ્થાપનાની યોજના લાવી રહ્યુ છે.

### પ્લાસ્ટિક પાર્ક વિશે

- આ યોજના અંતર્ગત ભારત સરકાર પ્રોજેક્ટ ખર્ચના 50% જેટલી અનુદાન આપે છે, જે દરેક પ્રોજેક્ટ દીઠ 40 કરોડ છે. બાકીનો પ્રોજેક્ટ ખર્ચ રાજ્ય સરકાર, લાભાર્થી ઉદ્યોગો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લેવામાં આવતી લોન દ્વારા આપવામાં આવે છે.
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વિભાગે દેશમાં 10 પ્લાસ્ટિક પાર્ક સ્થાપવાની મંજૂરી આપી છે, જેમાંથી 6 પાર્કને અંતિમ મંજૂરી આપવામાં આવી છે જે આસામ, મધ્યપ્રદેશ(બે પાર્ક), ઓડિશા, તામિલનાડુ અને ઝારખંડમાં સ્થાપવામાં આવશે.

## ન્યુ ગિની : વિશ્વનું સૌથી ઊંચુ વનસ્પતિ વિવિધતા હોટસ્પોટ

- તાજેતરમાં વનસ્પતિશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય ટીમે વિશ્વના સૌથી મોટા ઉષ્ણકટિબંધીય ટાપુ ન્યુ ગિની પર 13,000થી વધુ છોડની જાતિઓનું દસ્તાવેજીકરણ કર્યુ છે.

### ન્યુ ગિની વનસ્પતિ વિવિધતા હોટસ્પોટ વિશે

- ન્યુ ગિની એ જૈવવિવિધતાનું કેન્દ્ર છે. અહીં ઝાડ, ઝાડવા, ઔષધિઓ, ખજૂર વગેરે જોવા મળે છે.
- અહીં પક્ષીઓની 800થી વધુ પ્રજાતિઓ, જંતુઓની 150,000 જેટલી જાણીતી પ્રજાતિઓ અને તાજા પાણીની માછલીઓની 300થી વધુ જાતિઓ જોવા મળે છે.
- ન્યુ ગિની વિશ્વ સમુદ્રના સૌથી વૈવિધ્યસભર ક્ષેત્ર 'કોરલ ત્રિકોણ' અંતર્ગત આવે છે.
- નેચર જર્નલમાં 13,000થી વધુ છોડની સૂચિ પ્રકાશિત કરવામાં આવી છે.
- ન્યુ ગિની ટાપુની અવિશ્વસનીય છોડની વિવિધતાને વ્યવસ્થિત રીતે રજૂ કરવાનો આ પહેલો પ્રયાસ છે.
- ન્યુ ગિનીમાં 13,500થી વધુ જાતિના છોડ જોવા મળે છે, જેમાં થી બે તૃતીયાંશ સ્થાનિક છે.

### 'કોરલ ત્રિકોણ'

- ઈન્ડોનેશિયા, મલેશિયા, પપુઆ ન્યુ ગિની, ફિલિપાઈન્સ, સોલોમન આઈલેન્ડ અને તિમોરની ઉપર કોરલ ત્રિકોણ 6 મિલિયન ચોરસ કિલોમીટર સુધીનો સમુદ્રનો એક ભાગ છે.

## લુસર પરિતંત્રના વિનાશનો ભય

- ખાદ્ય કંપનીઓ તેમના ઉત્પાદનોમાં શૂન્ય ટ્રાંસફેટ મર્યાદાને પહોંચી વળવા માટે પામ તેલનો ઉપયોગ કરી રહી છે. તેની અસર ઈન્ડોનેશિયાના ઉષ્ણકટિબંધીય વરસાદના જંગલો પર પડી રહી છે, જે આ મોટાભાગની કંપનીઓ માટે પામતેલનો મોટો સ્રોત છે.

### લુસર પરિતંત્ર વિશે

- તે ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર જંગલવાળો વિસ્તાર છે. લ્યુસર પરિતંત્ર/ઈકોસિસ્ટમ સૌથી પ્રાચીન અને જીવન સમૃદ્ધ ઈકોસિસ્ટમ છે.
- તે પૃથ્વી પર અંતિમ સ્થાન છે જ્યાં સુમાત્રાના ઓરંગુટાન, હાથી, વાઘ, ગેંડા, ગેંડા અને સન બિયર્સ હજી પણ એક જ ઈકોલોજીકલ નિવાસસ્થાનમાં ભ્રમણ કરે છે.

### લુસર પરિતંત્રના વિનાશના ભયના કારણ

- ગ્લોબલ વોચડોગ 'રેઈનફોરેસ્ટ એક્શન નેટવર્ક' દ્વારા કરવામાં આવેલી તપાસમાં ખુલાસો થયો છે કે ખાદ્ય પદાર્થો

અને સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદનોના ઉત્પાદનમાં શામેલ કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓની સહયોગથી લુસર ઈકોસિસ્ટમ પર નાશ થવાનો ભય છે.

- તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કંપનીઓએ રોયલ ગોલ્ડન ઈગલ(RGE) જૂથ પાસેથી પામ તેલની ખરીદી કરી હતી. RGE ગ્રૂપે તેની પેટાકંપનીઓ દ્વારા લુસર ઈકોસિસ્ટમમાં વિનાશક પામ તેલ અને પલ્પ વાવેતરની સ્થાપના કરી છે.
- તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે RGE એક મિલ પાસેથી પામ તેલ ખરીદે છે જેની પૂર્તી લુસર ઈકોસિસ્ટમમાં સ્થાપિત પી.ટી. તુઆલંગ રાયા દ્વારા કરવામાં આવે છે.
- પી.ટી. તુઆલંગ રાયા વિશે એવું કહેવામાં આવે છે કે છેલ્લા છ મહિનામાં ઓછામાં ઓછા 60 હેકટર જમીનમાં વરસાદના જંગલો સાફ કરવામાં આવ્યા છે. છેલ્લા છ મહિનામાં વરસાદના જંગલો સાફ કરવાનો દર ત્રણ ગણો વધારે રહ્યો છે.

### પામ તેલ વિશે

- પામ તેલ એ વિશ્વના ઉષ્ણકટિબંધીય વરસાદના જંગલો જેવા જ ભૌગોલિક વિસ્તારોમાં ઉગાડવામાં આવતો પાક છે, જેનો ઉપયોગ ખોરાક અને ઘરેલુ ઉત્પાદનોના હેતુ માટે થાય છે. પામ તેલ વનસ્પતિ તેલના મુખ્ય વૈશ્વિક સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે, જે વિશ્વના ઉત્પાદનમાં લગભગ 33% મિશ્રણ ધરાવે છે.
- ભારત વિશ્વમાં પામતેલનો સૌથી મોટો આયાત કરનાર છે, જે ઈન્ડોનેશિયા અને મલેશિયાથી મળીને વૈશ્વિક માંગના આશરે 23% આયાત કરે છે.
- ઈન્ડોનેશિયા, મલેશિયા, નાઈજીરીયા, થાઈલેન્ડ અને કંબોડિયા જેવા દેશો વિશ્વના FFB(Fresh Friut Brunches)ના કુલ ઉત્પાદનમાં 90% કરતા વધારેનો હિસ્સો ધરાવે છે.
- હાલમાં, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ એ ભારતમાં પામતેલના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. દેશના પામ તેલના કુલ ઉત્પાદનમાં 80%ના ઉત્પાદન સાથે આંધ્રપ્રદેશ પ્રથમ ક્રમે છે.

## હાઇડ્રોજન-સમૃદ્ધ કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (HCNG)

- માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા CNG એન્જિનોમાં H-CNG(હાઈડ્રોજનનું 18% મિશ્રણ) વાપરવાની મંજૂરી આપી છે.
- એક મોટર વાહન બળતણ તરીકે H-CNG શામેલ કરવા માટે 'સેન્ટ્રલ મોટર વ્હિકલ્સ નિયમો, 1989'માં સુધારો કરવા માટે એક સૂચના પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે.
- બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ(BIS) એ મોટર વાહનોના બળતણ તરીકે H-CNGની સ્પષ્ટીકરણોને (IS 17314: 2019) વિકસિત કર્યા છે.

### H-CNG(Hydrogen-enriched Compressed Gas) વિશે

- CNG સાથે હાઈડ્રોજનનું મિશ્રણ એક મિશ્રિત ગેસ પ્રદાન કરે છે, જેને H-CNG કહેવાય છે.
- તેનો ઉપયોગ ગેસોલિન, ડીઝલ ઈંધણ અને પ્રોપેન($C_3H_8$)/ LPGની જગ્યાએ થઈ શકે છે અને તેના દહનથી ઓછો અનિચ્છનીય વાયુ ઉત્પન્ન થાય છે.

### H-CNGના ફાયદા

- H-CNG કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને 70% સુધી ઘટાડે છે.
- તેનાથી 5% સુધીની ઈંધણની બચત થાય છે.
- ભાવિ હાઈડ્રોજન અર્થતંત્ર તરફનું આ પ્રથમ પગલું છે.
- એન્જિનને H-CNG પર ચલાવવા માટે ન્યૂનતમ ફેરફારની જરૂર છે.
- ઉચ્ચ લોડ એપ્લિકેશન અને ભારે વાહનો માટે આદર્શ બળ તણ છે.


### H-CNG ઉપયોગ સંબંધિત પડકાર

- સૌથી વધુ ઓપ્ટિમાઈઝ હાઈડ્રોજન/કુદરતી ગેસ ગુણોત્તરનુ નિર્ધારણ કરે છે.
- H-CNG ઉત્પન્ન કરવા માટે નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.
- તેને મોટા પાયે વ્યવસાયિક બનાવવા માટે અનેક પગલાં લેવાની જરૂર છે.
- હાઈડ્રોજનની વર્તમાન કિંમત કુદરતી ગેસના ખર્ચ કરતા વધારે છે. આથી, H-CNGનો ખર્ચ CNG કરતાં વધારે હશે.

icerajkot

# CURRENT AFFAIRS

Click to Play




Continue...

YouTube

SUBSCRIBE

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## હાઇફા દિવસ

- દર વર્ષે 23 સપ્ટેમ્બરને ભારતીય સૈન્ય દ્વારા હાઇફા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- હાઈફા દિવસનો મુખ્ય હેતુ હાઈફાની લડાઈમાં લડનારા ભારતીય સૈનિકો પ્રત્યે આદર બતાવવાનો છે.
- હાઈફા યુદ્ધ 23 સપ્ટેમ્બર, 1918ના રોજ થયું હતું. જેમાં જોધપુર, મૈસુર અને હૈદરાબાદના સૈનિકો જે 15 ઈંપીરિયલ સર્વિસ કૈવલરી બ્રિગેડનો ભાગ હતા. તેઓએ મિત્ર રાષ્ટ્રો તરફથી પ્રથમ વિશ્વ યુદ્ધમાં ભાગ લઈને, જર્મની અને તુર્કીના વર્ચસ્વ ધરાવતા ઈઝરાઈલના હાઈફા શહેરને મુક્ત કર્યુ હતું.

## ભગતસિંહ

- 27 સપ્ટેમ્બર, 2020ના રોજ, ભારતીય વડાપ્રધાને ભગતસિંહની 113મી જન્મજયંતિના એક દિવસ પહેલા શહીદ ભગતસિંહને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમને બહાદુરી અને હિંમતના પ્રતીક ગણાવ્યા હતા.

### ભગતસિંહ વિશે

- ભગતસિંહનો જન્મ 28 સપ્ટેમ્બર, 1907ના રોજ બ્રિટીશ ભારતના પંજાબ પ્રાંતના લાયલપુર જિલ્લામાં થયો હતો. જે હાલમાં પાકિસ્તાનમાં છે.
- વર્ષ 1919માં 12 વર્ષની ઉંમરે ભગતસિંહે જલિયાંવાલા બાગ હત્યાકાંડના સ્થળની મુલાકાત લીધી હતી, જ્યાં એક જાહેર સભા દરમિયાન હજારો નિઃશસ્ત્ર લોકો માર્યા ગયા હતા.
- મહાત્મા ગાંધીએ ચૌરી–ચૌરાની ઘટનાને લીધે અસહકાર આંદોલનનો અંત લાવ્યો હોવાથી ભગતસિંહ ગાંધીજીની અહિંસાની ફિલસૂફીથી મોહિત થઈ ગયા.
- આ પછી ભગતસિંહે 'યંગ રિવોલ્યુશનરી મૂવમેન્ટ'માં સામેલ થયા અને ભારતમાંથી બ્રિટીશ સરકારને દૂર કરવા હિંસક હિમાયત કરી હતી.
- ભગતસિંહે 'કરતારસિંહ સરભા'ને પોતાના આદર્શ માનતા હતા. જે ગદર પાર્ટીના સ્થાપક સભ્ય હતા.
- ભગતસિંહ અરાજકતાવાદ અને સામ્યવાદ તરફ આકર્ષાયેલ હતા. તે મિખાઈલ બકૂનિનના ઉપદેશોના ઉત્સાહી વાચક હતા અને કાર્લ માર્ક્સ, વ્લાદિમીર લેનિન અને લિયોન ટ્રોત્સ્કીને પણ વાંચતા હતા.
- જ્યુસેપે મૈઝિનીની 'યંગ ઈટલી મૂવમેન્ટ' દ્વારા પ્રેરિત થઈને તેમણે માર્ચ,1926માં ભારતીય સમાજવાદી યુવા સંગઠન 'નૌજવાન ભારત સભા'ની સ્થાપના કરી હતી.
- ભગતસિંહ 'હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન'માં પણ જોડાયા હતા. જેના અગ્રણી ચંદ્રશેખર આઝાદ, રામ પ્રસાદ બિસ્મિલ અને શાહિદ અશફાકલ્લાહ ખાન હતા.
- સાયમન કમિશનના વિરોધ સમયે લાલા લાજપત રાય પર હુમલો કરનાર સહાયક પોલીસ અધિક્ષક સેન્ડર્સની 30 ઓક્ટોબર, 1928ના રોજ ભગતસિંહ, ચંદ્ર શેખર આઝાદ અને રાજગુરુ દ્વારા કરવામાં આવેલ હત્યા આ સંસ્થાની પ્રથમ ક્રાંતિકારી પ્રવૃત્તિ હતી.
- ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી આપવામાં આવી હતી. ત્રણેયને 23 માર્ચ, 1931ના રોજ ફાંસી આપવામાં આવી હતી.
- 'ઈંકલાબ ઝિંદાબાદ'નો સૌપ્રથમ ઉપયોગ ભગતસિંહે નારા તરીકે કર્યો હતો.

## હડપ્પન સંસ્કૃતિની શોધની શતાબ્દી નિમિત્તે વ્યાખ્યાન શ્રેણી

- મોહેંજોદડોમાં હડપ્પા સભ્યતાની શોધના શતાબ્દી વર્ષને ચિન્હિત કરવા 'પુરાતવ અને સંગ્રહાલય નિર્દેશાલય,મહારાષ્ટ્રના સહયોગથી 'ઈન્ડિયા સ્ટડી સેન્ટર ટ્રસ્ટ' 5 ઓક્ટોબરથી 10 દિવસ માટે ઓનલાઈન વ્યાખ્યાન શ્રેણીનુ આયોજન કરશે.

### વ્યાખ્યાયન શ્રેણી વિશે

- આ પ્રોગ્રામ અંતર્ગત વિશ્વના વિવિધ ભાગોના 10થી વધુ વક્તાઓ, જે વિવિધ પુરાતવીય પ્રોજેકટસ પર કામ કરી રહ્યા છે, તે વ્યાખ્યાન શ્રેણી દરમિયાન તેમની બાબતો રજુ કરશે.
- મોહેંજોદડોની શોધ એ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તારણોમાં થી એક છે.
- હડપ્પન સંસ્કૃતિની શોધથી વિશ્વનું ધ્યાન ભારતીય ઉપખંડ તરફ ગયું, જેથી સંશોધકોએ સંસ્કૃતિ, સમાજ અને ભૂતકાળનો અભ્યાસ કરવામાં રસ દાખવ્યો.
- બ્રિટિશ પુરાત્ત્વવિદોના કહેવા મુજબ, હડપ્પન સંસ્કૃતિની શોધ પહેલાં, ઈજિપ્ત જૂની સંસ્કૃતિઓના અધ્યયનનું કેન્દ્ર હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## એન્ટિ સેટેલાઇટ મિસાઇલ (A-SAT) પર પોસ્ટેજ સ્ટેમ્પ

➤ એન્જિનિયર્સ દિવસ નિમિત્તે પોસ્ટ વિભાગ દ્વારા ભારતની પ્રથમ એન્ટિ–સેટેલાઈટ મિસાઈલ (A-SAT)ના નામે એક અનોખી રીતે ઉત્પાદિત 'માય પોસ્ટ સ્ટેમ્પ' બહાર પાડવામાં આવ્યો હતો.

### એન્ટિ-સેટેલાઇટ મિસાઇલના (A-SAT) વિશે

➤ 27 માર્ચ 2019ના રોજ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા ઓડિશાના એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી એન્ટી સેટેલાઈટ મિસાઈલ પરીક્ષણ 'મિશન શક્તિ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

➤ DRDO દ્વારા ઉત્પાદિત A-SAT મિસાઈલએ સફળતાપૂર્વક પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં(LEO) ભ્રમણ કરતા ભારતીય ઉપગ્રહને 'હિટ ટુ કીલ' મોડમાં નિશાન બનાવ્યો હતો.

➤ આ ઈન્ટરસેપ્ટર મિસાઈલ ત્રણ તબક્કાની મિસાઈલ હતી જેમાં બે નક્કર રોકેટ બુસ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## હરિકેન સૈલી

➤ 13 સપ્ટેમ્બર, 2020ના રોજ, હરિકેનની કેટેગરી 2 હેઠળનું હરિકેન સૈલી અમેરીકામાં લુસિયાનાના કાંઠે ટકરાયુ હતુ.

### હરિકેન સૈલી વિશે

➤ હરિકેન સૈલીના લગભગ ત્રણ અઠવાડિયા પહેલા, હરિકેન લૌરાએ યુનાઈટેડ સ્ટેટ્સના લુસિયાનાના એક તૃતીયાંશ કરતા વધુ ભાગને આપત્તિગ્રસ્ત પ્રદેશમાં પરિવર્તિત કર્યુ હતું.

➤ હરિકેન સૈલીના પગલે અમેરીકાના 'નેશનલ હરિકેન સેન્ટર(NHC)એ 'જીવલેણ પરિસ્થિતિની ચેતવણી' જાહેર કરી છે.

➤ હરિકેન સૈલી એ વર્ષ 2020ની એટલાન્ટિક હરિકેન સીઝનનું સાતમું વાવાઝોડું છે.

➤ એટલાન્ટિક હરિકેન હવામાનનો સમયગાળો 1 જૂનથી 30 નવેમ્બરની વચ્ચે હોય છે અને 'રાષ્ટ્રીય મહાસાગર અને વાતાવરણીય વહીવટ' (NOAA) અનુસાર, સરેરાશ વાવાઝોડાની મોસમમાં લગભગ 12 વાવાઝોડા આવે છે, જેમાં ત્રણ મોટા વાવાઝોડા હોય છે અને છ સામાન્ય વાવાઝોડા હોય છે.

➤ જ્યારે પૂર્વ પ્રશાંત કિનારે હરિકેનની મોસમ 15 મેથી 30 નવેમ્બરની વચ્ચે હોય છે.

## હરિયાણા ઓર્બીટલ રેલ કોરિડોર પ્રોજેક્ટ

### હરિયાણા ઓર્બીટલ રેલ કોરિડોર પ્રોજેક્ટ વિશે

➤ તાજેતરમાં, આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ હરિયાણા ઓર્બીટલ રેલ કોરિડોર પ્રોજેક્ટને 'પલવાલથી સોહના–માનેસર–ખારખૌડા થઈને સોનીપત સુધી મંજૂરી આપી છે.

➤ આ પ્રોજેક્ટની કુલ લંબાઈ 121.7 કિ.મી. છે.

➤ હરિયાણા સરકારના સહયોગથી રેલવે મંત્રાલય દ્વારા સ્થાપિત એક સંયુક્ત સાહસ કંપની હરિયાણા રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (HRICD) દ્વારા આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે.

➤ આ પ્રોજેક્ટ દિલ્હી જતા ટ્રાફિકને ફેરવવામાં મદદ કરશે અને NCRના હરિયાણા સ્ટેટ પેટા–પ્રદેશમાં મલ્ટિમોડલ લોજિસ્ટિકસ સેન્ટરોના વિકાસમાં મદદ કરશે.

## આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

➤ દર વર્ષે 15 સપ્ટેમ્બરને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ વિશે

➤ આ દિવસ સામાન્ય લોકોને વિશ્વભરમાં લોકશાહીની સ્થિતિની સમીક્ષા કરવાની તક પૂરી પાડે છે.

➤ સંયુક્ત રાષ્ટ્ર અનુસાર લોકશાહી સમાવિષ્ટતા, સમાન વર્તન અને ભાગીદારી પર બનેલી છે અને ફક્ત આંતરરાષ્ટ્રીય સમુદાય, રાષ્ટ્રીય શાસન સંસ્થાઓ, નાગરિક સમાજ અને સામાન્ય લોકોની સંપૂર્ણ નિષ્ઠાથી જ એક જીવંત લોકશાહીનું નિર્માણ થઈ શકે છે.

➤ આ દ્રષ્ટિકોણથી, સ્વતંત્રતાના મૂલ્યો, માનવાધિકાર માટે આદર અને સાર્વત્રિક મતાધિકારના આધારે ચૂંટણીઓ યોજવી એ લોકશાહીના આવશ્યક તત્ત્વો છે.

➤ આ દિવસની સ્થાપના વર્ષ 2007માં સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા વિવિધ દેશમાં લોકશાહીને મજબૂત અને એકઠી કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી, જે પછી વર્ષ 2008માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વર્ષ 2020ના આ દિવસની થીમ: 'COVID-19: A Spotlight on Democracy રાખવામાં આવી છે.

## વિશ્વ ઓઝોન દિવસ

- દર વર્ષે 16 સપ્ટેમ્બરને વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### વિશ્વ ઓઝોન દિવસ વિશે

- આ દિવસનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકોને ઓઝોન સ્તરના ક્ષરણ વિશે જાગૃત કરવાનો અને તેને જાળવવા માટેના સંભવિત ઉકેલોની શોધ કરવાનો છે.
- ઓઝોન(O3) એ ઓકિસજનના ત્રણ અણુઓથી બનતો ગેસ છે, જે વાતાવરણમાં ખૂબ ઓછી માત્રામાં જોવા મળે છે.
- ઓઝોન ગેસ સમતાપ આવરણ (સ્ટ્રેટોસ્ફિયર)માં ખૂબ પાતળા અને પારદર્શક સ્તર તરીકે જોવા મળે છે. આ વાતાવરણમાં હાજર કુલ ઓઝોનનો 90% ભાગ છે. આને ઓઝોન સ્તર તરીકે ઓળખવામાં આવે છે અને આ સ્તર પૃથ્વીને સૂર્યના સૌથી હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગથી સુરક્ષિત કરે છે.
- 19 ડિસેમ્બર, 1994ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 16 ઓક્ટોબર, 1987ના રોજ 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ' પર હસ્તાક્ષર કરવાના ઉપલક્ષ્યમાં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.
- મોન્ટ્રીયલ પ્રોટોકોલનો હેતુ ઓઝોન સ્તરના અધોગતિ માટે જવાબદાર પદાર્થોના ઉત્પાદનમાં ઘટાડો કરીને ઓઝોન સ્તરના સંરક્ષણને સુનિશ્ચિત કરવાનું છે.

## ક્રમિક અંતરાલ અને કોવિડ-19

- એક મહિના કરતા વધુ સમયથી ચીનમાં કોઈ સ્થાનિક કોવિડ–19 નો નવો કેસ આવ્યો નથી. ચીન દ્વારા કોવીડ–19 પર આ નિયંત્રણ માટે 'ક્રમિક અંતરાલ મેનેજમેન્ટ' ક્ષમતાને મહત્વ આપવામાં આવી રહ્યુ છે.

### 'ક્રમિક અંતરાલ' વિશે

- ક્રમિક અંતરાલ એ પ્રાથમિક કેસમાં લક્ષણોની શરૂઆત તથા પ્રાથમિક કેસના દ્વિતિયક બાબત(સંપર્કમાં આવનાર વ્યક્તિ)માં લક્ષણોની શરૂઆતની વચ્ચેનો સમયગાળો છે.
- ક્રમિક અંતરાલ એ કોઈ વ્યક્તિ A અને તેના દ્વારા ચેપગ્રસ્ત વ્યક્તિ(સંપર્કમાં આવનાર વ્યક્તિ) Bમાં કોવિડ–19ના લક્ષણોની શરૂઆત વચ્ચેનો તફાવત છે.

### ક્રમિક અંતરાલ શબ્દનો સર્વપ્રથમ ઉપયોગ

- ક્રમિક અંતરાલ શબ્દનો ઉપયોગ સૌ પ્રથમ બ્રિટીશ ચિકિત્સક 'વિલિયમ પિકલ્સ' દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓએ શરૂઆતમાં, 'ક્રમિક અંતરાલ' શબ્દનો ઉપયોગ યુનાઈટેડ કિંગડમમાં વર્ષ 1942-45 દરમિયાન હેપેટાઈટિસ રોગચાળાના સંદર્ભમાં 'ટ્રાન્સમિશન ઈન્ટરવલ' તરીકે કર્યો હતો.

### 'ક્રમિક અંતરાલ'નું મહત્વ:

- ક્રમિક અંતરાલ સંક્રમણ નિયંત્રણ પગલાંની અસરકારકતાનો અંદાજ કાઢવામાં મદદ કરે છે. વધુમાં, તે વસ્તીમાં વધેલી પ્રતિરક્ષા અને ભવિષ્યમાં સંક્રમણના કેસમાં ઘટાડો થવાના સંકેત પ્રદાન કરે છે.
- કોવિડ–19થી ચેપગ્રસ્ત વ્યક્તિની ઓળખ જેટલી ઝડપથી કરવામાં આવશે અને તેને અલગ રાખવામાં આવશે, ક્રમિક અંતરાલનો સમયગાળો એટલો જ ટુંકો હશે. જેનાથી વાયરસના સંક્રમિત થવાની શક્યતામાં ઘટાડો થાય છે.

### ભારત માટે 'ક્રમિક અંતરાલ'ની જરૂરીયાત

- ભારતમાં ક્રમિક અંતરાલનું વ્યવસ્થાપન કરવા ચેપગ્રસ્ત વ્યક્તિઓના સંપર્કમાં આવનાર વ્યક્તિઓની ઓળખ કરવા માટે એક મજબુત મિકેનિઝમ તંત્ર, ક્વોરંટાઈન અને વિશ્લેષણ પ્રોટોકોલને લાગુ કરવા જોઈએ.

## કોસી રેલ મહાસેતુ

- તાજેતરમાં બિહારમાં કોસી રેલ મહાસેતુનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

### કોસી રેલ મહાસેતુ વિશે

- તત્કાલીન કેન્દ્ર સરકારે વર્ષ 2003-04માં કોસી રેલ મહાસેતું પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. કોસી રેલ મહાસેતુની લંબાઈ 9 કિલોમીટર છે.
- તે બિહારના નિર્મલી અને સરાયગઢ જિલ્લાને જોડે છે.
- તે પૂર્વોત્તર ભારત માટે ટૂંકા માર્ગનુ પ્રદાન કરે છે.
- ભારત–નેપાળ સરહદની નજીક હોવાથી આ પુલનું વ્યૂહાત્મક મહત્વ છે.

## 'ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકોના વિકાસ' પર વેબિનાર

- 15 સપ્ટેમ્બર, 2020ના રોજ શિક્ષણ મંત્રાલયે દ્વારા 'શિક્ષા પર્વ' પહેલ અંતર્ગત 'ગુણવત્તાયુક્ત શિક્ષણ

માટેના શિક્ષકોના વિકાસ' પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ.

### 'ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકોનો વિકાસ' વેબિનાર વિશે

- આ વેબિનાર શિક્ષકોની ભૂમિકા અને જવાબદારીઓને પ્રતિબિંબિત કરવા અને નવી શિક્ષણ નીતિની દ્રષ્ટિએ શિક્ષકોની ક્ષમતા વિકાસ અને કારકિર્દી પ્રગતિના વિવિધ પાસાઓને સમજવા માટે યોજવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા શિક્ષકોને સન્માનિત કરવા અને નવી શિક્ષણ નીતિ, 2020ને આગળ વધારવા માટે 8 સપ્ટેમ્બરથી 25 સપ્ટેમ્બર, 2020 સુધી શિક્ષક મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.
- 16 સપ્ટેમ્બર, 2020ના રોજ 'શિક્ષક પર્વ' પહેલ હેઠળ શિક્ષણ મંત્રાલયે 'રાષ્ટ્રીય સેવા યોજના'(NSS), 'રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ(NCC), 'નહેરુ યુવા કેન્દ્ર સંગઠન(NYKS) અને 'ઉન્નત ભારત અભિયાન'ના(UBA) સ્વયંસેવકોના માધ્યમથી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020' વિશે જાગૃતિ ફેલાવવા માટે રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કર્યુ હતું.

## કપિલા વાત્સ્યાયન

- 16 સપ્ટેમ્બર 2020ના રોજ પ્રખ્યાત કલા વિદ્વાન, લેખક અને નિષ્ણાંત કપિલા વાત્સ્યાયનનું 92 વર્ષની વયે દિલ્હી સ્થિત તેમના ઘરે નિધન થયું હતું.

### કપિલા વાત્સ્યાયન વિશે

- વર્ષ 2011માં પદ્મ વિભૂષણથી સન્માનિત કપિલા વાત્સ્યાયન 'ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર'ના સ્થાપક ડિરેક્ટર હતા.
- કલા ઈતિહાસ, સ્થાપત્ય અને ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રખ્યાત વિદ્વાન કપિલા વાત્સ્યાયનનો જન્મ વર્ષ 1928માં નવી દિલ્હીમાં થયો હતો અને તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી.
- કપિલા વાત્સ્યાયને તેમની લાંબી કારકિર્દીમાં કલાના વિવિધ સ્વરૂપો અને તેમના ઈતિહાસ પર લગભગ 20 પુસ્તકો લખ્યા હતા.
- વર્ષ 1970માં તેમને સંગીત નાટક અકાદમીની ફેલોશિપ અને વર્ષ 2000માં રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

## રાજેશ ખુલ્લર

- હરિયાણાના વરિષ્ઠ IAS અધિકારી અને મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના મુખ્ય સચિવ રાજેશ ખુલ્લરની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે ત્રણ વર્ષ માટે નિમણુક કરવામાં આવી છે.

### વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વિશે

- એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે રાજેશ ખુલ્લર વિશ્વ બેંકમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન અને શ્રીલંકાનું પ્રતિનિધિત્વ કરશે.
- વર્લ્ડ બેંક ગ્રુપમાં કોઈ એક દેશ અથવા દેશોના જૂથનું પ્રતિનિધિત્વ કરનારા કુલ 25 એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હોય છે.
- નિયમ અનુસાર આ એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની નિમણૂક કરવામાં આવે છે અથવા તેમના માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે.

## એર બબલ

- 13 સપ્ટેમ્બર, 2020 સુધીમાં ભારતે કુલ 10 દેશો અમેરીકા, કેનેડા, ફ્રાંસ, જર્મની, યુકે, માલદીવ્સ, યુએઈ, કતાર, અફઘાનિસ્તાન અને બહેરિન સાથે 'એર બબલ' કરાર કર્યા છે.

### એર બબલ વિશે

- COVID-19ના કારણે નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સ્થગિત થઈ ગયા પછી, બે દેશો વચ્ચે વ્યાવસાયિક ફ્લાઈટ સેવાઓ આવશ્યકરૂપે ફરીથી શરૂ કરવાની અસ્થાયી વ્યવસ્થા એટલે 'એર બબલ'.
- આ વ્યવસ્થા હેઠળ બંને દેશોની એરલાઈન્સને વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

## વિશ્વ દર્દી સલામતી દિવસ

- 17 સપ્ટેમ્બરના રોજ વિશ્વ દર્દી સલામતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેની શરૂઆત કરવામાં આવી હતી.
- આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણી વર્ષ 2019માં કરવામાં આવી હતી.
- તે દર્દીની સલામતીમાં સુધારો લાવવા માટે તમામ દેશો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો દ્વારા વૈશ્વિક એકતા અને નક્કર પગલા લેવાની હાકલ કરે છે.
- 'વિશ્વ દર્દી સલામતી દિવસ, 2020'ની થીમ:'Health Worker Safety: A Priority for Patient Safety'

## વિશ્વ વાંસ દિવસ

- દર વર્ષે વિશ્વ વાંસ દિવસની ઉજવણી 18 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવે છે.
- વર્ષ 2009માં બેંગકોકમાં આયોજીત આઠમી વર્લ્ડ વાંસ કોંગ્રેસમાં 18મી સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ વાંસ સંગઠન' દ્વારા સત્તાવાર રીતે 'વર્લ્ડ વાંસ દિવસ'ની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 2020ના વિશ્વ વાંસ દિવસની થીમ: 'બામ્બૂ નાઉ' (BAMBOO now)
- વર્ષ 1992માં જાપાનમાં આંતરરાષ્ટ્રીય વાંસ કોંગ્રેસમાં વર્લ્ડ વાંસ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2017માં, ભારતીય વન અધિનિયમ, 1927માં વાંસને ઝાડની શ્રેણીમાંથી દૂર કરવા માટે સુધારા કરવામાં આવ્યા હતા. જેથી વ્યવસાયિક ધોરણે તેનું ઉત્પાદન અને વેચાણ થઈ શકે.

## વિશ્વ દર્દી સલામતી દિવસ

### વિશ્વ દર્દી સલામતી દિવસ વિશે

- વૈશ્વિક સ્તરે 17 સપ્ટેમ્બરને 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વિશ્વ દર્દી સલામતી દિવસ, વૈશ્વિક એકતા અને તમામ દેશો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો દ્વારા દર્દીની સલામતીમાં સુધારો લાવવા માટે કડક પગલા લેવાની હિમાયત કરે છે.
- આ દિવસ દર્દીઓની સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા માટે વિશ્વભરના દર્દીઓ, તેમના પરિવારો, સમુદાયો, આરોગ્ય કાર્યકરો અને નીતિ–નિર્માતાઓને સાથે લાવવાનો પ્રયાસ કરે છે.
- 25 મે, 2019ના રોજ, વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ, તેની 72મી પરિષદમાં, દર્દીની સલામતીને વૈશ્વિક આરોગ્ય અગ્રતા તરીકે માન્યતા આપવાનો અને દર વર્ષે 17 સપ્ટેમ્બરને વિશ્વ દર્દી સલામતી દિવસ તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો.
- પ્રથમ વિશ્વ દર્દી સલામતી દિવસ વૈશ્વિક સ્તરે 17 સપ્ટેમ્બર, 2019ના રોજ ઉજવવામાં આવ્યો.
- વર્ષ 2020 માટે આ દિવસની થીમ: 'Safe Health Workers, Safe Patients' પસંદ કરવામાં આવી છે.

## આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ

- દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 24 કલાક અહિંસા અને યુદ્ધવિરામનું પાલન કરીને શાંતિના આદર્શોને મજબૂત કરવા માટે આ દિવસને જાહેર કરવામાં આવ્યો છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ 1981માં આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસની ઘોષણા કરવામાં આવી હતી. બે દાયકા પછી વર્ષ 2001માં, મહાસભાએ 21 સપ્ટેમ્બરને અહિંસા અને યુદ્ધવિરામના સમયગાળા તરીકે જાહેર કરવા માટે સર્વાનુમતે મત આપ્યો હતો.
- વર્ષ 2020ના અંતરરાષ્ટ્રીય શાંતિ દિવસની થીમ: 'Shaping Peace Togather'

## અનિલ ધસ્માના રાષ્ટ્રીય તકનીકી સંશોધન સંસ્થાના વડા તરીકે નિયુક્ત

- ભારતીય ગુપ્તચર એજન્સી 'સંશોધન અને વિશ્લેષણ વિંગના'(RAW) ભૂતપૂર્વ વડા અનિલ ધસ્માનાની 'રાષ્ટ્રીય તકનીકી સંશોધન સંસ્થા'ના(NTRO) વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી પ્રધાનમંડળની નિમણૂક સમિતિએ અનિલ ધસ્માનાની નિમણૂકને મંજૂરી આપી દીધી છે.

### અનિલ ધસ્માના વિશે

- અનિલ ધસ્માના ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારી સતીષ ઝાનુ સ્થાન ગ્રહણ કરશે.
- અનિલ ધસ્માના વર્ષ 1981ની બેચના ભારતીય પોલીસ સેવા(IPS) અધિકારી છે અને તેઓ પાકિસ્તાનની બાબતોના નિષ્ણાંત માનવામાં આવે છે.
- અનિલ ધસ્માના વર્ષ 1993માં સંશોધન અને વિશ્લેષણ વિંગમાં જોડાયા હતા.
- કારગિલ યુદ્ધ પછી સમર્પિત તકનીકી ગુપ્તચર એજન્સી તરીકે 'રાષ્ટ્રીય તકનીકી સંશોધન સંસ્થા'(NTRO)ની રચના કરવામાં આવી હતી.

## સાયનોબેક્ટેરિયાથી બોત્સ્વાનામાં 330 હાથીનાં મોત

- તાજેતરમાં તપાસમાં બહાર આવ્યું છે કે બોત્સવાનામાં આ વર્ષે 300 થી વધુ હાથીઓ પાણીમાં સાયનોબેક્ટેરિયાથી ઉત્પન્ન થતા ઝેરથી મૃત્યુ પામ્યા છે. આફ્રિકામાં ઘટતી હાથીઓની વસ્તીનો ત્રીજો ભાગ બોત્સ્વાનામાં જોવા મળે છે.

### સાયનોબેક્ટેરિયા વિશે

- સાયનોબેક્ટેરિયા એ સુક્ષ્મસજીવો છે જે સામાન્ય રીતે પાણીમાં જોવા મળે છે અને કેટલીક વાર તે જમીનમાં જોવા મળે છે.
- વાદળી–લીલા શેવાળ તરીકે પણ ઓળખાય છે. તેઓ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે, ખાસ કરીને ઠંડા, પોષક તત્ત્વોથી ભરપૂર પાણીમાં.
- સાયનોબેકટેરિયાની કેટલીક પ્રજાતિઓ પ્રાણીઓ અને માણસોને અસર કરતા ઝેર ઉત્પન્ન કરે છે.
- દૂષિત પાણી પીવાથી અથવા સ્નાન કરવાથી લોકો સાયનોબેકટેરિયાથી થતા ઝેરના સંપર્કમાં આવી શકે છે.
- ત્વચામાં બળતરા, પેટમાં ખેંચાણ, ઉલટી, ઉબકા, ઝાડા, તાવ, ગળામાં દુખાવો, માથાનો દુઃખાવો વગેરે તેના લક્ષણો છે.

## ડેસ્ટિનેશન નોર્થ-ઈસ્ટ, 2020

- 21 સપ્ટેમ્બર, 2020ના રોજ 'નોર્થ–ઈસ્ટ રિજન ડેવલપમેન્ટ'ના મંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'ડેસ્ટિનેશન નોર્થ–ઈસ્ટ, 2020' ફેસ્ટિવલ માટે લોગો અને ગીતનું અનાવરણ કર્યુ હતું.

### ડેસ્ટિનેશન નોર્થ-ઈસ્ટ, 2020 વિશે

- કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા 27 સપ્ટેમ્બર, 2020ના રોજ આ ચાર દિવસીય કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ ઉત્સવ ઈશાન ભારતમાં સમૃદ્ધ, અસ્પષ્ટ શકયતાઓ અને ઉપલબ્ધ તકોના ઉપયોગને પ્રોત્સાહન આપશે.
- આ તહેવારનો ઉદેશ્ય ભારતના લોકોને વિદેશમાં કયાંય જવાને બદલે દેશના તમામ મોહક સ્થળોની મુલાકાત લેવા આકર્ષિત કરવાનો છે.
- છેલ્લા બે વર્ષથી, આ ઉસવ સમગ્ર દેશમાં યોજવામાં આવે છે.
- આ તહેવાર માત્ર પર્યટન વિશે જ નથી પરંતુ તે સંસ્થાઓ અને ખાસ કરીને યુવા ઉદ્યોગસાહસિકો માટે પણ છે જેઓ આ ક્ષેત્રની અમર્યાદિત શક્યતાઓનો લાભ લેવા માંગે છે.

### ડેસ્ટિનેશન નોર્થ-ઇસ્ટ, 2019 વિશે

- વર્ષ 2019માં, ઉત્તરપ્રદેશના વારાણસીમાં આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ ગંગાની અને પુર્વોત્તરની બ્રહ્મપુત્રાની સંસ્કૃતિઓને જોડવાનો હતો.

## વિશ્વ ગેંડા દિવસ

- વિશ્વ ગેંડા દિવસ દર વર્ષે 22 સપ્ટેમ્બરના રોજ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવે છે.
- આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય ગેંડાઓની સંભાળ, સલામતી અને સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો છે.
- ગેંડો એ સસ્તન અને સંપૂર્ણ શાકાહારી પ્રાણી છે.
- વિશ્વમાં પાંચ ગેંડાઓની પ્રજાતિઓ જોવા મળે છે. જેમાંથી બે આફ્રિકામાં અને ત્રણ દક્ષિણ એશિયામાં જોવા મળે છે.
- ભારતમાં એક શિંગડાવાળા ગેંડાની સંખ્યા સૌથી વધુ છે.
- આસામ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશમાં 3000 જેટલા એક શિંગડાવાળા ગેંડા છે.
- વિશ્વ ગેંડા દિવસની શરૂઆત 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ'(WWF) દ્વારા વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- ભારતમાં મોટાભાગના ગેંડા કાઝીરંગા નેશનલ પાર્કમાં જોવા મળે છે.

## શિવાંગીસિંહ

- ફ્લાઈટ લેફટનન્ટ શિવાંગી સિંઘ ટૂંક સમયમાં રફાલ ફાઈટર એરક્રાફટ ઉડાવનાર ભારતની પ્રથમ મહિલા ફાઈટર પાઈલટ બનશે.
- નોંધનીય છે કે રાફેલ વિમાનને 10 સપ્ટેમ્બર, 2020ના રોજ ઔપચારિક રીતે ભારતીય વાયુસેનામાં શામેલ કરવામાં આવ્યા હતા.

### શિવાંગીસિંહ વિશે

- શિવાંગી સિંહ હાલમાં રાફેલને ઉડાવવાની તાલીમ લઈ રહ્યા છે અને ટૂંક સમયમાં હરિયાણાના અંબાલા એર બેઝ પર 17 નંબરના સ્કવોડ્રોન 'ગોલ્ડન એરો' માં જોડાશે.
- ઉત્તરપ્રદેશના વારાણસીની રહેવાસી શિવાંગી સિંઘ વર્ષ 2017માં ભારતીય વાયુસેનામાં જોડાઈ હતી અને આજ સુધી તે મિગ–21 બાઈસન વિમાન ઉડાવી રહી હતી.
- શિવાંગી સિંઘ ભારતીય વાયુસેનામાં 10 મહિલા ફાઈટર પાઈલટસમાંની એક છે, જ્યારે ભારતીય વાયુ સેનામાં ફરજ બજાવતા મહિલા અધિકારીઓની સંખ્યા 1,875 છે.

## રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ

- 24 સપ્ટેમ્બર, 2020ના રોજ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવન ખાતે વર્ચુઅલ માધ્યમથી વર્ષ 2018-19 માટેના 'રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ' રજૂ કર્યા હતા.

### રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ વિશે

- યુવા કાર્યક્રમ અને રમત–ગમત મંત્રાલયના યુવા બાબતોના વિભાગ દ્વારા દેશમાં રાષ્ટ્રીય સેવા યોજનાને પ્રોત્સાહન આપવા માટેના ઉદેશ્યથી યુનિવર્સિટીઓ/કોલેજો, વરિષ્ઠ માધ્યમિક,


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

NSS એકમો/કાર્યક્રમ અધિકારી અને NSS સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલ સ્વૈચ્છિક સામુદાયિક સેવામાં ઉત્કૃષ્ટ યોગદાનની ઓળખ કરવા અને તેમને પુરસ્કૃત કરવા માટે દર વર્ષે રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

➤ NSS પાસે હાલમાં દેશભરમાં આશરે 40 લાખ સ્વયંસેવકો છે.

➤ રાષ્ટ્રીય સેવા યોજના એ કેન્દ્રિય ક્ષેત્રની યોજના છે જે વર્ષ 1969માં શરૂ કરવામાં આવી હતી અને તેનો મુખ્ય ઉદ્દેશ સ્વૈચ્છિક સમુદાય સેવા દ્વારા યુવાન વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વ અને પાત્રને વિકસિત કરવાનો છે.

➤ રાષ્ટ્રીય સેવા યોજનાનું સૂત્ર 'સ્વંય સે પહેલે આપ' છે.

➤ વર્ષ 2018-19 માટેના રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ 3 વિવિધ કેટેગરીમાં જેમ કે યુનિવર્સિટી/+2 કાઉન્સિલ, NSS એકમો અને તેમના કાર્યક્રમ અધિકારીઓ અને NSS સ્વયંસેવકોમાં 42 વિજેતાઓને આપવામાં આવ્યો છે.

## એસ.પી. બાલાસુબ્રમણ્યમ

➤ ગાયક–અભિનેતા એસ.પી. બાલાસુબ્રહ્મણ્યમનું કોરોના વાયરસના ચેપને કારણે 74 વર્ષની વયે અવસાન થયું છે.

### એસ.પી. બાલાસુબ્રમણ્યમ વિશે

➤ એસ.પી. બાલાસુબ્રહ્મણ્યમને ભારતીય સંગીતમાં તેઓના અદ્વિતિય યોગદાન માટે ઓળખવામાં આવે છે.

➤ તેઓએ 40,000થી વધુ ગીતોનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો હતો

➤ તમિળ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને હિન્દી ભાષાઓમાં ગીતો ઉપરાંત એસ.પી. બાલાસુબ્રમણ્યમે અનેક ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

➤ એસ.પી.બાલાસુબ્રહ્મણ્યમનો જન્મ આંધ્રપ્રદેશના નેલ્લોર નજીકના એક રૂઢીચુસ્ત તેલુગુ પરિવારમાં 04 જૂન, 1986ના રોજ થયો હતો.

➤ એસ.પી. બાલાસુબ્રહ્મણ્યમે 15 ડિસેમ્બર,1966ના રોજ સંગીત કારકિર્દીની શરૂઆત ફિલ્મ્સમાં કરી હતી.

➤ પાંચ દાયકાથી વધુની કારકીર્દિમાં, એસ.પી. બાલાસુબ્રમણ્યનને છ વખત બેસ્ટ પુરુષ પ્લેબેક સિંગર માટે રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ અને કુલ 25 વખત નંદી એવોર્ડ એનાયત કરાયો હતો. તેલુગુ સિનેમા, થિયેટર અને ટીવી માટે નંદી એવોર્ડ આંધ્ર પ્રદેશ સરકારનો સર્વોચ્ચ સન્માન છે.

➤ ભારત સરકાર દ્વારા એસ.પી.બાલાસુબ્રમણ્યમને વર્ષ 2001માં પદ્મશ્રી અને વર્ષ 2011માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

## 'ફ્રાઈડેસ ફોર ફ્યુચર' દ્વારા વિરોધ પ્રદર્શન

➤ 'ક્લાયમેટ જસ્ટિસ'ના ઉદ્દેશ્યથી ચાલતુ વૈશ્વિક આંદોલન 'ફ્રાઈડેસ ફોર ફ્યુચર'(FFF)ના બેનર હેઠળ પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલયની બહાર વિદ્યાર્થીઓ અને યુવાનોએ વિરોધ દર્શાવ્યો હતો.

### ફ્રાઈડેસ ફોર ફ્યુચર વિશે

➤ ફ્રાઈડેસ ફોર ફ્યુચર એ વૈશ્વિક 'જળવાયુ હડતાલ આંદોલન' છે જેની શરૂઆત ઓગસ્ટ, 2018માં 15 વર્ષીય ગ્રેટા થનબર્ગે સ્વીડનમાં હડતાલની શરૂઆત સાથે કરી હતી.

➤ ગ્રેટા થનબર્ગે સ્વીડિશ ચૂંટણીઓના ત્રણ અઠવાડિયા પહેલા સ્વીડિશ સંસદની બહાર હડતાલ શરૂ કરી હતી.

➤ ગ્રેટા થનબર્ગની મુખ્ય માંગ હવામાન સંકટ પર તાત્કાલિક પગલાં લેવાની હતી. આ ચળવળ પાછળથી વૈશ્વિક ચળવળ બની.

➤ આ વૈશ્વિક ચળવળનો મુખ્ય ઉદ્દેશ નીતિ–નિર્માતાઓ પર નૈતિક દબાણ લાવવાનો છે જેથી તેઓ પર્યાવરણીય વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલી ચેતવણીઓ પર ધ્યાન આપે અને 'ગ્લોબલ વોર્મિંગ'ને મર્યાદિત કરવા કાર્યવાહી કરે તે છે.

### વિરોધ પ્રદર્શનનું કારણ

➤ વિરોધ પ્રદર્શનમાં વિરોધીઓએ કરેલી મુખ્ય માંગોમાં અરવલ્લીને રક્ષણ, યમુનાના પ્રદૂષણને રોકવા માટે ગટર વ્યવસ્થાપન પ્લાન્ટમાં સુધારો કરવો, નીતિ નિર્માણમાં લોકોની ભાગીદારી અને શાળાઓમાં બહેતર પર્યાવરણીય શિક્ષણનો સમાવેશ થાય છે.

➤ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની બહાર વિરોધનું મુખ્ય કારણ એ છે કે સરકાર દ્વારા ઘણાં કાયદા અને નિયમ પસાર કરવામાં જાહેર પરામર્શનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેમાં મુખ્ય રૂપથી 'પર્યાવરણીય અસર આકારણીના ડ્રાફ્ટ, 2020'નો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

## આંતરાષ્ટ્રીય પરમાણુ શસ્ત્ર સંપૂર્ણ નાબુદી દિવસ

➤ દર વર્ષે 26 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અણુ શસ્ત્ર સંપૂર્ણ નાબૂદી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

➤ તેનો ઉદ્દેશ વૈશ્વિક સમુદાય દ્વારા પરમાણુ શસ્ત્રો નિઃશસ્ત્રીકરણની પ્રતિબદ્ધતા દર્શાવવાનો છે. આ દિવસનો હેતુ લોકોને અને નેતાઓને પરમાણુ શસ્ત્રોના નાબૂદીના ફાયદાઓથી જાગૃત કરવાનો છે.

- ઠરાવ પસાર કર્યા પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર, 2013માં આંતરરાષ્ટ્રીય અણુ શસ્ત્રોના સંપૂર્ણ નાબૂદી દિવસની જાહેરાત કરવામાં આવી હતી.
- આ પહેલા 26 સપ્ટેમ્બર, 2013ના રોજ, અમેરીકાના ન્યૂ યોર્કમાં પરમાણુ નિઃશસ્ત્રીકરણ અંગેની ઉચ્ચ–સ્તરની બેઠક મળી હતી.
- આ દિવસનો હેતુ લોકોને પરમાણુ શસ્ત્રોના જોખમોથી જાગૃત કરવાનો છે.

## બિન-સંક્રમિત રોગોના નિયંત્રણમાં કેરળને UNIATF એવોર્ડ

- 24 સપ્ટેમ્બર, 2020ના રોજ, કેરળને બિન– સંક્રમિત રોગોને નિયંત્રિત કરવા સંબંધિત સતત વિકાસ લક્ષ્યમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે 'યુનાઈટેડ નેશન ઈંટરએજન્સી ટાસ્ક ફોર્સ એવોર્ડ'(UNIATF) જીત્યો હતો.

### બિન-સંક્રમિત રોગોના નિયંત્રણ માટે કેરળના પ્રયત્નો

- આ એવોર્ડ દ્વારા સંક્રમિત રોગો અને માનસિક સ્વાસ્થ્યની રોકથામ અને નિયંત્રણમાં વર્ષ 2019 દરમિયાન રાજ્યની ઉપલબ્ધિઓને સન્માનિત કરવામાં આવી છે.
- સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રોથી હોસ્પિટલ સુધીની જીવનશૈલીની બિમારીના ઉપચાર માટે રાજયમાં દરેક સ્તર પર કેરળમાં સુવિધાઓ ઉપલબ્ધ છે.
- રાજ્ય એ COVID-19 મૃત્યુદરને નિયંત્રિત કરવામાં સમર્થ રહ્યુ હતું કારણ કે તેઓએ બિન– સંક્રમિત રોગો પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.
- કેરળ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિશ્વભરના 7 આરોગ્ય મંત્રાલયોમાંનું એક છે.
- રાજ્યના અન્ય કાર્યક્રમો જેવા કે કેન્સર ટ્રીટમેન્ટ પ્રોગ્રામ, પલ્મોનરી ડિસીઝ પ્રોગ્રામ અને લકવા નિયંત્રણ કાર્યક્રમ અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

### બિન-સંક્રમિક રોગો પર સંયુક રાષ્ટ્રની આંતર-એજન્સી ટાસ્ક ફોર્સ વિશે

- આ ટાસ્ક ફોર્સ વર્ષમાં એકવાર 'સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ'ને (ECOSOC) રિપોર્ટ કરે છે.
- વર્ષ 2030ના સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યોના એજન્ડાને સ્વીકાર્યા પછી, 'બિન– સંક્રમિત રોગો' સંબંધિત ટકાઉ વિકાસ લક્ષ્યોનો સમાવેશ કરવા માટે NIATFના કાર્યક્ષેત્રમાં વધારવો કરવામાં આવ્યો છે.
- માનસિક સ્વાસ્થ્ય, ઈજા, હિંસા, પર્યાવરણીય સમસ્યાઓ અને પોષણના પ્રશ્નો વગેરે મુખ્ય પરિબળો છે જે બિન–સંક્રમિત રોગોને અસર કરે છે.
- વિશ્વમાં લગભગ 70% મૃત્યુ બિન– સંક્રમિત રોગોને કારણે થાય છે.

## મીઠાઈ ઉત્પાદનો પર 'બેસ્ટ બિફોર ડેટ' દર્શાવવી આવશ્યક

- તાજેતરમાં, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(FSSAI) દ્વારા ખુલ્લી મીઠાઈઓના વેચાણને લઈને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

### FSSAIની નવી માર્ગદર્શિકા વિશે

- ખુલ્લી મીઠાઈઓના કિસ્સામાં વેચાણ માટે આઉટલેટ પર મીઠાઈ રાખવા માટેની ટ્રે સાથે 1 ઓકટોમ્બર, 2020થી આવશ્યક રૂપમાં ઉત્પાદનની 'બેસ્ટ બિફોર ડેટ' પ્રદર્શિત કરવાની રહેશે.
- 'ખાદ્ય વ્યવસાય સંચાલક(FBOs-Food Business Operators) સ્વેચ્છાએ ઉત્પાદનની તારીખ પ્રદર્શિત કરી શકે છે. જો કે તે ફરજિયાત નથી.
- FBOs ઉત્પાદની પ્રકૃતિ અને સ્થાનિક પરિસ્થિતિઓના આધારે મીઠાઈઓ માટે 'બેસ્ટ બિફોર ડેટ' નક્કી કરશે અને તેને યોગ્ય રીતે પ્રદર્શિત કરશે.
- ખાદ્ય સુરક્ષા કમિશનર આ દિશાનિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરશે.

### ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(FSSAI) વિશે

- તે 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ', 2006 હેઠળ સ્થાપિત એક સ્વાયત્ત વૈધાનિક સંસ્થા છે.
- FSSAI ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.

## વિશ્વ પર્યટન દિવસ

- વિશ્વ પર્યટન દિવસ દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.
- તેની શરૂઆત યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન(UNWTO) દ્વારા વર્ષ 1980માં કરવામાં આવી હતી.
- વિશ્વ પર્યટન દિવસ 2020ની થીમ: 'પર્યટન અને ગ્રામીણ વિકાસ' રાખવામાં આવી છે.

- ભારતમાં પર્યટન મંત્રાલયે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા 27,સપ્ટેમ્બર 2020ના રોજ વર્લ્ડ ટૂરિઝમ ડેનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય અતિથિ અને કેન્દ્રીયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને 'સાથી' નામની એપ્લિકેશનની પણ શરૂઆત કરી હતી.

### 'સાથી' એપ્લિકેશન

- 'સાથી' એપ્લિકેશન આતિથ્ય ઉદ્યોગને સુરક્ષિત રીતે સંચાલિત કરવા અને હોટલની સલામતી અંગે સ્ટાફ અને મહેમાનોમાં વિશ્વાસ ઊભો કરવા માટે, ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સાથે, પર્યટન મંત્રાલયની પહેલ છે.

## શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ

- IIT–ખડગપુરના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના સહયોગી પ્રોફેસર ડો.અભિજિત મુખર્જીની શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

### શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ વિશે:

- આ એવોર્ડ દર વર્ષે વિજ્ઞાન અને તકનીકીમાં મહત્ત્વપૂર્ણ યોગદાન માટે આપવામાં આવે છે. આ એવોર્ડનુ નામ 'વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક રીસર્ચ પરિષદ'ના (CSIR) સંસ્થાપક નિર્દેશક દિવંગત ડો.શાંતિ સ્વરૂપ ભટનાગરના નામ પર રાખવામાં આવ્યું છે.
- આ એવોર્ડ વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈ પણ ક્ષેત્રમાં રીસર્ચ સાથે સંલગ્ન 45 વર્ષની ઉંમર સુધીના ભારતના કોઈપણ નાગરિકને આપવામાં આવે છે.
- આ ઉપરાંત, ભારતમાં કાર્યરત 'ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા'(OCI) અને ભારતમાં કાર્ય કરતા 'પર્સન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિન'(PIO) પણ આ એવોર્ડ માટે પાત્ર છે.
- ભારતમાં મુખ્યત્વે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કરવામાં આવેલા ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક કાર્યને આધારે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## રેડિયો શાળા

- રડિયો શાળા ઓડિશા સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે.
- તે રાજ્યમાં ધોરણ 1 થી 8ના વિદ્યાર્થીઓ માટે વર્ગોનુ આયોજન કરશે.
- વિદ્યાર્થીઓ ઓડિઓ પ્રોગ્રામને કેન્દ્ર સરકારના DIKSHA ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ મેળવી શકશે.

## હાઈયાંગ-2C

- હાઈયાંગ–2C ચીન દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ એક નવો સમુદ્ર–નિરીક્ષણ ઉપગ્રહ છે.
- તે ચીનનો ત્રીજો સમુદ્રવિષયક ગતિશીલતા પર્યાવરણીય ઉપગ્રહ છે.
- તે સમુદ્રનું તાપમાન, તરંગની ઉંચાઇ, દરિયાની સપાટીની ઉંચાઇ, પવનની ગતિ અને બધી ૠતુઓ દરમિયાન ચોવીસ કલાકની વિગતો પ્રદાન કરી શકે છે.
- HY-2C,પહેલાના HY-2B તથા આગલા વર્ષે લોંચ થનાર HY-2Dની સાથે એક નેટવર્કની સ્થાપના કરશે. તેનાથી આ નેટવર્કને દરિયાઇ પર્યાવરણીય નિરીક્ષણ માટે ઉચ્ચ–ચોકસાઇ ડેટા પ્રદાન કરવા માટે સક્ષમ બનાવશે.
- સૂચિત ઉપગ્રહ નેટવર્ક છ કલાકની અંદર વિશ્વની 80% સમુદ્ર સપાટીનું નિરીક્ષણ કરી શકશે.

## ટાઇમ મેગેઝિન: 100 પ્રભાવશાળી લોકોની યાદી

- વિશ્વ વિખ્યાત ટાઈમ સામયિકે તાજેતરમાં જ વિશ્વના 100 પ્રભાવશાળી લોકોની સૂચિ બહાર પાડી છે.
- અમેરિકન સાપ્તાહિક ન્યૂઝ મેગેઝિન ટાઈમ (TIME) દ્વારા બહાર પાડવામાં આવેલી આ વાર્ષિક સૂચિમાં અગ્રણી નેતાઓ, અભિનેતાઓ અને મહાનુભાવોનો સમાવેશ કરવામાં આવે છે જેમણે કોઈ પણ રીતે સમાજને પ્રભાવિત કર્યો હોય.

### 100 પ્રભાવશાળી લોકોની યાદીમાં ભારતીય

- વર્ષ 2020 માટેના ટાઈમ મેગેઝિનની યાદીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, બોલિવૂડના અભિનેતા આયુષ્માન ખુરાના અને શાહીન બાગ વિરોધ પ્રદર્શનમાં શામેલ 82 વર્ષિય બિલ્કિસ બાનોને યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.
- અભિનેતા આયુષ્માન ખુરાના ભારતના એકમાત્ર એવા અભિનેતા છે જેમને આ યાદિમાં શામેલ કરવામાં આવ્યો છે.

## કેટ ક્યુ વાયરસ

- વૈજ્ઞાનિકોએ ભારતને એક બીજા વાયરસ 'કેટ–ક્યુ વાયરસ' વિશે ચેતવણી આપી છે, જેને મોટા ભાગે ચીનમાં રીપોર્ટ કરવામાં આવ્યો છે અને જેનાથી ભારતમાં આ રોગ થવાની સંભાવના છે.
- ચીન અને વિયેતનામના ક્યુલેક્સ મચ્છરો અને પિગમાં આ વાયરસની હાજરી નોંધાઇ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### કેટ ક્યુ વાયરસ વિશે

- તે ઓર્થોપોડાથી જનીત વાયરસ(આર્બોવાયરસ)માંનું એક માનવામાં આવે છે.

### વાયરસનો ફેલાવો

- તેનો કુદરતી વેક્ટર મચ્છર છે.
- કેટ ક્યુ વાયરસના પ્રાકૃતિક સસ્તનધારી વાહક ઘરેલું પિગ છે.

### ભારતમાં કેટ ક્યુ વાયરસ વધુ સંવેદનશીલ કેમ

- રોગનો ફેલાવો કરતા વાહકની ઉપલબ્ધતા પ્રાથમિક સસ્તન પ્રાણી(પીગ) અને જંગલી મેનાતી કેટ ક્યુ વાયરસની પુષ્ટિ થયેલ છે.
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી(NIV), પુણેના સંશોધનકારોને વિવિધ ભારતીય રાજ્યોમાંથી લેવામાં આવેલા 883 હ્યુમન સીરમમાંથી બેમાં વાયરસની એન્ટિબોડીઝ મળી આવી છે. જે દર્શાવે છે કે લોકો અમુક હદ સુધી વાયરસના સંપર્કમાં આવ્યા છે.

### કેટ ક્યુ વાયરસની મનુષ્ય પર અસર:

- તે માનવમાં તાવ, મેનિન્જાઈટિસ અને પીડિયાટ્રિક એન્સેફાલીટીસનું કારણ બની શકે છે.

## ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન પ્લેયર ઓફ ધ યર

- ભારતીય રાષ્ટ્રીય પુરુષોની ફૂટબોલ ટીમના ગોલકીપર ગુરપ્રીત સિંઘ સંધુ અને મહિલા ફૂટબોલ ટીમના મિડફિલ્ડર સંજુ યાદવની પુરૂષો અને મહિલા વર્ગમાં વર્ષ 2019-20 સીઝન માટે 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન પ્લેયર ઓફ ધ યર' તરીકે પસંદગી કરવામાં આવી છે.
- આ પહેલી વાર છે કે પંજાબમાં જન્મેલા ગુરપ્રીત સિંઘ સંધુ ને 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન પ્લેયર'નો વાર્ષિક એવોર્ડ મળ્યો છે. આ સન્માન મેળવનાર તે દેશનો બીજો ગોલકિપર બન્યો છે. આ પહેલાં વર્ષ 2009માં સુબ્રતા પાલને આ એવોર્ડ મળ્યો હતો.

### ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન પ્લેયર ઓફ ધ યર વિશે

- આ એવોર્ડની સ્થાપના વર્ષ 1992માં કરવામાં આવી હતી.
- ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન(AIFF) એ ભારતમાં ફૂટબોલનું સંચાલક મંડળ છે.જેની સ્થાપના વર્ષ 1937માં શિમલાના આર્મી હેડક્વાર્ટરમાં થઈ હતી.

## ડો. પી.ડી. વાઘેલા

- ભારતીય વહીવટી સેવાના વરિષ્ઠ અધિકારી ડો. પી.ડી. વાઘેલાની 'ભારતીય ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા'(TRAI)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- 'કર્મચારી અને તાલીમ વિભાગ'(DoPT) દ્વારા જાહેર કરવામાં આવેલ નોટિફિકેશન અનુસાર કુલ ત્રણ વર્ષના કાર્યકાળ અથવા 65 વર્ષની વય માટે તેઓની નિમણૂક કરવામાં આવી છે.
- તેઓ વર્તમાન અધ્યક્ષ આર.એસ. શર્માનુ સ્થાન ગ્રહણ કરશે જે ટૂંક સમયમાં નિવૃત્ત થવાના છે.

### ડો. પી.ડી. વાઘેલા વિશે

- તેઓ વર્ષ 1986ના ગુજરાત કેડરના IAS અધિકારી છે.
- ડો. પી.ડી. વાઘેલા હાલમાં 'કેમિકલ અને ખાતર મંત્રાલય' હેઠળ 'ફાર્માસ્યુટિકલ્સ વિભાગ' હેઠળ સચિવ તરીકે કાર્યરત છે.

### TRAI વિશે

- TRAI(Telecom Regulatory Authority of India) એ ભારતમાં ટેલિકોમ બિઝનેસમાં સ્વતંત્ર નિયમનકાર છે અને સંસદના અધિનિયમ દ્વારા 20 ફેબ્રુઆરી, 1997માં ટેલિકોમ્યુનિકેશન સેવાઓ અને ટેરિફને નિયંત્રિત કરવા માટે સ્થાપિત કરવામાં આવી હતી.
- આ સંસ્થા ભારતમાં ટેલિકમ્યુનિકેશન્સના ક્ષેત્રમાં કાર્યરત કંપનીઓ માટે નિયમનકાર તરીકે કામ કરે છે.

## મહારાષ્ટ્રના વન અધિકાર કાયદામાં સુધારો

- મહારાષ્ટ્રના રાજ્યપાલે વન અધિકાર અધિનિયમ, 2006માં સુધારો કરીને એક જાહેરનામું બહાર પાડ્યું છે.
- રાજ્યપાલ દ્વારા બંધારણની અનુસૂચિ–5 ની કલમ–5 ના ઉપ–અનુચ્છેદ(1) હેઠળ સત્તાનો ઉપયોગ કરતા રાજ્યપાલ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

### વન અધિકારમાં સુધારા વિશે

- આ સુધારો આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને વન વિસ્તારોની નજીક મકાનો બનાવવા માટે પરવાનગી આપે છે.
- આ નિર્ણયથી અનુસૂચિત જનજાતિઓ અને રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં રહેતા અન્ય પરંપરાગત વનવાસીઓને મોટી રાહત મળે તેવી સંભાવના છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પહેલનો ઉદ્દેશ વન–નિવાસી પરિવારોને તેમના મુળ ગામથી બહાર સ્થળાંતર કરતા અટકાવવાનો છે અને તેમના પડોસની વન ભૂમિમાં ગામડાઓને વિસ્તાર કરીને તેઓને આવાસ ક્ષેત્ર ઉપલબ્ધ કરાવવાનો છે.

## શેખર કપૂર

- પ્રખ્યાત ફિલ્મ નિર્માતા શેખર કપૂરની પૂના સ્થિત 'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા'(FTII) સોસાયટીના અધ્યક્ષ અને સંસ્થાની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- શેખર કપૂર 'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા સોસાયટી'ના વર્તમાન પ્રમુખ બી.પી. સિંઘનું સ્થાન ગ્રહણ કરશે.
- 74 વર્ષીય ફિલ્મ નિર્માતા શેખર કપૂરનો કાર્યકાળ 3 માર્ચ, 2023 સુધી રહેશે.

### શેખર કપુર વિશે

- 6 ડિસેમ્બર, 1945 ના રોજ પાકિસ્તાનના લાહોરમાં જન્મેલા, ફિલ્મ નિર્માતા શેખર કપૂર મુખ્યત્વે એલિઝાબેથ(1998), ડાકુ કવીન(1994) અને ધ ફોર ફેધર્સ(2002) જેવી ફિલ્મ્સ માટે જાણીતા છે.

### ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાskhççf વિશે

- ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના ભારત સરકાર દ્વારા વર્ષ 1960માં પૂનાના પ્રભાત સ્ટુડિયોના પ્રાંગણમાં 'ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા' નામે કરવામાં આવી હતી, જે તે સમયે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયનો એક વિભાગ હતો.
- વર્ષ 1971માં, તેનું નામ બદલીને 'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા' રાખવામાં આવ્યું, જે હવે માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ સ્વાયત સંસ્થા તરીકે કાર્ય કરે છે.

## વિશ્વ હૃદય દિવસ

- હૃદયરોગ, તેના નિવારણ અને તેની વૈશ્વિક અસર વિશે લોકોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી વિશ્વભરમાં 29 સપ્ટેમ્બરના રોજ 'વર્લ્ડ હૃદય દિવસ'નું આયોજન કરવામાં આવે છે.
- વર્લ્ડ હેલ્થ ફેડરેશન (WHF) દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO) સાથે મળીને વર્ષ 1999માં સૌ પ્રથમ 'વર્લ્ડ હેલ્થ ડે'ની સ્થાપના કરવામાં આવી હતી અને વર્ષ 2000માં પ્રથમ વખત આ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડા મુજબ, દર વર્ષે લગભગ 17.9 મિલિયન લોકો હૃદય રોગને કારણે મૃત્યુ પામે છે. આમ, વૈશ્વિક સ્તરે થતા કુલ મૃત્યુમાંથી 31% મૃત્યુ હૃદયરોગને લીધે થાય છે.
- હૃદયરોગ મુખ્યત્વે તમાકુ, બિનઆરોગ્યપ્રદ ખોરાક, શારીરિક પ્રવૃત્તિનો અભાવ અને આલ્કોહોલના અતિશય ઉપયોગના કારણે થાય છે.
- આ દિવસનો મુખ્ય ઉદ્દેશ લોકોને હૃદયરોગને લગતી જાગૃતિ આપવાનો છે, જેથી તમાકુનો ઉપયોગ, અનિચ્છનીય આહાર અને શારીરિક નિષ્ક્રિયતા જેવા જોખમી પરિબળોને નિયંત્રિત કરીને હૃદયરોગના ઓછામાં ઓછા 80% મૃત્યુ અટકાવવાનો છે.

## વિશ્વ હડકવા દિવસ

- હડકવા અને તેના નિવારણ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ વિશ્વ હડકવા/રેબીઝ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ પ્રખ્યાત ફ્રેન્ચ જીવવિજ્ઞાની 'લુઈસ પાશ્ચર'ની પુણ્યતિથિ નિમિત્તે ઉજવવામાં આવે છે, જેમણે પ્રથમ હડકવાની રસી વિકસાવી હતી અને હડકવા નિવારણ માટેનો પાયો નાખ્યો હતો.
- વર્ષ 2020 માટે આ દિવસની થીમ: **'End Rabies: Collaborate, Vaccinate'**
- હડકવા એ એક વાયરલ રોગ છે. આ વાયરસ મોટે ભાગે કૂતરા, બિલાડી, વાંદરા, વગેરે જેવા હડકવા રોગગ્રસ્ત પ્રાણીઓના લાળમાં હાજર હોય છે.
- આંકડા અનુસાર, આશરે 99% માનવ કેસોમાં તેનુ કારણ કૂતરાનુ કરડવુ હોય છે.
- હડકાયેલા પ્રાણીના કરડવાનો અને હડકવાનાં લક્ષણો દેખાવાનો સમયગાળો ચાર દિવસથી લઈને બે વર્ષ અથવા કેટલીક વાર તેનાથી પણ લાંબા સમય સુધી જોઈ શકાય છે. આથી ઘા માંથી વાયરસને ઝડપથી દૂર કરવું જરૂરી હોય છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT